દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 304 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ સુદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 25 December 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
ગુરુવાર, ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
લાડકી પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સરકાર જાગીઃ અરવલ્લીમાં નવા ખાણકામ પર સંપૂર્ણ બંધી

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે બુધવારે રાજ્યોને અરવલ્લી પર્વતમાળામાં નવી ખાણકામ લીઝ આપવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાનો નિર્દેશ આપ્યો છે. પર્યાવરણ અને વન મંત્રાલયે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ ફોરેસ્ટ્રી રિસર્ચ એન્ડ એજ્યુકેશનને અરવલ્લીમાં એવા વધારાના વિસ્તારો ઓળખવા જણાવ્યું છે જ્યાં ખાણકામ પર પ્રતિબંધ મૂકવો જોઈએ.

એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, આ પ્રતિબંધ સમગ્ર અરવલ્લી વિસ્તારમાં સમાન રીતે લાગુ થશે જેનો હેતુ પર્વતમાળાની અખંડતા જાળવી રાખવાનો અને અનિયંત્રિત ખાણકામને અટકાવવાનો છે.

સરકાર અરવલ્લીની ઇકોસિસ્ટમને બચાવવા માટે પ્રતિબદ્ધ છે કારણ કે તે રણીકરણને રોકવા અને જૈવવિવિધતાના રક્ષણ માટે મહત્વની ભૂમિકા ભજવે છે. નવેમ્બર ૨૦૨૫ માં, સુપ્રીમ કોર્ટે અરવલ્લીની પહાડીઓની નવી કાયદેસર વ્યાખ્યા સ્વીકારી હતી, એમ તેમણે જણાવ્યું હતું.

જોકે, કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે આ પગલાથી હજારો નવી ખાણો ખુલશે અને પર્યાવરણને નુકસાન થશે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે સોશિયલ મીડિયા પર પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, મોદી સરકાર અરવલ્લીની વ્યાખ્યા બદલવા માટે આટલી આગ્રહી કેમ છે? આ કોના ફાયદા માટે કરવામાં આવી રહ્યું છે?

તેમણે ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા જેવી વ્યાવસાયિક સંસ્થાઓની ભલામણોની અવગણના કરવા બદલ સરકારની ટીકા કરી હતી.

### અરવલ્લી પર્વતમાળાને લગતા અહેવાલને એફએસઆઈનો રદિયો

આ દરમ્યાન, અરવલ્લી પર્વતમાળાનો અંદાજે ૮.૭થી ૯ ટકા વિસ્તાર જ ૧૦૦ મીટરથી વધુ ઊંચાઇની વ્યાખ્યામાં આવતો હોવાનું કહેતા ફોરેસ્ટ સર્વે ઑફ ઇન્ડિયા (એફએસઆઇ)ના કહેવાતા અભ્યાસને ટાંકીને પ્રસારમાધ્યમમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલને એફએસઆઇ દ્વારા રદિયો અપાયો હતો.

અમુક પ્રસારમાધ્યમમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલ મુજબ અરવલ્લી પર્વતમાળાનો અંદાજે નવ ટકા જ વિસ્તાર ૧૦૦ મીટરથી વધુ ઊંચાઇવાળો છે અને તેથી સર્વોચ્ચ અદાલતના ૨૦ નવેમ્બરના સંબંધિત આદેશને કારણે બાકીની આશરે ૯૧ ટકા જેટલી પર્વતમાળાને 'રક્ષણ' નહિ મળે.

ફોરેસ્ટ સર્વે ઑફ ઇન્ડિયાએ 'એક્સ' પરની પોસ્ટમાં સ્પષ્ટતા કરી હતી કે અમે અરવલ્લી પર્વતમાળાને લગતું સંબંધિત સર્વેક્ષણ હાથ નથી ધર્યું અને પ્રસારમાધ્યમમાં પ્રસિદ્ધ થયેલા સંબંધિત દાવાને સમર્થન પણ નથી આપ્યું.

સર્વોચ્ચ અદાલતે અરવલ્લી પર્વતમાળા વિસ્તારમાં ખનન અને પર્યાવરણની સુરક્ષાના સંદર્ભે ૨૦ નવેમ્બરે ચુકાદો આપ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે પર્યાવરણ, વન અને ક્લાઇમેટ ચેન્જ મંત્રાલય હેઠળની ઉચ્ચ સમિતિએ કરેલી ભલામણ સ્વીકારી હતી.

નવી વ્યાખ્યા મુજબ ૧૦૦ મીટરથી વધુ ઊંચાઇના અને ૫૦૦ મીટરની અંદરનું અંતર ધરાવતા પર્વતીય વિસ્તારને જ અરવલ્લી પર્વતમાળાનો ભાગ ગણવામાં આવશે.

સર્વોચ્ચ અદાલતના સંબંધિત ચુકાદાને પગલે અરવલ્લી પર્વતમાળા બચાવવા અનેક રાજ્યમાં આંદોલન શરૂ થયું હતું. (એજન્સી)

## બીએમસી ચૂંટણી માટે ઉદ્ધવ-રાજ ભેગા થયા

**પરાજયના ભયે ૨૦ વર્ષે ઠાકરે ભાઇઓ ભેગા થયાઃ હાલ મુંબઈ સુધરાઈ પૂરતું જ જોડાણઃ બાકીની પાલિકાઓ માટે મંત્રણા ચાલી રહી છેઃ મુંબઈનો મેયર મરાઠી જ બનશે અને તે અમારી યુતિનો જ હશે એવો રાજનો હુંકાર**



### પરાજયના ભયે ૨૦ વર્ષે ઠાકરે બાઈઓ ભેગા થયાઃ હાલ મુંબઈ સુધરાઈ પૂરતું જ જોડાણઃ બાકીની પાલિકાઓ માટે મંત્રણા ચાલી રહી છેઃ મુંબઈનો મેયર મરાઠી જ બનશે અને તે અમારી યુતિનો જ હશે એવો રાજનો હુંકાર

મુંબઈઃ ઉદ્ધવ ઠાકરેની શિવસેના અને રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)એ ૧૫ જાન્યુઆરીએ યોજાનારી બૃહન્મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે યુતિની બુધવારે જાહેરાત કરી હતી.

ઠાકરે ભાઇઓ વીસ વર્ષે સાથે આવ્યા છે. અત્યારે મુંબઈ સુધરાઇની ચૂંટણી માટે જ આ જોડાણ છે અને બાકીની પાલિકાઓ માટે હજી મંત્રણા ચાલી રહી છે.

દરમિયાન, ભાજપે ઠાકરેબંધુઓની યુતિ અંગે ટિપ્પણી કરતા જણાવ્યું હતું કે બૃહન્મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં પરાજય થવાના ભયને કારણે ઠાકરેબંધુઓએ યુતિ કરી છે. મુંબઈના લોકો ઇચ્છે છે કે ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ મહાનગરપાલિકામાં સત્તા પર આવે અને શહેરનો વિકાસ ઝડપી કરે.

રાજ અને ઉદ્ધવ ઠાકરેએ મુંબઈમાં સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે અમારા પક્ષોએ 'મરાઠી માણૂસ' અને મહારાષ્ટ્રના હિતાર્થે યુતિ કરી છે.

ઉદ્ધવે જણાવ્યું હતું કે અમારા દાદા પ્રબોધન ઠાકરે સમાજ સુધારક અને લેખક હતા. તેમણે સંયુક્ત મહારાષ્ટ્રની ચળવળમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. તેવી જ રીતે મારા પિતા બાળ ઠાકરે અને કાકા શ્રીકાંતે પણ મુંબઈને મહારાષ્ટ્રમાં જ રાખવા કાર્ય કર્યું હતું.

રાજ ઠાકરેએ જણાવ્યું હતું કે મુંબઈના મેયર મરાઠી જ બનશે અને તે અમારી યુતિનો જ હશે.

ઉદ્ધવે જણાવ્યું હતું કે અમારા બન્ને રાજકીય પક્ષે ૧૫ જાન્યુઆરીએ જ યોજાનારી નાશિક મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે બેઠકોની વહેંચણી કરી લીધી છે અને અન્ય નગરપાલિકા માટેની બેઠકો માટે સમજૂતી કરીશું.

મુંબઈ અને રાજ્યની અન્ય ૨૭ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પણ ૧૫ જાન્યુઆરીએ જ યોજાવાની છે.

ઠાકરેબંધુઓની સંયુક્ત પત્રકાર પરિષદ માત્ર ૧૬ મિનિટ ચાલી હતી, પરંતુ તેઓએ બૃહન્મુંબઈ મહાનગરપાલિકાના ૨૨૭ વૉર્ડમાંની બેઠકોની વહેંચણી અંગે કોઇ ખુલાસો નહોતો કર્યો.

આદિત્ય ઠાકરેના મતવિસ્તાર વરલીમાંની લક્ઝરી હૉટેલમાં આ સંયુક્ત પત્રકાર પરિષદ યોજાઇ હતી.

રાજ અને ઉદ્ધવે પત્રકાર પરિષદમાં આવતા પહેલાં શિવાજી પાર્કમાંના બાળ ઠાકરેના સ્મારક ખાતે શ્રદ્ધાંજલિ આપી હતી. (એજન્સી)

## 'બાહુબલી' રોકેટે ૬,૧૦૦ કિલોના અમેરિકી ઉપગ્રહને ભ્રમણકક્ષામાં મૂક્યો

### સંદેશવ્યવહાર માટેના સેટેલાઇટથી મોબાઇલને સીધી કનેક્ટિવિટી મળશે



શ્રીહરિકોટા (આંધ્ર પ્રદેશ): ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન (ઇસરો)ના સૌથી ભારે રોકેટ એલવીએમથ્રી-એમસિક્સ દ્વારા અમેરિકાના સંદેશવ્યવહાર માટેના ૬,૧૦૦ કિલોગ્રામના ઉપગ્રહ 'બ્લુબર્ડ બ્લૉક-ટૂ'ને બુધવારે ભ્રમણકક્ષામાં મુકાયો હતો.

લૉ અર્થ ઓર્બિટ મિશનના ભાગરૂપ આ ઉપગ્રહની મદદથી મોબાઇલને સીધી કનેક્ટિવિટી (જોડાણ) પૂરી પડાશે અને તેથી ફોર-જી અને ફાઇવ-જી વૉઇસ અને વીડિયો કૉલ્સ, ટેક્સ્ટ્સ, સ્ટ્રીમિંગ અને ડેટાની સુવિધા દરેકને બધી જગ્યાએ પૂરી પાડી શકાશે.

ઇસરો દ્વારા ભારતની ધરતી પરથી અવકાશમાં છોડાયેલો આ સૌથી વધુ વજનવાળો ઉપગ્રહ છે.

રોકેટ એલવીએમથ્રી-એમસિક્સ દ્વારા ન્યૂસ્પેસ ઇન્ડિયા લિમિટેડ (એનએસઆઇએલ) અને અમેરિકાના એએસટી સ્પેસમોબાઇલ (એએસટી ઍન્ડ સાયન્સ, એલએલસી) વચ્ચેના વેપારી કરારના ભાગરૂપે આ ઉપગ્રહ ભ્રમણકક્ષામાં મુકાયો હતો.ન્યૂસ્પેસ ઇન્ડિયા લિમિટેડ એ ઇસરોની વેપારી શાખા છે.

બુધવારે સવારે ૮.૫૫ વાગ્યે ૪૩ મીટર ઊંચું રોકેટ ભારે ઉપગ્રહ લઇને અંતરિક્ષ ભણી રવાના થયું હતું. અગાઉ, તેના માટેની ઊલટી ગણતરી ૨૪ કલાક પહેલાં શરૂ કરાઇ હતી.

ઉડ્ડયનની અંદાજે ૧૫ મિનિટમાં જ લૉન્ચ વેહિકલથી સ્પેસક્રાફ્ટ અલગ કરાયું હતું અને બાદમાં તેને સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં મુકાયું હતું. આ સિદ્ધિને અહીંના મિશન કન્ટ્રોલ સેન્ટર ખાતે હાજર બધાએ વધાવી લીધી હતી.

ઇસરોના અધ્યક્ષ વી. નારાયણને જણાવ્યું હતું કે રોકેટ એલવીએમથ્રી-એમસિક્સ દ્વારા ઉપગ્રહ 'બ્લુબર્ડ બ્લૉક-ટૂ'ને સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં મુકાયો હતો. હું ન્યૂસ્પેસ ઇન્ડિયા લિમિટેડ અને એએસટી સ્પેસમોબાઇલને આ સિદ્ધિ બદલ અભિનંદન આપું છું.

ઉપગ્રહ 'બ્લુબર્ડ બ્લૉક-ટૂ'ને ૫૧૮ કિલોમીટરની ગોળાકાર ભ્રમણકક્ષામાં મુકાયો હતો. આ ભ્રમણકક્ષા વધારીને ૫૨૦ કિલોમીટરની ઊંચાઇની કરાશે.

રોકેટ એલવીએમથ્રીની સફળતાનો દર ૧૦૦ ટકાનો છે.ઉપગ્રહ 'બ્લુબર્ડ બ્લૉક-ટૂ' ૬,૧૦૦ કિલોગ્રામનો છે અને તે ભારતની ધરતી પરથી ભ્રમણકક્ષામાં મુકાયેલો સૌથી વધુ વજનદાર ઉપગ્રહ છે. અગાઉ, ઇસરોએ રોકેટ એલવીએમથ્રી-એમફાઇવની મદદથી અંદાજે ૪,૪૦૦ કિલોગ્રામનો ઉપગ્રહ ભ્રમણકક્ષામાં મૂક્યો હતો. (એજન્સી)



**સૅન્ટા આવ્યો, સોગાદો લાવ્યોઃ** રાજસ્થાનના બિકાનેરમાં બુધવારે સૅન્ટા ક્લૉઝના પહેરવેશમાંની એક વ્યક્તિએ બાળકોને ભેટસોગાદો આપી હતી. (એજન્સી)

## ઉન્નાવના બળાત્કારીને જામીન મારા માટે કાળરૂપ નિર્ણયઃ રેપ-પીડિતા

### રાહુલ અને સોનિયા મળ્યા પીડિતાનેઃ આપણે મૃત સમાજમાં ફેરવાઈ રહ્યા છે એવું રાહુલે કહ્યું

નવી દિલ્હીઃ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બુધવારે અહીં ઉન્નાવ બળાત્કાર પીડિતા સાથે મુલાકાત કરી હતી. દોષિત કુલદીપ સિંહ સેંગરને મળેલા જામીન સામે અવાજ ઉઠાવવા બદલ પીડિતા સાથે થયેલા કથિત ગેરવર્તન બાદ ગાંધીએ કહ્યું કે, ભારત માત્ર એક મૃત અર્થતંત્ર જ નહીં, પરંતુ એક મૃત સમાજ પણ બની રહ્યું છે.

ઉન્નાવ બળાત્કાર પીડિતાએ બુધવારે દિલ્હી હાઇકોર્ટના ભાજપે હાંકી કાઢેલા સેંગરની જેલની સજા સ્થગિત કરવાના નિર્ણયને તેના પરિવાર માટે 'કાળ' (મૃત્યુ) ગણાવ્યો હતો. તેમજ તેણી આ આદેશ સામે સુપ્રીમ કોર્ટમાં જશે એમ કહ્યું હતું. બળાત્કાર પીડિતા અને તેની માતાએ સેંગરને જામીન આપવાના નિર્ણય સામે અહીં મંડી હાઉસ પાસે વિરોધ પ્રદર્શન કર્યું હતું. જ્યારે ૨૦૧૭માં અપરાધી સેંગરે પીડિતાનું અપહરણ અને દુષ્કર્મ આચર્યું ત્યારે તેણી સગીર હતી.

દિલ્હીની હાઈ કોર્ટના ભાજપના બરતરફ કરેલા નેતા કુલદીપ સિંહ સેંગરની ૨૦૧૭ ઉન્નાવ બળાત્કાર કેસમાં જેલની સજા સ્થગિત કરવાના હુકમને પીડિતાએ સુપ્રીમ કોર્ટમાં પડકારવાનું જાહેર કર્યું છે. પીડિતાએ કહ્યું હતું કે સેનેગર તેના કુટુંબ માટે કાળ જેવો છે. દિલ્હી હાઈ કોર્ટે મંગળવારે કેસમાં આજીવન કેદ ભોગવી રહેલા સેંગરની સજાને સ્થગિત કરી હતી. ટ્રાયલ કોર્ટે ડિસેમ્બર ૨૦૧૯માં કરેલી સજા સામેની અપીલનો નિકાલ ન આવે ત્યાં સુધી સજાને સ્થગિત કરીને જામીન આપ્યા હતા. હાઈ કોર્ટે તેના હુકમમાં સેંગરને પીડિતાના નિવાસસ્થાનની પાંચ કિલોમીટરની ત્રિજ્યાની અંદર ન આવવાનો આદેશ આપ્યો હતો. હાઈ કોર્ટે કહ્યું હતું કે શરતોનો ભંગ થશે તો જામીન આપોઆપ રદ થઈ જશે.

દિલ્હી હાઈકોર્ટ દ્વારા ભાજપના પૂર્વ નેતા સેંગરને જામીન આપવા સામે પીડિતાએ દિલ્હીમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું, ત્યારબાદ રાહુલ ગાંધી તેને સોનિયા ગાંધીના નિવાસસ્થાન ૧૦, જનપથ ખાતે મળ્યા હતા. પીડિતા અને તેની માતાએ રાહુલ ગાંધી પાસે સુપ્રીમ કોર્ટમાં કેસ લડવા માટે શ્રેષ્ઠ વકીલની મદદ માંગી હતી, જેની ખાતરી લોકસભાના વિપક્ષી નેતાએ આપી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, પીડિતાએ રાહુલ ગાંધીને વિનંતી કરી હતી કે તેને અને તેના પરિવારને કોઈ કોંગ્રેસ શાસિત રાજ્યમાં સ્થળાંતર કરવામાં મદદ કરવામાં આવે, કારણ કે તેમને તેમની સુરક્ષા અંગે ડર છે. પીડિતાના પતિએ પણ નોકરી માટે વિનંતી કરી હતી, જેના પર ગાંધીએ યોગ્ય તપાસ કરવાની ખાતરી આપી હતી.

પીડિતાએ પત્રકારોને જણાવ્યું કે, મેં ન્યાયની માગ કરી છે. હું વડાપ્રધાનને મળવા માગતી હતી. રાહુલજીએ મારા સંઘર્ષની પ્રશંસા કરી છે, પરંતુ સરકારમાંથી અત્યાર સુધી કોઈ અમને મળવા આવ્યું નથી.

રાહુલ ગાંધીએ જણાવ્યું કે બળાત્કાર પીડિતા દિલ્હીમાં હાઇકોર્ટ દ્વારા આરોપી કુલદીપ સિંહ સેંગરને આપવામાં આવેલા જામીનનો વિરોધ કરી રહી હતી. તેણી અન્યાય અને ડરનો ભોગ બનવાને બદલે તેની સાથે આદરપૂર્વકનું વર્તન થવું જોઇએ. તેને ન્યાય મળવો જોઇએ.

લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ એક્સ પર જણાવ્યું કે શું ગેંગરેપ પીડિતા સાથે આ પ્રકારનો વ્યવહાર વાજબી છે? શું એ તેનો દોષ છે કે ન્યાય માટે અવાજ ઉઠાવવાની હિંમત ધરાવે છે? તેના ગુનેગાર(ભૂતપૂર્વ ભાજપ ધારાસભ્ય સેંગર)ને જામીન મળી ગયા છે. જે ખૂબ જ નિરાશાજનક અને શરમજનક છે. ખાસ કરીને જ્યારે પીડિતાને વારંવાર હેરાન કરવામાં આવી રહી છે અને તે ભયના ઓથાર હેઠળ જીવી રહી છે.

તેમણે કહ્યું કે બળાત્કારીઓને જામીન અને પીડિતો સાથે ગુનેગારો જેવું વર્તન- આ તે કેવો ન્યાય છે? આપણે માત્ર એક મૃત અર્થતંત્ર જ નથી બની રહ્યા- આવી અમાનવીય ઘટનાઓથી આપણે એક મૃત સમાજ પણ બની રહ્યા છીએ. ગાંધીએ વધુમાં કહ્યું કે લોકશાહીમાં અસહમતિનો અવાજ ઉઠાવવો એ અધિકાર છે અને તેને દબાવવો એ ગુનો છે. પીડિતાને આદર, સુરક્ષા અને ન્યાય મળવા જોઇએ- લાચારી, ભય અને અન્યાય નહીં.

## એચ-વનબી વિઝા માટે લોટરી સિસ્ટમ રદ કરાઈ

વૉશિંગ્ટનઃ ડોનલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર એચ-વનબી વિઝા અંગે ધરખમ ફેરફારો કરી રહ્યા છે. ગ્રીન કાર્ડ માટે લોટરી સિસ્ટમ બંધ કર્યા બાદ એચ-વનબી વર્ક વિઝા માટે લાંબા સમયથી ચાલતી લોટરી સિસ્ટમને સમાપ્ત કરવામાં આવી છે. લોટરી સિસ્ટમને બદલે સ્કિલ્ડ, ઉચ્ચ પગાર ધરાવતા વિદેશી વર્કર્સને વિઝા માટે પ્રાથમિકતા આપતી સિસ્ટમ લાગુ કરવામાં આવશે. આ ફેરફારને કારણે ભારતના નવા ટેક પ્રોફેશનલ્સને યુએસના વર્ક વિઝા મેળવવાનું વધુ મુશ્કેલ બની શકે છે.

ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીના જણાવ્યા અનુસાર, નવી સિસ્ટમ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ થી લાગુ થશે, જે હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૭ની શરૂઆત બાદ વાર્ષિક ધોરણે અંદાજે ૮૫,૦૦૦ એચ-વનબી વિઝા ફાળવશે.

નિષ્ણાતોના જણવ્યા મુજબ ભારત અને ચીન જેવા દેશોના વર્કર્સ ઓછા પગાર પર અમેરિકાસ્થિત કંપનીઓ માટે કામ કરવા તૈયાર થતાં હતાં, જેને કારણે યુએસ કંપનીઓ વિદેશી વર્કર્સને નોકરી પર રાખવાને પ્રાથમિકતા આપતી હતી.

ટ્રમ્પ વહીવટીતંત્રના જણાવ્યા મુજબ સમય સાથે યુએસની ટેક કંપનીઓમાં ભારત અને ચીનના વર્કર્સની સંખ્યા ખુબ વધી ગઈ છે અને યુએસના લોકોની રોજગારી છીનવાઈ રહી છે. હવે ટ્રમ્પ વહીવટીતંત્ર તેની 'અમેરિકા ફર્સ્ટ' નીતિ હેઠળ સ્થાનિક વર્કર્સને પ્રાથમિકતા આપવાનો પ્રયાસ કરી રહ્યું છે.

યુએસ સિટિઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસીસના જણાવ્યા મુજબ, યુએસના એમ્પ્લોયર્સ એચ-વનબી વિઝા માટેની હાલની રેન્ડમ સિલેકશન પ્રોસેસનો દુરુપયોગ કરી રહ્યા છે. તેઓ અમેરિકન વર્કર્સને ચૂકવવા પડે તેના કરતા ઓછા વેતન પર વિદેશી વર્કર્સને નોકરી પર રાખી રહ્યા છે.નવા નિયમોની જાહેરાત સાથે પ્રેસ રિલીઝમાં એમ પણ જણાવવામાં આવ્યું કે નવા દરેક એચ-વનબી વિઝા માટે એમ્પ્લોયર્સને ૧,૦૦,૦૦૦ ચૂકવવાની અગાઉની જાહેરાત લાગુ રહેશે. નોંધનીય છે કે તાજેતરમાં રોડ્સ આઇલેન્ડ રાજ્યમાં આવેલી બ્રાઉન યુનિવર્સિટીમાં થયેલી શૂટિંગની ઘટનામાં બે વિદ્યાર્થીઓના મોત નીપજ્યા હતાં અને મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાં થયેલા ગોળીબારમાં એક પ્રોફેસરનું મોત થયું હતું.

## વિજય હઝારે ટ્રોફીમાં બિહારનું વાવાઝોડુંઃ ૫૦ ઓવરમાં ૫૭૪ રનનો વર્લ્ડ રેકૉર્ડ

### ૧૪ વર્ષનો વૈભવ સૂર્યવંશી લિસ્ટ-એ ક્રિકેટનો સૌથી યુવાન સેન્ચુરિયન બન્યો, ૧૫ છગ્ગા અને ૧૬ ચોક્કા ફટકાર્યા

રાંચીઃ વિજય હઝારે ટ્રોફી ૨૦૨૫-૨૬ વન-ડે ટૂર્નામેન્ટની શરૂઆત ધમાકેદાર રહી છે જેમાં બુધવારે રાંચીના જેએસસીએ ઓવલ ગ્રાઉન્ડ પર અરુણાચલ પ્રદેશ સામેની મૅચમાં પહેલા બૅટિંગ કરતા બિહારની ટીમે ૬ વિકેટ ગુમાવીને ૫૭૪ રનનો વિશાળકાય સ્કોર ખડક્યો હતો અને એ સાથે બિહારની ટીમે લિસ્ટ-એ વન-ડે મેચમાં સૌથી વધુ ટીમ ટોટલનો નવો વર્લ્ડ રેકોર્ડ રચ્યો હતો. બિહાર તરફથી ત્રણ ખેલાડીઓએ સદી ફટકારી હતી જેમાં ૧૪ વર્ષના વૈભવ સૂર્યવંશી (૧૯૦ રન, ૮૪ બૉલ, પંદર સિક્સર, સોળ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. તે વિશ્વભરની લિસ્ટ-એ ક્રિકેટનો સૌથી યુવાન સેન્ચુરિયન બન્યો છે.

લિસ્ટ-એ મૅચ ડોમેસ્ટિક ક્રિકેટની સર્વોત્તમ વન-ડે ટૂર્નામેન્ટ ગણાય છે. આ ડોમેસ્ટિક વન-ડે મેચમાં સૌથી વધુ ટીમ ટોટલનો રેકોર્ડ અગાઉ તમિળનાડુની ટીમના નામે હતો. વર્ષ ૨૦૨૨ની વિજય હઝારે ટ્રોફીમાં તમિળનાડુએ અરુણાચલ સામે ૨ વિકેટ ગુમાવીને ૫૦ ઓવરમાં ૫૦૬ રન બનાવ્યા હતાં, હવે બિહારે ૫૭૪ રન બનાવીને એ વર્લ્ડ રેકોર્ડ તોડ્યો છે. બિહારના ૬/૫૭૪ના સ્કોરના જવાબમાં અરુણાચલ પ્રદેશની ટીમ ૪૨.૧ ઓવરમાં બનેલા ૧૭૭ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી અને બિહારનો ૩૯૭ રનથી વિજય થયો હતો.



## અતિથિ કટાર

**પૃથ્વીરાજ ચવાણ**
મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન, કૉંગ્રેસના અગ્રણી નેતા

# ઈન્ડિગોઃ ઈજારાશાહીએ ઉડ્ડયનક્ષેત્રની પાંખો કાપી

**દેશના** મુલકી ઉડ્ડયન ક્ષેત્રના નિયામક ડીજીસીએએ ૨૦૨૪ના જાન્યુઆરીમાં નવા એફડીટીએલ (ફ્લાઇટ ડ્યૂટી ટાઇમ લિમિટેશન્સ) રુલ્સની દરખાસ્ત સૌપ્રથમ વખત રજૂ કરી હતી. તેનો હેતુ વિમાનના પ્રવાસીઓની સલામતીને ધ્યાનમાં રાખીને પાઇલટ્સને પૂરતો આરામ આપવાનો હતો. ઇન્ડિગોએ આ નવા કાયદાની અવગણના કરી હતી અને નવી ભરતી કે નવા પાઇલટ્સની તાલીમ આપવા માટે કોઇ પગલાં નહોતા લીધા અને તેના (કાયદાનો ભંગ કરવા) માટે રાજકીય વગનો દુરુપયોગ કરાયો હોવાનું કહેવાય છે. તેણે સુરક્ષાને લગતા નવા નિયમનું પાલન નહોતું કર્યું. પાઇલટ્સ દ્વારા કરાતી સંબંધિત ફરિયાદની અવગણના કરાઇ હતી અને ઇજારાશાહીનો દુરુપયોગ કરાયો હતો. પાઇલટ્સે અનેક અદાલતોમાં કેસ કર્યા હતા. આમ છતાં, ડીજીસીએ દ્વારા ઇન્ડિગોની તરફેણમાં કાયદાના અમલમાંની છૂટછાટ આપવાનું ચાલુ રખાયું હતું. ઇન્ડિગો માટે નવા કાયદાનો અમલ અનેક વખત મુલતવી રખાયો હતો. આખરે ડીજીસીએ દ્વારા અદાલતના આદેશ મુજબ એફડીટીએલ રુલ્સનો અમલ બે તબક્કામાં ૨૦૨૫ની પહેલી જુલાઇ અને પહેલી નવેમ્બરથી કરવાનો નિર્ણય લેવાયો હતો. ઇન્ડિગો નવા કાયદાને અપનાવવા સરખી તૈયાર ન હોવાથી તેના પરિણામ દેખાવાના ચાલુ થયા. ઇન્ડિગોનું શેડ્યૂલ પડી ભાંગ્યું અને ૨૦૨૫ની પાંચ ડિસેમ્બરે ઇન્ડિગોની ૧,૦૦૦થી વધુ ફ્લાઇટ રદ કરાઇ. ભારતીય વિમાનમથકોએ હજારો મુસાફરો રઝળી પડ્યા.

દેશના મુલકી ઉડ્ડયન ક્ષેત્રની માર્કેટ ઉપર ૬૪ ટકા કબજો હાલમાં ઇન્ડિગોનો છે, જ્યારે ૨૮ ટકાથી ઓછો હિસ્સો ટાટા (ઍર ઇન્ડિયા)નો છે. દેશમાં ૨૦૨૪માં ૩.૫ કરોડ વાર્ષિક મુસાફર હતા અને સાત ઍરલાઇન્સ હતી. ચાલુ વર્ષે વિમાનના પ્રવાસીઓની સંખ્યા વધીને અંદાજે ૨૧ કરોડ થઇ હતી અને માર્કેટ પર આશરે ૯૦ ટકા હિસ્સો માત્ર બે ઍરલાઇન્સનો હતો. આ ઇજારાશાહીનો દુરુપયોગ અને નિયામક પરની વગનું ઉત્તમ દૃષ્ટાંત છે, જેમાં નિયામક 'જનતાના હિત'ને બદલે 'ખાનગી નફા'ને પ્રાધાન્ય આપે છે.

મુલકી ઉડ્ડયન ક્ષેત્રની આંતરરાષ્ટ્રીય વિકસિત બજારોમાં ઍરલાઇનની પડતીનો કેવો અનુભવ થાય છે? તેના દાખલા માટે આપણે બહુ વર્ષો પહેલાનું ઉદાહરણ જોવાની જરૂર નહિ પડે. અમેરિકામાં ૨૦૨૨ના ડિસેમ્બરમાં સાઉથવેસ્ટ ઍરલાઇનની કટોકટી ઊભી થઇ હતી અને તે સારું દૃષ્ટાંત ગણી શકાય. અમેરિકાના ઍવિયેશન માર્કેટમાં સાઉથવેસ્ટ સહિતની ચાર મોટી ઍરલાઇન હતી અને તે દરેકનો હિસ્સો અંદાજે ૧૮ ટકા હતો. સાઉથવેસ્ટ ઍરલાઇનની કટોકટી ૨૦૨૨ની ૨૧ ડિસેમ્બરે શરૂ થઇ હતી. તે વખતે શિયાળામાં બરફના તોફાનને લીધે પશ્ચિમ અને મધ્ય અમેરિકામાં મોટા ભાગના વિસ્તારને માઠી અસર થઇ હતી. તેના થોડા દિવસ પછી સાઉથવેસ્ટની અસંખ્ય ફ્લાઇટ રદ કરવી પડી હતી. અઠવાડિયામાં અંદાજે ૧૬,૦૦૦ ફ્લાઇટ રદ કરાઇ હતી. અમેરિકાના મુલકી ઉડ્ડયન ક્ષેત્રના ઇતિહાસમાં આ સૌથી મોટી કટોકટી હતી. આશરે ૨૦ લાખ મુસાફર રઝળી પડ્યા હતા. બરફના તોફાન અને સંબંધિત વિવિધ સંજોગને કારણે સાઉથવેસ્ટની પડતી શરૂ થઇ હતી. સાઉથવેસ્ટે ફ્લાઇટ્સના મેનેજમેન્ટ માટે જૂની અને અયોગ્ય સિસ્ટમ ચાલુ રાખી હતી. તે સમસ્યાને હાથ ધરવામાં નિષ્ફળ ગઇ હતી. પાઇલટ્સ યુનિયન દ્વારા અપાયેલી ચેતવણીની અવગણના કરાઇ હતી. સેનેટની સમિતિએ આ કટોકટીની તપાસ હાથ ધરી હતી. તેણે એક વર્ષ તપાસ કર્યા બાદ ૨૦૨૩ના ડિસેમ્બરમાં અમેરિકાના પરિવહન વિભાગે સાઉથવેસ્ટને ૧૪ કરોડ ડૉલરનો દંડ કર્યો હતો. ગ્રાહકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને અમેરિકાની ઍરલાઇનને થયેલો આ સૌથી મોટી રકમનો દંડ હતો. તેણે આ દંડ ઉપરાંત મુસાફરોને આશરે ૬૦ કરોડ ડૉલરથી વધારાનું વળતર ચૂકવવું પડ્યું હતું. આ ઍરલાઇન્સે સીધી કે આડકતરી રીતે એક અબજ ડૉલરથી વધુની રકમ ખર્ચવી પડી હતી. બાદમાં, સાઉથવેસ્ટે ૨૦૨૫ના પ્રારંભમાં પોતાની સિસ્ટમ્સ સુધારી હતી અને સમયબદ્ધ કામગીરી શરૂ કરી હતી તેમ જ ફરી પ્રવાસીઓની વિશ્વસનીયતા પ્રાપ્ત કરવા દરેક પ્રયાસ હાથ ધર્યા હતા. અમેરિકામાં સાઉથવેસ્ટ ઍરલાઇનની ૨૦૨૨ની કટોકટી, ખરાબ હવામાન અને નબળી શેડ્યુલિંગ સિસ્ટમ આખા દેશના મુલકી ઉડ્ડયન ક્ષેત્રે કેવી કટોકટી ઊભી કરી શકે છે, તેનું ઉત્તમ ઉદાહરણ ગણી શકાય.

ઇન્ડિગોની પડતી અને તેની કટોકટીના સંબંધમાં હવે શું કરી શકાય? સમસ્યાના સર્જન માટે 'જવાબદારી' નક્કી થવી જોઇએ. અસરગ્રસ્ત મુસાફરો ઇચ્છે છે કે જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરાય અને તેઓને હોદ્દા પરથી દૂર કરાય.

સૌપ્રથમ તો મુલકી ઉડ્ડયન પ્રધાન નાયડુને રાજીનામું આપવાની ફરજ પાડવી જોઇએ. તેમણે જ મુસાફરોની સલામતીની અવગણના કરીને સુરક્ષાને લગતા નવા નિયમના અમલમાં વિલંબ થવા દીધો હતો. તેમને આ કટોકટી માટે જવાબદાર ગણવા જોઇએ અને તેમણે પણ પોતાની સંબંધિત જવાબદારી સ્વીકારવી જોઇએ. બીજું, ડિરેક્ટર જનરલ સિવિલ એવિયેશન અને ડીજીસીએના ઉચ્ચ અધિકારીઓને હોદ્દા પરથી દૂર કરવા જોઇએ.

ત્રીજું, ઇન્ડિગોના સીઇઓ પીટર એલ્બર્સને પાણીચું આપો. ઇન્ડિગોના કામકાજમાંની નિષ્ફળતા બદલ તેઓ સીધા જવાબદાર ગણાય. ઇન્ડિગોના પ્રમોટર સિવાયના બધાએ આ કટોકટી માટે માફી માગી હતી.

ડીજીસીએ દ્વારા આ કિસ્સામાં તપાસ કરાવવી જોઇએ અને તેનો અહેવાલ ૧૫ દિવસમાં જ સુપરત થવો જોઇએ.

ફ્લાઈટ કેન્સલને લીધે અસરગ્રસ્ત પેસેન્જર માટે વળતર ભંડોળ ઊભું કરવા ઈન્ડિગો પર નાણાકીય પેનલ્ટી ઠોકો. કોમ્પિટિશન એક્ટની ૨૭મી કલમ સરકારને કંપનીના ટર્નઓવર પર ૧૦ ટકા પેનલ્ટી લાદવાની સત્તા આપે છે. ભારતમાં ઈજારાશાહીનું દૂષણ અટકાવવા સરકાર પાસે આ મજબૂત ઓજાર છે.

ઈન્ડિગોના સ્લોટ બીજી ઍરલાઈનને આપો. ઈન્ડિગો (ઈન્ટરગ્લોબ એવિયેશન)ની રાજકીય કડીની તપાસ કરવા કંપનીએ કરેલા રાજકી પક્ષોને અને મુખ્યત્વે ભાજપને આપેલા ૫૮ કરોડ રૂપિયાના રાજકીય ડોનેશનની તપાસ કરવા જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી (જેપીસી)ની રચના કરો. શું આ ડોનેશનને લીધે ઈન્ડિગોએ ડીજીસીએના એફડીટીએલ સલામતી નિયમોની ઉપેક્ષા કરીને નવા પાઈલટને લેવાનું મોકૂફ રાખ્યું હતું જેથી પેસન્જરની સલામતી સામે જોખમ ઊભું થયું હતું.

આમાં સવાલ એ છે કે હવાઈ ભાડા પર નિયંત્રણ રાખવુ જોઈએકે નહીં. ૩૧ ઑગસ્ટ ૨૦૨૨એ તત્કાલીન નાગરિક ઉડ્ડયન પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિયાએ હવાઈ ભાડા પરના અંકુશો ઉઠાવી લીધા હતા અને આને લીધે ઍરલાઈનને બેફામ ચાર્જ લેવાની છૂટ મળી હતી. ઓડિશાના ટ્રેન એક્સિડન્ટ પછી ઍરલાઈને ચેન્નઈ-ભુવનેશ્વર ટિકિટના એક લાખ રૂપિયા લીધા હોવાના અહેવાલ છે. ઈન્ડિગોની કટોકટી પછી સરકારે પાંચ ડિસેમ્બરે હવાઈભાડા પરના અંકુશો ફરી લાદ્યા હતા. અનેક વિકાસશીલ દેશો ભાડા પર અંકુશ રાખે છે. જોકે નાગરિક ઉડ્ડયન ખાતાએ ગયા અઠવાડિયે સંસદમાં માહિતી આપી હતી કે હવાઈભાડા પર કાયમી અંકુશો એ વ્યવહારુ નથી. કોઈ પણ વ્યક્તિને ગળે આ દલીલ ઉતરે એવી નથી. ઈજારાશાહીની સ્થિતિમાં ભાડા પર અંકુશ હોવો જોઈએ અથવા પ્રાઈઝ બેન્ડ હોવો જોઈએ. સરકારે શા માટે હવાઈભાડા પરના અંકુશો ઉઠાવી લીધા અને એરલાઈન્સને પેસેન્જરને લૂંટવાની છૂટ આપી? સંયુક્ત સંસદીય સમિતિએ આની તપાસ કરવી જોઈએ.

માર્ચ ૨૦૨૫માં નાગરિક ઉડ્ડયન પ્રધાન નાયડુએ કહ્યું હતું કે ભારતને આગામી ૧૫ વર્ષમાં ૩૦,૦૦૦ નવા પાઈલટની જરૂર છે. ૨૫ નવેમ્બર ૨૦૨૫એ અદાણી ગ્રૂપ કંપનીએ ફ્લાઈટ સિમ્યુલેશન ટ્રેનિંગ સેન્ટરનો મેજોરિટી સ્ટેક પ્રાપ્ત કર્યો હતો. આનાથી અદાણીને ભારતની પાઈલટ ટ્રેનિંગ સિસ્ટમ પર મહત્ત્વનો અંકુશ જમાવવાની તક મળી હતી. તેના પાંચ દિવસ બાદ આપણે ઈન્ડિગોની કટોકટી જોઈ. સંસદી સમિતિએ આ કનેકશનની તપાસ કરવી જોઈએ.

ભારતીય એવિયેશન સેક્ટર પરનું નિયમન સુધારવું પડશે. હાલની ડીજીસીએને રદ કરીને આમ કરી શકાય. યુએસ ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશનની જેમ આપણે સંસદમાં કાયદો ઘડીને સ્વાયત્ત સિવિલ એવિયેશન ઓથોરિટીની રચના કરવી જોઈએ. આમાં ડીજીસીએ, એરપોર્ટ ઓથોરિટી ઑફ ઈન્ડિયા, બ્યૂરો ઑફ સિવિલ એવિએશન સિક્યોરિટી, એરપોર્ટ ઈકોનોમિક રેગ્યુલેટરી ઓથોરિટી અને રાજીવ ગાંધી એવિયેશન યુનિવર્સિટીને સામેલ કરવા જોઈએ. મનમોહન સિંહ સરકારે ડિસેમ્બર ૨૦૧૨માં આવી દરખાસ્ત મૂકી હતી.

કમનસીબ વાત એ છે કે ઈન્ડિગો તેની ઈજારાશાહીની સ્થિતિ બનાવી રહી હતી અને તેનો દુરુપયોગ કરી રહી હતી અને કોમ્પિટિશન કમિશન નિદ્રામાં હતું. આ કમિશન પેસેન્જર માટે વળતર ભંડોળ ઊભું કરીને ઈન્ડિગો પર દંડ લાદી શકે. કોમ્પિટિશન એક્ટની ૨૭મી કલમ પ્રમાણે કંપનીના એવરેજ ટર્નઓવર પર દસ ટકા પેનલ્ટી લગાડી શકે. ઈજારાશાહીના દૂષણને અટકાવવા આ સૌથી શક્તિશાળી ઓજાર સરકાર પાસે છે.

સરકાર ઈજારશાહી તોડવા આખા માળખામાં આમૂલ પરિવર્તન કરી શકે. કોમ્પિટિશન ઍક્ટની ૨૮મી કલમ પ્રમાણે સરકાર ઈન્ડિગોનું બે સ્વતંત્ર ઍરલાઈનમાં વિભાજન કરી શકે. અમેરિકામાં ૧૯૦૦ના દાયકાની શરૂઆતમાં આવ કરાયું હતું. જો આમ કરાય તો ૩૩ ટકા માર્કેટ શેર ધરાવતી ત્રણ સરખા કદની કંપની થશે. આનાથી બીજી ઊભરતી ઈજારાશાહીને ચેતવણી મળશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ, ગુરુવાર,
તા. ૨૫-૧૨-૨૦૨૫, ક્રિસ્ટ્મસ ડે - નાતાલ

- ભારતીય દિનાંક ૪, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ સુદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ સુદ-૫
- પારસી શહેનશાહી રોજ ૧૩મો તીર, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૩મો તીર, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૦મો આવાં, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૪થો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૬ઠ્ઠો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર ધનિષ્ઠા સવારે ક. ૦૮-૧૭ સુધી, પછી શતભિષા
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૦, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૯, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૪-૫૯, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૩૬ (તા. ૨૬)
- ઓટઃ સવારે ક. ૦૯-૧૮, રાત્રે ક. ૨૦-૪૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, પૌષ શુક્લ - પંચમી. ક્રિસ્ટ્મસ ડે - નાતાલ, પંચક
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ વરુણ દેવતાનું પૂજન, રાહુ દેવતાનું પૂજન, કદંબનું વૃક્ષ વાવવું, પરદેશનું પસ્તાનું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વિદ્યારંભ, રાજ્યાભિષેક, પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવી, આભૂષણ વસ્ત્ર, માલ લેવો, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, દુકાન-નોકરી વેપાર, રત્નધારણ, વાહન સવારી, ધાન્ય વેંચવું, ધાન્ય ભરવું,પશુ લે-વેંચ.
- આચમનઃ ચંદ્ર-મંગળ અર્ધત્રિકોણ સાહસિક સ્વભાવ, ચંદ્ર-રાહુ યુતિ બહુજ પહોંચેલા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ અર્ધત્રિકોણ, ચંદ્ર-રાહુ યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ- વૃશ્ચિક વક્રી ગુરુ-મિથુન, શુક્ર-ધનુ (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# વક્તનો તકાજોઃ ઉર્દૂ - અરબી ભાષાના આ શબ્દોને તેના સાચા અર્થમાં જાણો

અરબી ભાષાનો એક અતિ પ્રચલિત શબ્દ છે

* કાફિર. આ શબ્દના વિશાળ અર્થની ગેરસમજને લઈને આપણા દેશમાં અને ખુદ મુસ્લિમ સમાજમાં અસમંજસ પ્રવર્તે છે, ગેરસમજ ફેલાયેલ છે.

- સેતાન જેનું નામ ઈબલીસ છે તે મોટો આબિદ (અલ્લાહનો ભક્ત) અને ઝાહિદ (બધી જ કૂટેવોથી દૂર રહી ઈશ્વર - અલ્લાહની ઉપાસના કરનાર વિરક્ત) હતો. ફરિશ્તાઓ (અલ્લાહના દૂત, પ્રતિનિધિઓ)ને પણ તાલીમ (જ્ઞાન, બોધ) આપતો હતો છતાં હઝરત આદમ અલૈયહિ સલ્લામને માનનો સજદહ (નમન) કરવાથી ઈનકાર કર્યો એટલે તે 'કાફિર' થઈ ગયો.

* ઈબલીસે અલ્લાહની બંદગીનો (પ્રાર્થના, સ્તૂતિની) મના કરી નહોતી, છતાં * સેતાન ઈબલીસ કાફિર છે, તો તેનું કારણ શું?

- 'કાફિર' શબ્દનો પ્રયોગ સૌ પ્રથમ સેતાન માટે જ થયો છે. તેથી પહેલાં એની હકીકતને સમજીએઃ

- સેતાન ઈબલીસ એક જિન હતો જેને પૃથ્વીના દરેક સ્થળ પર અલ્લાહની નિકટતા પ્રાપ્ત થઈ હતી.

- પૃથ્વીના સર્જનહાર અલ્લાહતઆલાએ તમામ ઈન્સાનોના પિતા હઝરત આદમ અલૈયહિ સલ્લામનું પૂતળું બનાવ્યું અને તમામ ફરિશ્તાઓ (ઈશ્વરિય દૂત)ને એ પૂતળા સામે માનપૂર્વક નમન કરવાનું સૂચવવામાં આવ્યું.

* બધા ફરિશ્તાઓએ નમન કર્યું. * ફરિશ્તાઓ જોડે રહેતો જિન ઈબલીસ માન્યો નહીં. * સેતાને હઝરત આદમ અલૈયહિ સલ્લામને નમન કેમ ન કર્યું. * તે ઘમંડી, અભિમાની હતો, નાફરમાની હતો! * તે ઘમંડી - અભિમાની હતો.

* તેને એમ લાગ્યું કે તેનું સર્જન (હઝરત) આદમ (અસ.)થી પહેલાં છે. પોતે મોટો છે. મોટો નાનાને નમન શા માટે કરે?

* વળી, તેનું સર્જન અગ્નિમાંથી થયું છે જ્યારે (હઝરત) આદમ (અસ.) તો માટીના બનેલા છે.

* માટી કરતાં આગ ચઢિયાતી છે. કારણ કે,

* તેનામાં રોશની છે, પ્રકાશ છે, ગરમી છે...!

* ઈબલીસે અલ્લાહની સામે આ અને એવી બીજી દલીલો મૂકી.

* અલ્લાહતઆલાનો સાચો બંદો (ભક્ત) તેના દરેક હુકમને માને, હુકમ પ્રમાણે વર્તે, તેને જે ગમે તે કરે ને જે ન ગમે તે ન કરે.

- સેતાન ઈબલીસમાં ઈર્ષા જાગી. કારણ કે હઝરત આદમને મનાઈ હતી તે ખાવા ઈબલીસે પ્રેરણા આપી. કારણ કે સેતાન ઈબલીસમાં બદલો લેવાની ભાવના હતી. તે ક્રોધી, ઘાતકી, ઝાલીમ અને નગુણો હતો, તેની બુદ્ધિ ભ્રષ્ટ હતી. હઝરત આદમ (અસ.) વિષે સર્વે વસ્તુઓ જોઈ અને જાણીને તેના અસ્તિત્વનો ઈન્કાર કર્યો તેથી તે કાફિર થઈ ગયો.

### બોધઃ

- તો 'કાફિર' કોને કહેવામાં આવે છે?

- કાફિર શબ્દની ગેરસમજને, તેના સાચા અર્થને સમજીએ તો

- કાફિર તેને કહેવામાં આવશે જે અલ્લાહના હુકમોનું ઉલ્લંઘન કરે તે કાફિર છેઃ કુફ્ર, કુફ્રાન વગેરે અનેક શબ્દો અરબી ભાષામાં આવ્યા છે જેના સંયુક્ત અર્થ ઉપર લખ્યા પ્રમાણે થશે.

* જાણી જોઈને કોઈ વસ્તુ સંતાડવી,

* જ્ઞાન હોવા છતાં અલ્લાહ - ઈશ્વરના અસ્તિત્વનો ઈન્કાર કરવો

* આદેશોનો ઈન્કાર કરવો, મનમાં ખોટી માન્યતાઓ રાખવી, નેઅમતો - કૃપાઓની ના શુક્રી કરવી અને ખાસ તો અલ્લાહને ન માનવો. ઈમાન (અલ્લાહ હોવા વિશેની શ્રદ્ધા) ન લાવવી. અલ્લાહની જાત સાથે કોઈને સરખાવવો, કોઈને અલ્લાહ હોવા વિશે - તેનો વજુદ ન હોવાની પ્રેરણા આપવી. કોઈને અધિકાર કે હોદ્દા મળતા હોય તો જલન કરવી, ઝઘડાખોરી, ફિત્ના-ફસાદ કરવી, અભિમાનમાં રાચતા રહેવા જેવી બાબતો કાફિરની શ્રેણીમાં આવે છે.

### પથ્થર કી લકિરઃ

* જે અલ્લાહના વજુદનો ઈનકાર કરે, અલ્લાહ છે જ નહીં એવી માન્યતા ધરાવે તે સ્પષ્ટ શબ્દના અર્થમાં કાફિર જ છે. આ ગુનાની માફી નથી - એવો જ ઉર્દૂ ભાષાનો પણ એક પ્રચલિત શબ્દ છે,

* શુક્રિયા * ધન્યવાદ * કૃતજ્ઞતા * આભાર...!

* મનુષ્ય માત્ર જીવનમાં ડગલેને પગલે કોઈના આભાર તળે દબાયેલો હોય છે, પછી તે જનતા હોય કે રાજકર્તા, માલદાર હોય કે કંગાળ!

- એવા સમયે આ શબ્દનો ઉપયોગ માનવીય સંબંધોમાં મીઠાશને પ્રસરાવે છે.

* શુક્રિયા શબ્દ નાનો છે, પણ તેની અસર ઘણી મોટી છે.

* જ્યારે કોઈ વ્યક્તિ તમને સહાય કરે છે ત્યારે તેની અપેક્ષા બીજી કંઈ હોય કે નહીં પણ 'આભાર' શબ્દની તો હોય જ છે;

* અને જો તે ન મળે તો કદાચ સંબંધોમાં તનાવ પણ ઉત્પન્ન થવા પામતો હોય છે.

- એજ રીતે માનવી અલ્લાહનો પણ ઋણી છે. એટલે તેનો આભાર પણ સતત વ્યક્ત કરતા રહેવું જરૂરી છે.

- ઈલાહી - ઈશ્વરીય વાણી કુરાને કરીમમાં કહ્યું છે કે,

* 'જે ઈન્સાન અલ્લાહમાં વિશ્વાસ લાવ્યો અને તેનો શુક્રગુઝાર (આભારી) બન્યો તેને અલ્લાહે અંઝાબ (દુઃખ, કષ્ટ, વિપત્તિ, યાતના, સજા)થી બચાવે છે.'

- અરબી ભાષામાં આવેલી ઈલાહી - ઈશ્વરીય વાણી કુરાન પાકમાં આગળ કહ્યું છે -

* ખુદાએ આપણને જે કંઈ આપ્યું છે તેના માટે આપણે સૌ તેના આભારી છીએ, શુક્રગુજાર છીએ.

- છતાં પણ અલ્લાહતઆલાનો આભાર માનવાની આપણે ઈન્સાન માત્રને ફુરસદ નથી.

- પવિત્ર કુરાનમાં કહેવામાં આવ્યું છેઃ

* 'જો તમે શુક્ર (આભારીપણું) અદા કરશો તો હું તમને બમણું આપીશ!

### ધર્મજ્ઞાનઃ

- એકવાર પયગંબર હઝરત મુહમ્મદ સાહેબે એક શખસને તેના ખબરઅંતર પૂછતાં કહ્યું,

* 'કેમ છો?'

- પેલા શખસે કહ્યું,

* 'સારું છે.'

- પગયંબર સાહેબ ફરીવાર પૂછ્યું,

* 'કેમ છો?'

* 'સારું છે.'

- અંતે ત્રીજીવાર આપ હુઝૂરે અનવરે પૂછ્યું

* 'કેમ છો?'

- હવે પેલો શખસ સજાગ બન્યો, અને તેણે જવાબમાં કહ્યું,

* 'અલ્લાહનો શુક્ર છે.'

- હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ. અર્થઃ 'ઓ અલ્લાઈ તું રહેમત - દયા મોકલ હઝરત મુહમ્મદ ઉપર અને તેમની આલ ઉપર...' એ પછી આટલું જ બોલ્યા,

* 'આવાજ શબ્દોની અપેક્ષા તમારી પાસે રાખતો હતો.'

### પ્રેરણાસ્ત્રોતઃ

રબ (રોજી આપનાર) અલ્લાહ જેને પોતાની કૃપા અતા કરે - અર્થાત્ નેમત (ઈશ્વરની દેણગી)થી સન્માનીત કરે ત્યારે તેણે અલ્લાહના વખાણ કરવા જોઈએ, શુક્ર અદા કરવો જોઈએ,

- અને જેની રોઝી મળવામાં વિલંબ થવા લાગે તેણે અલ્લાહની ઈસ્તિગફાર (ક્ષમાયાચના, ગુનાઓની માફી) માગવી જોઈએ.

* જો સુખના દિવસો નથી રહ્યા તો દુઃખના પણ નહીં રહે.

* સુખ અને દુઃખ માનવ જીવનનું અવિભાજ્ય અંગ છે. એટલે બંને સ્થિતિમાં શુક્ર અતા કરો. સાચા બંદાની એ નિશાની છે.

### નવચેતનઃ

લુપ્ત થતી જતી ઉર્દૂ ભાષાને આજે પ્રોત્સાહનની જરૂર છે. યાદ રહે ઉર્દૂ સાહિત્ય પોતાના સુંદર અને ઊંડા અર્થ ધરાવતા શેરો શાયરીની સમૃદ્ધિને કારણે જગતભરમાં પ્રખ્યાત છે.

બ્રિટિશ શાસન પૂર્વેથી માનવ જીવનમાં મહેક પ્રસરાવનારા અને પથદર્શક બની રહેનારા શેરો આજે પણ મહેફિલોમાં 'વાહ વાહ'થી ગૂંજી ઊઠે છે. કેટલાક ઉર્દૂ સાહિત્યકારોએ પોતાના શેરો - શાયરી દ્વારા સુવાસ ફેલાવી છે. આ ખુશ્બૂ આજે પણ દેશ - દુનિયામાં વધારેને વધારે પ્રસરાતી જઈ રહી છે, પરંતુ એને સદા મહેકતી રાખવા આપણા સમાજમાં ઉર્દૂના જ્ઞાનને વિકસાવવો પડશે. - નવી પેઢીમાં પણ એવા સાહિત્યકારો જન્મે એ માટે પ્રયાસો કરવા પડશે. - આવા ખુશ્બૂ - સુગંધ - સુવાસ ફેલાવનારા અને માનવ જીવનને રાહ દર્શાવનારા કેટલાક શે'રની ખુશ્બૂ માણવા અત્રે પેશ છેઃ

ફૂલોથી કાંટા સારા કે પાલવ પકડી લે છે.

*દરે કફસના ખુલા કદરે સબ્રકર સૈયાદ,*
*તડપતે હમ તો પહાડો મેં રાસ્તા કરતે.*

-કારાગૃહનાં બારણાં ઊઘડ્યા નહીં તે માટે ઓ સિતમગર અમારી ધીરજની કદર કર. અમારી વેદનાની આગ તો એવી છે કે અમે પહાડોમાંથી પણ માર્ગ કાઢી શકીએ એવા છીએ.

*બાગબાંને આગ દી જબ આશિયાને કો મેરે,*
*જીન પે તકિયા થા, વહી પત્તે હવા દેને લગે!*

- બાગબાંના રક્ષકે જ જ્યારે મારા માળાને આગ લગાવી ત્યારે અન્ય સિતમખોરની વાત જ શું કરવી! મારો તકિયો જે પાન પર હતો તે જ ઊડી ઊડીને આગને ભડકાવવામાં મદદ કરવા લાગી ગયા.

*હોતા નહી હૈ કોઈ બૂરે વક્ત મેં શરીક,*
*પત્તે ભી ભાગતે હૈ, ખિઝામેં શજરસે દૂર!*

- ખરાબ પરિસ્થિતિમાં કોઈ સાથ આપતું નથી. પાનખરમાં પાંદડાં પણ વૃક્ષથી દૂર ભાગે છે.

*સભી કૂછ હો રહા હૈ.... ઈસ તરક્કી કે ઝમાને મેં,*
*મગર યહ ક્યા ગજબ હૈ... આદમી ઈન્સાં નહીં હોતા!*

- દુનિયાએ આજે દરેકે દરેક ક્ષેત્રમાં ભવ્ય પ્રગતિ કરી છે, પરંતુ અજબની વાત એ છે કે માનવી પ્રગતિ કરીને હજી માનવ બન્યો નથી...

- ઉર્દૂ સાહિત્યના વિખ્યાત શાયરો દ્વારા લખાયેલા આવા તો અસંખ્ય શેરો છે અને આ કારણે જ ઉર્દૂ સાહિત્ય તેના સમૃદ્ધ શેરોના વૈભવને લીધે દુનિયાના આગળ પડતા સાહિત્યમાં ગણના પામે છે. આ સઘળો 'ખજાનો' જાળવવા ઉર્દૂ ભાષાના શિક્ષણને પ્રોત્સાહન આપી, આવનારી પેઢીને તૈયાર કરવાની પ્રત્યેક ઈસ્લામીની ફરજ થઈ પડે છે.

***

### સાપ્તાહિક સંદેશઃ

* જ્ઞાનના પાઠોની ચર્ચાનો ઉત્તમ બદલો એવી ઈબાદત જેવો છે, જે અલ્લાહ, ઈશ્વરના દરબારમાં મકબુલઃ માન્ય થઈ ચૂકી હોય!

**- હઝરત ઈમામ મોહ બાકીર રદીયતઆલા અન્હો.**

# દિલ્હીમાં નવા વર્ષ અગાઉ હટાવાયા ગ્રેપ-૪ના પ્રતિબંધો

નવી દિલ્હીઃ દિલ્હી-એનસીઆરના લોકો માટે રાહતના સમાચાર આવ્યા હતા. દિલ્હીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યૂઆઈ) બુધવારે ૨૭૧ રહ્યું હતું જે એક દિવસ અગાઉ ૪૧૨ હતું. હવાની ગુણવત્તામાં સુધારો થતા એક ક્વોલિટી મેનેજમેન્ટ કમિશને તાત્કાલિક અસરથી કડક જીઆરએપી-૪ (ગ્રેપ-૪) પ્રતિબંધો હટાવી લીધા છે. ૨૪ ડિસેમ્બરે એક્યૂઆઈ ૨૭૧ નોંધાયું હતું. જોકે, ખતરો સંપૂર્ણપણે ટળ્યો નથી જેના કારણે ગ્રેપના સ્ટેજ -૧,૨ અને ૩ના નિયમો કડક રીતે લાગુ રહેશે. વહીવટીતંત્રે લોકોને નિયમોનું પાલન કરવાની અપીલ કરી છે. ગ્રેપ પર બનેલી પેટા-સમિતિની એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. તેમાં હવામાન વિભાગ અને આઈઆઈટીએમની આગાહીઓની સમીક્ષા કરવામાં આવી હતી. સમિતિએ નોંધ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસોમાં ભારે પવનને કારણે પ્રદૂષણનું સ્તર ઘટ્યું છે. કેન્દ્રીય પ્રદૂષણ એજન્સીએ એક નિવેદનમાં કહ્યું હતું કે દિલ્હીના એક્યૂઆઈના સ્તરમાં સતત સુધારાને ધ્યાનમાં રાખીને ગ્રેપ પરની પેટા-સમિતિએ આજે યોજાયેલી તેની બેઠકમાં પ્રદેશમાં હવા ગુણવત્તાની સ્થિતિ તેમજ હવામાન વિભાગ અને આઈઆઈટીએમની આગાહીઓની સમીક્ષા કરી હતી. ઝડપી પવન અને અનુકૂળ હવામાન પરિસ્થિતિઓને કારણે ગઈકાલ રાતથી દિલ્હીના એક્યૂઆઈમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. હાલમાં એક્યૂઆઈ ૨૭૧ (ખરાબ કેટેગરી) તરીકે નોંધાયું હતું. આગામી દિવસોમાં પવનની ગતિ ધીમી પડતા એક્યૂઆઈમાં સંભવિત વધારોના સંકેત મળ્યા હતા. પ્રતિબંધોમાં છૂટછાટ છતાં દિલ્હી સરકારની 'નો પીયુસી, નોર ફ્યુઅલ'ની નીતિ અમલમાં રહેશે. પર્યાવરણ મંત્રી મનજિન્દર સિંહ સિરસાએ મંગળવારે જણાવ્યું હતું કે ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (ગ્રેપ) ની સ્થિતિની ચિંતા કર્યા વિના પ્રદૂષણ વિરોધી પગલાંનો કડક અમલ ચાલુ રહેશે અને માન્ય પીયુસી સર્ટિફિકેટ વિના કોઈપણ વાહનને શહેરમાં ચલાવવાની મંજૂરી આપવામાં આવશે નહીં. વાહનચાલકોને ચેતવણી આપતા મંત્રીએ કહ્યું હતું કે માન્ય પીયુસી સર્ટિફિકેટ વિના વાહન ચલાવવું એ દિલ્હીની હવા સામે ગુનો કરવાથી ઓછું નથી.

# ભારત સાથેના સંબંધો સ્થિર કરવા માગે છે ચીનઃ અમેરિકી રીપોર્ટ

ન્યૂ યોર્ક/વૉશિંગ્ટન : ચીન ભારત સાથેની લાઈન ઑફ એક્ચ્યુઅલ કંટ્રોલ (એલએસી) પર ઘટેલી તંગદિલીનો લાભ ઉઠાવીને દ્વિપક્ષીય સંબંધોમાં સ્થિરતા લાવવા માગે છે અને ભારત અને અમેરિકાના સંબંધો વધુ મજબૂત થતાં અટકાવવા માગે છે, એવો ઘટસ્ફોટ અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઑફ વૉરે કર્યો હતો.

મંગળવારે કૉંગ્રેસમાં 'પીપલ્સ રિપબ્લિક ઑફ ચાઈના ૨૦૨૫ને સંડોવતી લશ્કરી અને સુરક્ષા હિલચાલો' પરનો વાર્ષિક અહેવાલ રજૂ કરતા અમેરિકાના યુદ્ધ ખાતાએ કહ્યું હતું કે ઑક્ટોબર ૨૦૨૪માં ભારતની નેતાગીરીએ ચીન સાથેના કરારની જાહેરાત કરી હતી. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના પ્રમુખ શી જિનપિંગ બ્રિક્સ શિખર પરિષદના હાંસિયામાં એકમેકને મળે એના બે દિવસ પહેલાં એલએસીના બાકીના મડાગાંઠવાળાં સ્થળોમાં લશ્કરી દળો હટાવવાનો કરાર કરવામાં આવ્યો હતો. શી-મોદીની શિખર પરિષદમાં બે દેશ વચ્ચે ઉચ્ચસ્તરીય ભાગીદારીનું નક્કી કરવામાં આવ્યું હતું. બન્ને દેશે સરહદ વ્યવસ્થા તથા દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવા સીધી ફ્લાઈટ, વિઝા સરળીકરણ અને બૌદ્ધિકો અને પત્રકારોનું આદાનપ્રદાન જેવા પગલાં લેવાનો સમાવેશ થાય છે.

અહેવાલમાં કહેવામાં આવ્યું હતું કે ભારત ચીનની કથની અને ઈરાદા વિશે શંકાસીલ રહ્યું છે. પારસ્પરિક અવિશ્વાસ અને ચીનના દમનને લીધે બન્ને દેશના દ્વિપક્ષીય સંબંધોમાં મર્યાદા આવે છે. અહેવાલમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે ચીનની રાષ્ટ્રીય વ્યૂહરચના ૨૦૪૯ સુધી ચીન દેશને નવો કાયકલપ દેવાનો છે. (એજન્સી)

# આવતા અઠવાડિયે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વેનો કિમ-અંકલેશ્વર પટ્ટો શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયાના જણાવ્યા અનુસાર, વડોદરા-મુંબઈ એક્સપ્રેસવેના પેકેજ ૫નો ભાગ બનતો કિમ-દહેગામ સ્ટ્રેચ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં ટ્રાફિક માટે ખુલ્લો મુકાય તેવી સંભાવના છે. ગયા અઠવાડિયે દિલ્હી-મુંબઈ એક્પ્રેસ વેનો મુદ્દો સંસદમાં પણ ચર્ચાયો હતો.

સેન્ટ્રલાઈઝ્ડ પબ્લિક ગ્રિવરન્સ રિડ્રેસ એન્ડ મોનિટરિંગ સિસ્ટમના પોટ્ર્લ પર પ્રોજેક્ટના સુરત યુનિટ દ્વારા આ માહિતી આપવામાં આવી હતી.

ફરિયાદીને સંબોધિત પત્રમાં, નેશનલ હાઈ વે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ જણાવ્યું હતું કે વડોદરા-મુંબઈ એક્સપ્રેસવે પેકેજ ૫, જે કીમથી દહેગામ સુધીના સ્ટ્રેચને આવરી લે છે, તે ચાલુ મહિનાના અંત સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે.

એનએચએઆઈ ૧,૩૮૬ કિમી, આઠ-લેન દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેનું નિર્માણ કરી રહ્યું છે. આ એક્સપ્રેસવેના ભાગ રૂપે, અમદાવાદ, વડોદરા અને સુરત વચ્ચે પણ નવી કનેક્ટિવિટી ઊભી થઈ રહી છે. આ છ પેકેજોમાંથી, ફક્ત પેકેજ ૫ જાહેર જનતા માટે બાકી હતું. પેકેજ ૧ થી ૩ નું સત્તાવાર ઉદ્ઘાટન થોડાં વર્ષો પહેલા કરવામાં આવ્યું હતું, જ્યારે પેકેજ ૪ અને ૬ ટ્રાફિકની ગતિવિધિને સરળ બનાવવા માટે છેલ્લા કેટલાક મહિનાઓથી બિનસત્તાવાર રીતે કાર્યરત છે. પેકેજ ૫ એ કિમને અંકલેશ્વર સાથે જોડતો અધૂરો ભાગ હતો, જેના કારણે વડોદરા-સુરત કોરિડોર સપૂર્ણપણે કાર્યરત નથી. જોકે, ચોમાસા પછી આ સેગમેન્ટ પર બાંધકામ ઝડપથી થયું હોવાનું સૂત્રો જણાવે છે. લગભગ ૯૩ ટકા કામ હવે પૂર્ણ થયું છે અને વર્ષના અંત સુધીમાં ઉદઘાટન થવાની શક્યતા છે.

# અરવલ્લીમાં ખનનને મંજૂરી આપી નથી અને અપાશે નહીં: મોઢવાડિયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અરવલ્લી પર્વતમાળાનો વિવાદ અત્યારે વધારે ઉગ્ર બની રહ્યો છે. હજારો લોકોએ અરવલ્લી બચાવોનું અભિયાન શરૂ કર્યું છે. તેવામાં ગુજરાતના વન પ્રધાન અર્જુન મોઢવાડિયાએ પ્રતિક્રિયા આપી છે. ગુજરાતના વન અને પર્યાવરણ પ્રધાન અર્જુન મોઢવાડિયાએ અરવલ્લી પહાડીઓના સંરક્ષણ અને ટકાઉ વિકાસ અંગે રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો. ગુજરાત સરકાર રાજ્યના વન વિસ્તારો અને પર્યાવરણીય રીતે સંવેદનશીલ ક્ષેત્રોને બચાવવા માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે હોવાનો અર્જુન મોઢવાડિયાએ દાવો કર્યો હતો.

વન અને પર્યાવરણ પ્રધાન અર્જુન મોઢવાડિયાએ કહ્યું હતું કે, ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ફેલાયેલી અરવલ્લીની પર્વતમાળા અને તેના જંગલ વિસ્તારોમાં રાજ્ય સરકારે આજ સુધી ક્યારેય ખનનની મંજૂરી આપી નથી અને ભવિષ્યમાં પણ ખનનની પ્રવૃત્તિને મંજૂરી આપવામાં આવશે નહીં. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ ગુજરાત સરકાર અરવલ્લી પહાડીઓની નવી વ્યાખ્યા અને સંરક્ષણના તમામ પાસાઓનો અમલ કરી રહી છે. જે મુજબ, સ્થાનિક ભૂતળથી ૧૦૦ મીટર કે તેથી વધુ ઊંચાઈ ધરાવતા તમામ ભૂ-આકારોને 'પર્વત' તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે, જેથી કોઈ કાયદાકીય છટકબારી ન રહે. આ ઉપરાંત, ૧૦૦ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા બે અથવા વધુ પર્વતોની વચ્ચેના ૫૦૦ મીટર સુધીના તમામ વિસ્તારને પણ અરવલ્લી પર્વતમાળાનો જ ભાગ ગણવામાં આવશે. તેમણે વધુમાં કહ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા રાજ્યના સંરક્ષિત વિસ્તારો, ઇકો-સેન્સિટિવ ઝોન્સ, રિઝર્વ એરિયા, વેટલેન્ડ્સ અને કેમ્પા વાવેતર સાઇટ્સ જેવા 'કોર અને ઇનવાયલેટ' ઝોન્સમાં ખનન પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. રાજ્ય સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય વિકાસની સાથે પર્યાવરણનું જતન કરવાનો છે, જેથી ભાવિ પેઢીને સુરક્ષિત અને હરિયાળું ગુજરાત મળી શકે. અરવલ્લી પર્વતમાળા એ માત્ર પથ્થરોનો ઢગલો નથી, પરંતુ તે રણને આગળ વધતું અટકાવવા માટે કુદરતી અવરોધ તરીકે કામ કરે છે અને ભૂગર્ભ જળના રિચાર્જ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

'અરવલ્લી ગ્રીન વોલ પ્રોજેક્ટ'નો ઉલ્લેખ કરતા અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ હેઠળ ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, મહેસાણા, મહીસાગર, દાહોદ અને પંચમહાલ જિલ્લાના કુલ ૩,૨૫,૫૧૧ હેક્ટર વન વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં ગ્રીન કવર વધારવા માટે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન કુલ ૪,૪૨૬ હેક્ટર વિસ્તારમાં ૮૬.૮૪ લાખ સ્થાનિક પ્રજાતિના રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. આ સાથે ૧૫૦ હેક્ટર વિસ્તારમાંથી ગાંડા બાવળ અને લેન્ટાના જેવી આક્રમક વનસ્પતિઓ દૂર કરવામાં આવી છે. આગામી વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન આ પ્રોજેક્ટ હેઠળ આશરે ૪,૭૮૯ હેક્ટર વિસ્તારમાં વૃક્ષારોપણ અને સંરક્ષણની કામગીરી કરવામાં આવશે.

# અમદાવાદના સુભાષ બ્રિજને તોડી પડાય તેવી શક્યતા

અમદાવાદઃ શહેરનો સુભાષ બ્રિજને બંધ કરવામાં આવ્યો છે અને હવે તેને તોડી પાડવાનો નિર્ણય પાલિકા લે તેવી પૂરી શકયતા છે. શહેરના પૂર્વ અને પશ્ચિમ ભાગને જોડતો આ મહત્ત્વનો બ્રિજ સમારકામ કરી ફરી ખૂલ્લો મૂકવો કે નવો બનાવવો તે અંગે વિવિધ એજન્સીઓ પાસેથી મળેલા અહેવાલો અનુસાર પાલિકા આ બ્રિજ તોડી પાડે તેવી પૂરી શક્યતા છે. જોકે આ અંગેની સત્તાવાર માહિતી આવતા અઠવાડિયે મળશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ચોથી ડિસેમ્બરના રોજ સુભાષ બ્રિજમાં તિરાડ પડવાનો અને સ્પાનનો ભાગ બેસી જવાની જાણ થતાં જ તંત્રએ સતર્કતા દાખવી બ્રિજ બંધ કરી દીધો હતો. પાલિકાએ એન્જિનિયરિંગ કન્સલ્ટન્ટ એજન્સીઓ સાથે આઈઆઈટી (રૂડકી), આઈઆઈટી (મુંબઈ) તેમ જ એસવીએનઆઈટી જેવી સંસ્થાઓના પણ મંતવ્ય માગ્યાં હતાં. સુભાષ બ્રિજ મામલે રાજ્ય સરકાર સાથે ચર્ચા કરવામાં આવશે અને ત્રણેક દિવસમાં નિર્ણય જાહેર કરાશે.

# સુરેન્દ્રનગરના ડેપ્યુટી મામલતદારની ઈડીએ કરી ધરપકડ, કરોડોના ગેરવ્યવહાર ખૂલ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ જિલ્લામાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા બાદ નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીની ધરપકડ કરી હતી. ઈડી ટીમે મોરીને અમદાવાદ ગ્રામીણ કોર્ટની ખાસ કોર્ટમાં રજૂ કર્યા હતા. ઈડીએ ૧૪ દિવસના રિમાન્ડ માગ્યા હતા, પરંતુ ૧લી જાન્યુઆરી સુધીના રિમાન્ડ મળ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ કેસમાં ઈડી સાથે એસીબી પણ ફરિયાદી બની છે. દિલ્હીના એક ખંડણી કેસનો રેલો સુરેન્દ્રનગરના ડેપ્યુટી મામલતદાર અને કલેક્ટર સુધી પહોંચતા રાજ્યના અધિકારી વર્ગમાં ખળભળાટ મચી ગયો છે.

ઈડી અધિકારીઓએ મંગળવારે સુરેન્દ્રનગર કલેક્ટર કચેરી, કલેક્ટર રાજેન્દ્ર પટેલના નિવાસસ્થાન અને વઢવાણમાં નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના ઘર સહિત અન્ય સ્થળોએ દરોડા પાડ્યા હતા. ૧૪ કલાકથી વધુ ચાલેલી આ કાર્યવાહી દરમિયાન, ઈડીએ ૬૦ લાખ રૂપિયા રોકડા જપ્ત કર્યા હોવાના અહેવાલ છે.

સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું કે તપાસમાં કથિત અપ્રમાણસર સંપત્તિનો ખુલાસો થયો છે, ફરિયાદમાં સુરેન્દ્રનગર કલેક્ટર રાજેન્દ્ર પટેલ સહિત ચાર વ્યક્તિઓના નામ સહ-આરોપી તરીકે છે. અહેવાલો અનુસાર તપાસ દિલ્હી પોલીસમાં નોંધાયેલી ખંડણીની ફરિયાદ પરથી શરૂ થઈ હતી, જે દરમિયાન આરોપી વિરુદ્ધ વાંધાજનક સામગ્રી મળી આવી હતી. બિનસત્તાવાર અહેવાલો અનુસાર મોરીના ઘરેથી રૂ. ૬૮ લાખની રોકડ રકમ મળી આવી હતી. આ સાથે કલેક્ટરના ઘરેથી ૧૦૦ ફાઈલ મળી આવી હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું. કલેક્ટર અને ડેપ્યુટી મામલતદાર એગ્રીકલ્ચર લેન્ડને નોન એગ્રીકલ્ચર કરવાનું કામ કરતા હતા અને તે માટે પૈસા લેતા હતા, તેવી માહિતી પણ મળી છે.

સુરેન્દ્રનગરમાં સોલાર પેનલમાં થયેલા જમીન સંપાદનમાં પણ આ રીતે વ્યવહાર થયો હોવાનું જાણવા મળ્યું હતું. એક અંદાજ પ્રમાણે રૂ. ૧૫૦૦ કરોડના કૌભાંડો થયાં હોવાની શક્યતા જણાઈ રહી છે.

વધુ તપાસ અને કાનૂની કાર્યવાહી ચાલુ છે. કેસની વિગતો અથવા જપ્ત કરાયેલી વસ્તુઓ અંગે કોઈ સત્તાવાર નિવેદન હજુ સુધી બહાર પાડવામાં આવ્યું નથી. ૨૦૧૫ની બેચના આઈએએસ અધિકારી, કલેક્ટર રાજેન્દ્ર પટેલે ફેબ્રુઆરી ૨૦૨૫માં સુરેન્દ્રનગર કલેક્ટર તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો.

મંગળવારે સુરેન્દ્રનગરના કલેક્ટર અને ડેપ્યુટી મામલતદારના નિવાસસ્થાને ઈડીના દરોડાની ખબરે ખળભળાટ મચાવ્યો હતો. સરકારી ખાતામાં કાર્યરત ઉચ્ચ અધિકારીઓની બિનહિસાબી સંપત્તિના તાર હજુ ક્યાં સુધી જોડાયેલા છે, તે તપાસ દરમિયાન બહાર આવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

# અંબાજી મંદિરમાં નવરાત્રીની આઠમની પૂજા પર દાંતાના રાજવી પરિવારનો વિશેષાધિકાર ખતમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સુપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી મંદિરને અંગે હાઈકોર્ટે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. વર્ષોથી ચાલી આવતી પરંપરા અને કાનૂની વિવાદનો અંત લાવતા કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, આસો નવરાત્રીની આઠમની પૂજા અને આરતી પર હવે દાંતાના રાજવી પરિવારનો કોઈ વિશેષાધિકાર રહેશે નહીં. આ પૂજાનો લાભ હવે સામાન્ય ભક્તો પણ લઈ શકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠાના દાંતાના રાજવી પરિવાર અને અંબાજી મંદિર ટ્રસ્ટ વચ્ચે દાયકાઓથી કાનૂની લડાઈ ચાલી રહી હતી. દાંતા સ્ટેટના રાજવી પરિવારનો દાવો હતો કે, પરંપરાગત રીતે આઠમની હવન પૂજા અને આરતીનો પ્રથમ હક તેમનો છે. આ પરંપરા રાજાશાહીના સમયથી ચાલી આવતી હતી અને તેને તેઓ પોતાનો કાનૂની અને ધાર્મિક અધિકાર ગણાવતા હતા.

જો કે હાઈ કોર્ટે દાંતા રાજવી પરિવારના દાવાને ફગાવી દીધા હતા. અને લોકશાહીમાં રાજાના વિશેષાધિકારનો છેડ ઉડાવી દીધો હતો. હાઈ કોર્ટે કહ્યું હતું કે, રાજાશાહીના સમયના હકો હવે લોકશાહી શાસન વ્યવસ્થામાં કાયમી ધોરણે ચાલુ રાખી શકાય નહીં. અંબાજી મંદિર હવે એક પબ્લિક ટ્રસ્ટ અને સરકાર હસ્તક છે.

જાહેર મંદિરમાં દરેક શ્રદ્ધાળુ સમાન છે. પૂજા કે આરતીમાં કોઈ એક વ્યક્તિ કે પરિવારને અગ્રતા આપવી એ બંધારણીય રીતે યોગ્ય નથી. હવે આ પૂજાનો લાભ કોઈ પણ સામાન્ય વ્યક્તિ લઈ શકશે.

હાઈ કોર્ટના અંબાજી મંદિરના આ ચુકાદાને ઐતિહાસિક માનવામાં આવે છે.

અત્યાર સુધી આઠમની પલ્લી અને વિશેષ પૂજા વખતે રાજવી પરિવારની હાજરી અનિવાર્ય ગણાતી હતી, પરંતુ હવે મંદિર વહીવટી તંત્ર પોતાની રીતે તમામ ભક્તો માટે વ્યવસ્થા કરી શકશે.

કોર્ટના આ ચુકાદાને કારણે સામાન્ય શ્રદ્ધાળુઓએ પણ વધાવી લીધો હતો. કારણ કે હવે મંદિરની ધાર્મિક વિધિઓમાં કોઈ ભેદભાવ રહેશે નહીં.

# 'ધુરંધર'નો વિવાદ હાઈ કોર્ટમાં, બલોચ સમાજે વિવાદાસ્પદ સંવાદ કાઢી નાખવા કરી અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હિન્દી ફિલ્મ ધુરંધરનો વિવાદ હવે ગુજરાત હાઈ કોર્ટ પહોંચ્યો છે. બલૂચ સમુદાયના સભ્યોએ ફિલ્મ નિર્માતા સામે કાર્યવાહી કરવા અને ફિલ્મમાંથી સંવાદ દૂર કરવા માટે ગુજરાત હાઇ કોર્ટમાં કેસ કર્યો હોવાની માહિતી મળી હતી. ફિલ્મનો એક સંવાદ બલોચ સમાજને ખોટી રીતે ચિતરતો હોવાનો આક્ષેપ તેમણે કર્યો હતો.

બે અરજદારો, ગાંધીનગરના યાસીન બલોચ અને બનાસકાંઠા જિલ્લાના કાણોદરના અયુબખાન બલોચે બલોચ સમુદાયને લક્ષ્ય બનાવતા સંવાદ બદલ ફિલ્મના ડિરેક્ટર આદિત્ય ધર સામે કાનૂની પગલા લેવા કોર્ટને અપીલ કરી હતી.

અરજદારોએ જણાવ્યું હતું કે તેઓ અભિનેતા સંજય દત્ત દ્વારા ભજવવામાં આવેલા પાત્ર દ્વારા બોલવામાં આવેલા સંવાદથી નારાજ છે, જેમાં પાત્ર કહે છે કે મગરમચ્છ પે ભરોસા કર સકતે હૈ, પર બલૂચ પે નહીં.

# અમદાવાદ ફ્લાવર શો જોવા ₹ ૮૦થી ૫૦૦ ચૂકવવા પડશે, ગિનીસ વર્લ્ડ રેકોર્ડની તૈયારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાતા ફ્લાવર શોની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. જોકે, આ વખતે મુલાકાતીઓના ખિસ્સા પર ભાર વધવાનો છે, કારણ કે તંત્ર દ્વારા ટિકિટના દરોમાં ધરખમ વધારો કરવામાં આવ્યો છે. જાન્યુઆરીના પ્રથમ સપ્તાહથી શરૂ થતા આ વર્ષે ફ્લાવર શોમાં પાંચ અલગ-અલગ થીમ આધારિત ઝોન અને બે ગિનીસ વર્લ્ડ રેકોર્ડના પ્રયાસો મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા યોજાતા અને શહેરની શાન ગણાતા સાબરમતી રિવરફ્રન્ટ પર યોજાનાર વાર્ષિક ફ્લાવર શોની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. જોકે, આ વર્ષે અમદાવાદીઓને ફૂલોની સુંદરતા માણવી થોડી મોંઘી પડશે. મનપા દ્વારા પ્રવેશ ફીમાં મોટો વધારો ઝીંકવામાં આવ્યો છે.

મનપાની રિક્રિએશનલ કમિટીએ ફ્લાવર શો ૨૦૨૬માં પ્રવેશ અંગે નક્કી કરેલા ટિકિટના દરો મુજબ, આ વર્ષે સોમવારથી શુક્રવાર દરમિયાન ફ્લાવર શોની મુલાકાત લેનારા ૧૨ વર્ષથી ઉપરના નાગરિકોએ રૂ. ૮૦ પ્રવેશ ફી ચૂકવવી પડશે. ગત વર્ષે આ ફી રૂ.૭૦ હતી, એટલે કે આ વર્ષે ટિકિટમાં રૂ.૧૦નો વધારો કરવામાં આવ્યો છે, જ્યારે શનિવાર અને રવિવાર એટલે કે વીકએન્ડમાં ભીડને નિયંત્રિત કરવા માટે આ ચાર્જ ૧૦૦ રૂપિયા કરવામાં આવ્યો છે.

તંત્ર દ્વારા બાળકો અને ખાસ વર્ગ માટે રાહત પણ આપવામાં આવી છે. ૧૨ વર્ષ અને તેથી નીચેની ઉંમરના બાળકો માટે પ્રવેશ સંપૂર્ણપણે નિઃશુલ્ક રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત, દિવ્યાંગો અને ભારતીય સૈનિકોને પણ વિનામૂલ્યે પ્રવેશ મળશે. શાળાના પ્રવાસ માટે પણ ખાસ જોગવાઈ છે; મનપા સિવાયની અન્ય ખાનગી શાળાના બાળકો જો સોમવારથી શુક્રવાર દરમિયાન સવારે ૯ થી ૧ વાગ્યા સુધી આવે તો તેમની પ્રવેશ ફી માત્ર ૧૦ રૂપિયા રહેશે.

ખાસ વાત એ છે કે, ભીડથી બચવા માગતા અને શાંતિથી ફ્લાવર શો નિહાળવા માગતા લોકો માટે મનપાએ ખાસ 'પ્રાઈમ ટાઈમ સ્લોટ'ની વ્યવસ્થા કરી છે. એટલે કે સવારે ૮થી ૯ અને રાત્રે ૧૦થી ૧૧ વાગ્યા દરમિયાન જે લોકો મુલાકાત લેવા માગતા હોય તેમણે રૂા. ૫૦૦ ચૂકવવા પડશે. આ સ્લોટમાં મર્યાદિત સંખ્યામાં લોકોને પ્રવેશ આપી ખાસ અનુભવ કરાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રિવરફ્રન્ટના પશ્ચિમ કિનારે ઈવેન્ટ સેન્ટરથી ફ્લાવર ગાર્ડન સુધીના વિશાળ એરિયામાં આયોજન કરાયું છે. મુખ્ય પ્રધાનના હસ્તે ફ્લાવર શો ખુલ્લો મૂકવામાં આવશે. આ વર્ષના ફ્લાવર શો ૨૦૨૬માં ખર્ચ ૧૭ થી ૧૮ કરોડ આસપાસ પહોંચશે, જેમાં સ્કલ્પ્ચર, આઇકોનિક સ્કલ્પ્ચર, ફ્લાવરિંગ, ફ્લાવર વોલ, મંડપ સહિતની તમામ કામગીરી માટે લગભગ આઠ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ વર્ષે ફ્લાવર શોને કુલ પાંચ અલગ-અલગ ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યો છે અને પ્રવેશદ્વાર પર જ ભવ્ય કમળ આકારના ફાઉન્ટેન મૂકવામાં આવ્યા છે.

# મહેસાણામાં પુરવઠા વિભાગનો સપાટો, આવક-જમીન હોવા છતાં અનાજ લેતા પરિવારોના રેશનકાર્ડ રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લામાં પુરવઠા વિભાગે સપાટો બોલાવ્યો હતો. જિલ્લામાં સસ્તા અનાજનો જથ્થો મેળવતા ૯૬ હજાર જેટલાં રેશનકાર્ડ રદ કરવામાં આવ્યાં છે. તમામ સામે નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ (એનએફએસએ) એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

મહેસાણા શહેરમાં ૧૭,૩૪૫ રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા છે. મહેસાણામાં નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ (એનએફએસએ) હેઠળ સસ્તા અનાજનો જથ્થો મેળવતા કહેવાતા ગરીબ લોકો સામે કાર્યવાહી કરવામાં આવી છે. પાંચ એકર જમીન અને ૬ લાખનું આઈટી રિટર્ન ભરતા ૫૩,૫૭૧ લોકો ગરીબોના હક્કનું અનાજ ખાઈ જતા હતા. નિયત માપદંડ પરિપૂર્ણ નહીં કરતા ૧.૩ લોકોની ઓળખ કરવામાં આવી હતી.

બંગલો, ગાડી, આવક અને જમીન ધરાવતા હોવા છતાં ગરીબોના હક્કનું અનાજ ખાઈ જતા હતા. નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ હેઠળ ૨.૪૦ લાખથી વધુ આવક ધરાવતા પરિવાર આ યોજના હેઠળ ગેરલાયક ગણાય છે. ૬ લાખથી વધુની આવક ધરાવતા અને આઈટી રિટર્ન ભરતા ૧૬,૩૫૯ લોકો અને ૨.૪૭ એકરથી વધુ જમીન ધરાવતા ૧,૬૫,૫૬૬ લોકો મળી આવ્યા હતા.

પાંચ એકરની મર્યાદામાં પિયત અને બિનપિયત જમીન અલગ તારવ્યા બાદ પાત્રતા નક્કી કરવામાં આવે છે. આ તમામના એનએફએસએ યોજના હેઠળના કાર્ડ રદ કરવામાં આવશે. ૨.૩૩ લાખ લોકોના કાર્ડ વેરિફિકેશન દરમિયાન ૧.૦૩ લાખ કાર્ડ શંકાસ્પદ મળ્યા હતા. ૭ લાખથી વધુની આવક ધરાવતા ૧૫,૩૨૬ કાર્ડ મળી આવ્યા હતા.

# મુખ્ય પ્રધાનના હસ્તે ગાંધીનગરથી ટાઈપ-૧ ડાયાબિટીસ નિયંત્રણ કાર્યક્રમનો આરંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ટાઈપ-૧ ડાયાબિટીસ-જુવેનાઈલ ડાયાબિટીસ સારવાર-નિયંત્રણ કાર્યક્રમનો રાજ્યવ્યાપી પ્રારંભ ગાંધીનગરથી કરાવ્યો હતો. આ પ્રસંગે ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ટાઈપ-૧ ડાયાબિટીસ (જુવેનાઇલ ડાયાબિટીસ) ધરાવતું એક પણ બાળક સારવાર-સુવિધાથી વંચિત ન રહે તેવી સઘન સારવાર વ્યવસ્થાની રાજ્ય સરકારની નેમ વ્યક્ત કરી હતી.

રાજ્યના આંતરીયાળ વિસ્તારોના પ્રાયમરી હેલ્થ સેન્ટર અને કોમ્યુનિટી હેલ્થ સેન્ટરમાં પણ ટાઈપ-૧ ડાયાબિટીસની સારવારનો લાભ મળી રહે અને આ રોગ ધરાવતા તમામ બાળકોને સારવારથી આવરી લેવાય તેવા આરોગ્ય સેવાલક્ષી અભિગમથી આ રાજ્યવ્યાપી અભિયાન શરૂ કરી રહ્યા છીએ તેમ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતુ. તેમણે વધુમાં કહ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વસ્થ અને સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણનો નિર્ધાર કર્યો છે આ માટે તેમણે નાનામાં નાના માનવીને પણ શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ મળે તે માટે આયુષ્યમાન ભારત જેવી વિશ્વની સૌથી મોટી આરોગ્ય સુરક્ષા-સંભાળ યોજના શરૂ કરી છે.

એટલું જ નહીં, લોકો નિરોગી રહે તે માટે યોગના પ્રચાર-પ્રસારને પણ મહત્ત્વ આપ્યું છે. આમ છતાં જો કોઈને ગંભીર બીમારી આવે તો આયુષ્યમાન કાર્ડથી સરકાર તેની સારવાર માટે પડખે ઊભી છે. યોગથી આયુષ્માનની તેમની આ આગવી સંકલ્પના છે એમ મુખ્ય પ્રધાને ઉમેર્યુ હતું.

ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, રાજ્ય સરકારે પણ ટાઈપ-૧ ડાયાબિટીસ ધરાવતા બાળકોનાં સચોટ નિદાન અને સમયસર સારવાર દ્વારા આ રોગને નિયંત્રિત કરવાનો સંકલ્પ કર્યો છે.

મુખ્ય પ્રધાને રાજ્યવ્યાપી અભિયાનના આ આરંભ અવસરે ટાઈપ-૧ ડાયાબિટીસ ધરાવતા બાળકોને સારવાર કિટનું વિતરણ કરતાં કહ્યું હતું કે, આવા બાળકોની સારવારનો બોજ પરિવાર પર ન આવી પડે તે માટે રાજ્ય સરકાર નિઃશુલ્ક ઈન્જેક્શનો તથા ગ્લુકોમિટર અને અન્ય જરૂરી સારવાર સામગ્રી પૂરી પાડે છે.

મુખ્ય પ્રધાનએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે બાળ આરોગ્ય સંભાળ માટે પ્રિકોશન, પ્રિવેન્શન અને પોઝિટીવ લાઈફ સ્ટાઈલ ત્રણેય પર ફોકસ કર્યું છે.

# મહેસાણાનું ૨૦૦ લોકોની વસ્તીવાળું સાંકાપુરા ગામ સામૂહિક ભોજનાલયથી બન્યું એક પરિવાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના સાંકાપૂરા ગામ વસ્તીમાં તો નાનું છે, પરંતુ વિકાસ અને સામૂહિક વિચારધારામાં આસપાસના ઘણાં ગામો માટે પ્રેરણારૂપ બની ગયું છે. લગભગ ૨૦૦ જેટલી વસ્તી ધરાવતું આ ગામ સામૂહિક ભોજનના કારણે જાણીતું બન્યું છે, જે માત્ર ભોજન પૂરું પાડતી નથી, પણ ગામને એક પરિવાર તરીકે જોડે છે. આ વ્યવસ્થાનું નામ છે 'શ્રીજી રસોઈ ઘર', જે એક સામૂહિક ભોજનાલય છે, જ્યાં પ્રેમ, સહકાર અને સેવા સાથે ભોજન પીરસાય છે.

આ વિચારની શરૂઆત લગભગ ત્રણ વર્ષ પહેલાં થઈ હતી. ગામના દાતા ભલાભાઈ શંકરભાઈ પટેલ અને તેમના પરિવાર દ્વારા એક અનોખો વિચાર રજૂ કરાયો કે ગામમાં એક એવું સામૂહિક ભોજનાલય બનાવવામાં આવે, જ્યાં લોકો ભેગા મળી શકે, સાથે જમી શકે અને કોઈપણ વ્યક્તિ ભૂખ્યો ન રહે. આ વિચારને સાંકાપૂરાના લોકો દ્વારા ખૂબ જ સહર્ષ સ્વીકારવામાં આવ્યો અને ગામના સહયોગથી 'શ્રીજી રસોઈ ઘર'નું સ્વપ્ન સાકાર થયું. આ ભોજનાલયના નિર્માણ માટે અંદાજે ૪૦ લાખ રૂપિયાનો ખર્ચ થયો, જે સંપૂર્ણપણે દાતાઓના દાનથી શક્ય બન્યો છે.

ભોજનાલયનું મુખ્ય ધ્યેય નફો નહીં, પરંતુ સેવા છે. અહીં માત્ર ૪૦ રૂપિયામાં અનલિમિટેડ જમવાનું આપવામાં આવે છે. હાલમાં, રોજના સરેરાશ ૪૫ થી ૫૦ લોકો અહીં ભોજન લે છે. સાંકાપૂરા ગામમાં મોટાભાગના લોકો ખેતી સાથે જોડાયેલા છે. આ સાથે જ ગામના ઘણા યુવાનો રોજગારી માટે અન્ય શહેરો, રાજ્યો કે વિદેશમાં સ્થાયી થયા છે. આવી સ્થિતિમાં ગામમાં રહેતા વડીલો માટે રોજિંદા ભોજનની વ્યવસ્થા એક મોટી ચિંતા બની શકે. આ સમસ્યાને ધ્યાનમાં રાખીને 'શ્રીજી રસોઈ ઘર'ની કલ્પના સાકાર કરવામાં આવી, જેથી વડીલોને સમયસર, સ્વચ્છ અને પૌષ્ટિક ભોજન મળી રહે છે. છેલ્લાં ત્રણ વર્ષથી આ ભોજનાલય સતત અને સફળ રીતે ચાલી રહ્યું છે. ગામના વડીલોને હવે ભોજન માટે કોઈ ચિંતા રહેતી નથી. અહીં તેમને દિવસમાં બે વખત સમયસર જમવાનું મળે છે. ભોજનાલયમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. રોટલી બનાવવાનું મશીન, લોટ દળવા માટે ઘંટી અને રસોઈ માટે જરૂરી તમામ સાધનો અહીં હાજર છે.

આ ભોજનાલયમાં માત્ર વૃદ્ધો જ નહીં પણ ગામના યુવાનો, મધ્યવયસ્ક લોકો અને કેટલાક વખત પૂરા પરિવાર પણ અહીં ભોજન લેવા આવે છે. અહીં ભોજન માટે સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવે છે. જમવાના અંદાજે ૧૦ કલાક પહેલાં લોકો પોતાની હાજરી નોંધાવી દે છે, જેથી રસોઈ કેટલા લોકો માટે બનાવવાની છે તેનો ખ્યાલ આવી જાય અને ખોરાક બગડે નહીં. આ ભોજનાલયની વિશેષતા એ છે કે અહીં પીરસાતી મોટાભાગની શાકભાજી સંપૂર્ણપણે ઓર્ગેનિક છે. ગામના લોકો જાતે પ્રાકૃતિક રીતે શાકભાજી ઉગાડે છે. ખાસ કરીને ગામની બહેનો, જે અહીં ભોજન લેવા આવે છે, તેઓ જ ખેતરમાં સેવા આપે છે. તેઓ શાકભાજી ઉગાડે છે, તેની દેખરેખ રાખે છે અને ત્યારબાદ તે જ શાકભાજી ભોજનાલયમાં ઉપયોગમાં લેવાય છે. આ રીતે અહીં આરોગ્યપ્રદ અને શુદ્ધ ભોજન લોકો સુધી પહોંચે છે. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ મનપા તંત્રની આ કાર્યવાહીથી કરોડો રૂપિયાના બંગલામાં રહેતા આ લોકો હાલ ઘરવિહોણા થયા છે. માહિતી મુજબ આ લોકો માટે તંત્રએ સરકારી આવાસમાં રહેવાની વ્યવસ્થા તો કરી આપી છે, પરંતુ સ્થાનિકોનું કહેવું છે કે અમારે સરકારી આવાસોમાં નથી રહેવું, અમને અમારું ઘર જોઈએ છે. અમે મકાનની સામે મકાન જ લઈશું, હાલ અમારી પરિસ્થિતિ લાખો રૂપિયા ખર્ચીને કોર્ટ કેસ લડવાની નથી, જેથી સરકાર પાસે અમારી માગ છે કે, અમને સરકારી વકીલ ફાળવવામાં આવે અને તે અમારો આ કેસ લડી અમને જીતાડે.

# મરાઠી એકતાનો શુભ કળશઃ સંજય રાઉત

મુંબઈઃ રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે એક જ મંચ પર ભેગા થયા છે. આ સમયે શિવસેના (યુબીટી)ના સંસદ સભ્ય સંજય રાઉત પણ હાજર હતા. સંજય રાઉતે કહ્યું કે આજનો દિવસ મહારાષ્ટ્ર માટે ઐતિહાસિક છે. આજે સંયુક્ત મહારાષ્ટ્રનો શુભ કળશ મહારાષ્ટ્રમાં આવ્યો જે મરાઠી એકતાનો શુભ કળશ હતો. આજે પણ રાજ અને ઉદ્ધવ મરાઠી એકતાના શુભ કળશ સાથે આવ્યા છે.

આ ઐક્યને આનંદની ક્ષણ ગણાવી રાઉતે વધુમાં જણાવ્યું હતું કે આ શુભ કળશ મુંબઈ સહિત અનેક મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં વિજયી ભગવો લહેરાવશે. મહારાષ્ટ્રને નેતૃત્વ ફક્ત ઠાકરે જ આપી શકે છે. મહારાષ્ટ્ર ઠાકરેને ટેકો આપશે. સંજય રાઉતે મંગળવારે જાહેરાત કરી હતી કે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે એક મંચ પર આવશે અને ગઠબંધનની જાહેરાત કરશે.

સંજય રાઉતે જણાવ્યું હતું કે બધું જ આયોજન અનુસાર થઈ રહ્યું છે. અમે બેઠકો પર પણ ચર્ચા કરી. મુંબઈમાં મેયર મરાઠી હશે અને તે પણ અમારા હશે એવો દાવો રાજ ઠાકરેએ કર્યો છે. અનેક ઈચ્છુકોને ઉમેદવારી આપવામાં આવશે. મહારાષ્ટ્રને પ્રતીક્ષા હતી એ શિવસેના - મનસે ગઠબંધનની જાહેરાત અમે કરી છે.

# નાલાસોપારામાં યુવકની હત્યાના કેસમાં ફરાર આરોપીની ૧૬ વર્ષ બાદ ધરપકડ

## ૧૯૯૮માં ઉત્તર પ્રદેશમાં પણ હત્યા કરી હોવાની આરોપીની કબૂલાત

પાલઘરઃ નાલાસોપારામાં યુવકની હત્યાના કેસમાં ફરાર ૪૨ વર્ષના આરોપીને પોલીસે ૧૬ વર્ષ બાદ નાયગાંવથી ઝડપી પાડ્યો હતો. આરોપીની ઓળખ અવિનાશ લાલતાપ્રસાદ સોની તરીકે થઇ હોઇ તેણે ૧૯૯૮માં ઉત્તર પ્રદેશના આઝમગઢમાં પણ મિત્રો સાથે મળી એક વ્યક્તિની હત્યા કરી હોવાનું પૂછપરછમાં કબૂલ્યું હતું.

મીરા રોડ પૂર્વમાં સાઇબાબા નગરમાં રહેનારો વિનોદ શંકરલાલ જયસ્વાલ નામનો યુવક એપ્રિલ, ૨૦૦૯માં દલાલીના પૈસા લેવા નાલાસોપારા પૂર્વમાં ગયો હતો, જ્યાં આરોપી અવિનાશ સોનીએ કિરણ ધર્મેન્દ્ર, કૈલાસ યાદવ તથા વિનય ઉર્ફે અજય સાથે મળીને વિનોદ જયસ્વાલના હાથ-પગ રસ્સીથી બાંધી દીધા બાદ ગળું દબાવીને તેની હત્યા કરી હતી. આ પ્રકરણે નાલાસોપારા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો હતો.

આ કેસમાં મુખ્ય આરોપી અવિનાશ સોની ફરાર હતો અને પોલીસ ઘણાં વર્ષોથી તેની શોધ ચલાવી રહી હતી. આરોપી અવિનાશ ગુનો આચર્યા બાદ મધ્ય પ્રદેશ ભાગી છૂટ્યો હતો અને ત્યાં પોતાની ઓળખ બદલીને રહેતો હતો. તાજેતરમાં તે પાલઘર જિલ્લામાં આવ્યો હતો, જેની માહિતી પોલીસ અધિકારીઓને મળી હતી. આથી પોલીસ ટીમે નાયગાંવ પૂર્વમાં ૨૨ ડિસેમ્બરે છટકું ગોઠવ્યું હતું અને અવિનાશને ઝડપી પાડ્યો હતો.

અવિનાશે પૂછપરછમાં પોલીસને જણાવ્યું હતું કે તેણે ૧૯૯૮માં ઉત્તર પ્રદેશના આઝમગઢમાં ચાર મિત્રો સાથે મળીને હોળીને દિવસે એક વ્યક્તિની હત્યા કરી હતી. આરોપીની કબૂલાત બાદ પોલીસ અધિકારીઓએ આઝમગઢની કોતવાલી પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

# ગાર્ડનમાં દિવ્યાંગ મહિલાનો વિનયભંગઃ આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટરની ધરપકડ

મુંબઈઃ દક્ષિણ મુંબઈના તાડદેવ વિસ્તારમાં દિવ્યાંગ મહિલાનો કથિત વિનયભંગ કરવા પ્રકરણે આસિસ્ટન્ટ પોલીસ સબ-ઇન્સ્પેક્ટરની ધરપકડ કરવામાં આવી હતી.

મુંબઈ સેન્ટ્રલ રેલવે સ્ટેશનની નજીક આવેલા પાલિકાના ગાર્ડનમાં સોમવારે આ ઘટના બની હતી, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

આરોપી સોમવારે પાલિકાના ગાર્ડનમાં મહિલા સાથે બેઠો હતો ત્યારે તેની સાથે તેણે ગેરવર્તન કર્યું હતું. મહિલાએ વાંધો ઉઠાવ્યા બાદ ગાર્ડનમાં હાજર અન્ય લોકોએ દરમિયાનગીરી કરી હતી. ત્યાર બાદ આરોપીને તાડદેવ પોલીસ સ્ટેશનમાં લઇ જવામાં આવ્યો હતો.

આરોપીને તેનો કોલર પકડીને પોલીસ સ્ટેશનમાં લઇ જવામાં આવ્યો હતો, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. લોકલ આર્મ્સ વિભાગમાં કાર્યરત આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરવામાં આવી હતી. આ ઘટના બની ત્યારે આરોપી ફરજ પર નહોતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

# સિરિયલમાં 'વાંધાજનક ડાયલોગ': હાઇ કોર્ટે ટીવી એક્ઝિક્યુટિવ્ઝ વિરુદ્ધ એફઆઈઆર રદ કર્યો

થાણેઃ સિરિયલમાં 'વાંધાજનક ડાયલોગ'ને લઇ મરાઠી ટેલિવિઝન ચેનલના પ્રોગ્રામિંગ હેડ્સ અને મીડિયા એક્ઝિક્યુટિવ્ઝ સામે ૧૨ વર્ષ જૂનો એફઆઇઆર મુંબઈ હાઇ કોર્ટે રદ કર્યો છે. નિર્માણમાં તેમની કોઇ ભૂમિકા હોતી નથી, એવું કોર્ટે અવલોકન કર્યું હતું.

સિરિયલ 'લક્ષ્મી વર્સિસ સરસ્વતી'ના એક એપિસોડમાં અનુસૂચિત જાતિ સમુદાયનું અપમાન કરવામાં આવ્યું હોવાનો આરોપ થયો હતો. એફઆઇઆર થાણેના વાડા પોલીસ સ્ટેશનમાં રાહુલ ગાયકવાડ દ્વારા દાખલ કરવામાં આવ્યો હતો.

૨૨ ઑગસ્ટ, ૨૦૧૨ના પ્રસારિત એક એપિસોડમાં પાત્ર દ્વારા અનુસૂચિત જાતિ મહાર સમુદાય વિરુદ્ધ અપમાનજનક શબ્દ ઉચ્ચારવામાં આવ્યો હોવાનો આરોપ કરાયો હતો.

સ્ટાર પ્રવાહ અને સ્ટાર એન્ટરટેઇનમેન્ટ મીડિયા પ્રા.લિ.ના પ્રોગ્રામિંગ હેડ સહિતના અરજદારોએ તેઓ કન્ટેન્ટ ક્રિયેટર નથી અને ડાયલોગ ડિલિવરીમાં તેમની કોઇ ભૂમિકા નથી એવી દલીલ કરી હતી.

જસ્ટિસ મનીષ પિતળે અને મંજુષા દેશપાંડેની ડિવિઝન બેન્ચે મંગળવારે ઉક્ત ચુકાદો આપ્યો હતો. એટ્રોસિટીસ એક્ટ હેઠળ ગુનામાં કામ ચલાવવાની કઠોર આવશ્યતા હોવા પર કોર્ટે ભાર આપ્યો હતો. (પીટીઆઇ)

# વાશી સ્ટેશન નજીક ટ્રેનમાં યુવક પર ચાકુથી હુમલો

થાણેઃ વાશી સ્ટેશન નજીક ટ્રેનમાં ૨૪ વર્ષના યુવક પર ચાકુના અનેક ઘા ઝીંકવામાં આવ્યા બાદ ગવર્નમેન્ટ રેલવે પોલીસે (જીઆરપી) હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કર્યો હતો.

મંગળવારે સવારે આઠ વાગ્યાની આસપાસ ટ્રેન રેલવે સ્ટેશનમાં પ્રવેશી રહી હતી ત્યારે આ ઘટના બની હતી. ટ્રેન સ્ટેશન પર થોભ્યા બાદ આરોપી રાજેશ રાજનગમ અરુંદ્તિયર ફરાર થઇ ગયો હતો, એમ જીઆરપીના સિનિયર ઇન્સ્પેક્ટર કિરણ ઉંદ્રેએ જણાવ્યું હતું.

હુમલામાં ઘવાયેલા યુવકની ઓળખ સિરાજ અબ્દુલ્લા શેખ (૨૪) તરીકે થઇ હોઇ તે માનખુર્દના ચિતા કેમ્પનો રહેવાસી છે.

સિરાજ અને આરોપી રાજેશ એકબીજાને ઓળખતા હોઇ મંગળવારે સવારે પનવેલ-સીએસએમટી ટ્રેનમાં પ્રવાસ દરમિયાન બંને વચ્ચે ઝઘડો થયો હતો. ઝઘડો ઉગ્ર બનતાં ઉશ્કેરાયેલા રાજેશે સિરાજ પર ચાકુથી હુમલો કર્યો હતો, જેમાં તેના ગળા, પીઠ અને છાતીમાં ગંભીર ઇજા થઇ હતી. (પીટીઆઇ)

# યવતમાળના શેણદુરસની ગામની વસ્તી ૧,૫૦૦ પરંતુ ત્રણ મહિનામાં ૨૭,૩૯૭ બાળકોના જન્મ

યવતમાળઃ મહારાષ્ટ્રના યવતમાળ જિલ્લાના એક નાના ગામ શેણદુરસનીમાં એક વિચિત્ર ઘટના પ્રકાશમાં આવી છે. આ ગામની વસ્તી ફક્ત ૧,૫૦૦ છે, પરંતુ છેલ્લા ત્રણ મહિનામાં અહીં ૨૭,૩૯૭ બાળકોના જન્મ થયા છે. હકીકતમાં, શેણદુરસની ગામના રહેવાસી હોવાનું જણાવીને ૨૭ હજારથી વધુ જન્મના દાખલાનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. ભાજપના નેતા અને ભૂતપૂર્વ સાંસદ કિરીટ સોમૈયાનો આરોપ હતો કે, આ વધારાના બર્થ સર્ટિફિકેટ પશ્ચિમ બંગાળ અને યુપીના લોકોના છે. તેમણે સરકારને આ બાબતે તપાસ કરવાની માગ કરી હતી. આ મામલો પ્રકાશમાં આવ્યા બાદ જિલ્લા આરોગ્ય અધિકારીએ યવતમાલ પોલીસમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

અહેવાલો અનુસાર, સપ્ટેમ્બર અને નવેમ્બર ૨૦૨૫ દરમિયાન, શેણદુરસની ગ્રામ પંચાયતમાં બર્થ સર્ટિફિકેટ માટે ૨૭,૩૯૭ નોંધણીઓ કરવામાં આવી હતી, જ્યારે મૃત્યુ માટે ફક્ત પાંચ જ રજિસ્ટ્રેશન થયું હતું. આરોગ્ય વિભાગના અધિકારીઓ નિયમિત નિરીક્ષણ કરી રહ્યા હતા ત્યારે આ વિસંગતતા મળી આવી હતી. ભાજપના નેતા કિરીટ સોમૈયાએ ગામની મુલાકાત દરમિયાન કહ્યું હતું કે ગ્રામ પંચાયતના કમ્પ્યુટર ઓપરેટરની લોગિન વિગતોનો દુરુપયોગ કરવામાં આવ્યો છે. આ જન્મ નોંધણીઓમાં નોંધાયેલા નામોમાંથી ૯૯.૯૯ ટકા પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ અને આસપાસના વિસ્તારોના લોકો છે. આ ચોંકાવનારા ખુલાસા બાદ, ડીએચઓએ જિલ્લા પરિષદના મુખ્ય કાર્યકારી અધિકારી પાસેથી માહિતી માંગી હતી.

પાંચમાં પાનાનું ચાલુ

## ઉદ્ધવ-રાજ યુતિની જાહેરાત

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં સીએમ ફડણવીસનું કહેવું હતું કે તેમણે ભ્રષ્ટાચાર કર્યો છે અને સ્વાર્થને પ્રાધાન્ય આપ્યું છે. તેમનું ગઠબંધન રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા માટે છે અને તેનાથી કોઈ ખાસ રાજકીય ફરક નહીં પડે. આ સિવાય જો કોઈ વિચારતું હોય તો એ નરી બાલિશતા છે. લોકો ભોળવાઈ નહીં જાય. મુંબઈ અમારી સરકાર પડખે રહેશે. લોકો મહાયુતિ સરકારની કામગીરી, ભવિષ્ય માટેનું આયોજન અને મરાઠી લોકોને શહેરમાં ઘર મળે એની તકેદારી રાખવા કરવામાં આવી રહેલું કાર્ય જોશે.

મુખ્ય પ્રધાને મુંબઈમાં ઠાકરે બંધુઓની સંયુક્ત પત્રકાર પરિષદની આસપાસ ચાલી રહેલા પ્રચારની મજાક ઉડાવતા કહ્યું કે વાતમાં કોઈ દમ નથી અને પતંગ ચગી રહ્યા જેવી વાત છે. ટીવી ન્યૂઝ ચેનલો એવી રીતે રિપોર્ટિંગ કરી રહી હતી કે જાણે તે રશિયા-યુક્રેન જોડાણ થયું હોય. ઠાકરે મરાઠી લોકો અને મુંબઈના એકમાત્ર પ્રતિનિધિ નથી. તેમના અહંકારને કારણે જ મુંબઈના નાગરિકોએ મોઢું ફેરવી લીધું છે.'

દરમિયાન ભાજપના નેતા અને મહારાષ્ટ્રના પ્રધાન આશિષ શેલારે કહ્યું હતું કે ઉદ્ધવ અને રાજ ઠાકરે પહેલા કેમ અલગ થયા હતા એવો સવાલ મરાઠી મતદારો પૂછી રહ્યા છે. ઉદ્ધવ અને રાજ ઠાકરે વચ્ચે નવેસરથી મેળાપ રાજકીય અસુરક્ષાને કારણે હોવાનો દાવો કરી શેલારે એમ પણ જણાવ્યું હતું કે ભાજપે મુંબઈ પર ઠાકરે પરિવારના એકાધિકારને પડકાર્યો ત્યારે ઉદ્ધવ અને રાજ અસુરક્ષીત ભાવનાથી પીડાવા લાગ્યા. રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા તેઓ હવે સાથે આવ્યા છે. (પીટીઆઈ)

## ઊંચી બિલ્ડિંગોને કારણે પાણીનાં ફાંફાં

ખર્ચ કરવામાં આવે છે, તેમ છતાં નાગરિકોને નજીવા દરે પાણી ઉપલબ્ધ કરાવી આપવામાં આવે છે. આવું હોવા છતાં પણ દિવસે દિવસે મુંબઈગરાની પાણીની જરૂરિયાતને પહોંચી વળવાનું સુધરાઈ માટે અઘરું બની રહ્યું છે.

ઝૂંપડપટ્ટી, ઉંચાણવાળી જગ્યાએ આવેલી વસતી, મુંબઈમાં જગ્યાના ભાવ આસમાને આંબી ગયા હોવાને કારણે અનેક લોકો ઝૂંપડપટ્ટી, ચાલીઓ અને ડુંગરાળ વિસ્તારમાં આસરો લઈ રહ્યા છે. આવા વિસ્તારમાં પાઈપલાઈનનું નેટવર્ક પણ નબળું હોવાને કારણે ત્યાંના રહેવાસીઓ પાણીની જરૂરિયાત પૂરી કરવા માટે દરબદર ભટકી રહ્યા છે. પાલિકા આજે પણ આ વિસ્તારના નાગરિકોની તરસ છિપાવી શકી નથી.

મુંબઈની મહાપાલિકાના પ્રશાસકીય વિભાગમાં દરરોજ અસમાન રીતે પાણી પુરવઠો કરવામાં આવે છે. દરેક વોર્ડમાં સમાન રીતે પાણી પુરવઠો કરવામાં આવે એવી માગણી સતત કરવામાં આવી રહી છે, પણ સુધરાઈ આ માગણી પૂરી કરવામાં સફળ રહી નથી. પરિણામે એક વોર્ડમાં વધુ તો તેની બાજુના વોર્ડમાં ઓછો પાણી પુરવઠો થાય છે. અસમાન પાણીપુરવઠા સિવાય પાઈપલાઈનમાં થતું ગળતર અને પાઈપલાઈનમાં પડેલાં છિદ્રમાંથી અશુદ્ધ પાણી પાઈપલાઈનમાં પ્રવેશે છે જેને કારણે નાગરિકો સુધી દુષિત પાણી પુરવઠો પહોંચે છે.

## રાજ ઠાકરેના બે માસ્ટરસ્ટ્રોક!

જશો... જો તમે હવે વહેંચાઈ જશો, તો તમે સમાપ્ત થઈ જશો, એમ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું અને ઠાકરેના ગઠબંધનનો પહેલો માસ્ટરસ્ટ્રોક કર્યો. બીજો માસ્ટરસ્ટ્રોક મારતાં રાજ ઠાકરેએ એક મોટી જાહેરાત કરી કે મુંબઈમાં એક મરાઠી મેયર બનશે. ઘણા દિવસોથી રાહ જોવાતી ગઠબંધનની જાહેરાત કરીને રાજ ઠાકરેએ મહારાષ્ટ્રના રાજકારણને નવી દિશા આપી છે. રાજ ઠાકરેએ કહ્યું છે કે મુંબઈનો મેયર આપણો હશે અને તે મરાઠી હશે. તેમણે એમ પણ કહ્યું હતું કે મુખ્ય પ્રધાનનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ અલ્લાહુ અકબર કહેતા જોવા મળી રહ્યા છે. રાજ ઠાકરેએ એવો પણ દાવો કર્યો હતો કે તેમની પાસે આવા ઘણા વીડિયો છે.

### રાજએ ૨ મિનિટમાં બોલવાનું પૂરું કર્યું

રાજ ઠાકરેએ માત્ર બે મિનિટમાં પોતાનું ભાષણ પૂરું કર્યું હતું. તેમણે ગઠબંધનની પણ સત્તાવાર જાહેરાત કરી. જોકે, આ વાતચીત દરમિયાન તેમણે એક વાત છુપાવી. તેમણે કહ્યું હતું કે તેઓ આજે સીટ વહેંચણી પર કંઈ નહીં કહે. રાજ ઠાકરેએ એમ પણ કહ્યું કે અમે જે કહેવા માંગીએ છીએ તે જાહેર સભાઓમાં પછીથી કહીશું.

### રાજ ઠાકરેએ શું વાત છુપાવી?

'હવે કોણ કેટલી બેઠકો પર ચૂંટણી લડશે? સંખ્યા કેટલી છે? હું કહીશ નહીં. તમે જાણો છો, હાલમાં મહારાષ્ટ્રમાં બાળકોના અપહરણ કરનારાઓની ગેંગ છે. તેમાં વધુ બે ગેંગ ઉમેરવામાં આવી છે. તેઓ રાજકીય પક્ષોના બાળકો (ઉમેદવારો)નું અપહરણ કરે છે. ચૂંટણી લડનારા તમામ ઉમેદવારોને બંને પક્ષો દ્વારા નામાંકન આપવામાં આવશે. તેમને ક્યારે અને ક્યાં નામાંકન દાખલ કરવું તે જણાવવામાં આવશે. એમ રાજ ઠાકરેએ કહ્યું હતું.

## નીતેશ રાણે, પ્રવીણ દરેકર

સુનાવણીમાં નિલેશ રાણે અને રાજન તેલી તેમજ અન્ય આરોપીઓ હાજર રહ્યા હતા. જ્યારે નિતેશ રાણે અને અન્ય પાંચ લોકો ગેરહાજર રહ્યા હતા. અદાલતે નિતેશ રાણેના વકીલોની ગેરહાજર રહેવાની વિનંતીને ફગાવીને ધરપકડ વોરંટ જારી કર્યું હતું. નિતેશ રાણે કોર્ટની તારીખોમાં વારંવાર ગેરહાજર રહેવાના કિસ્સામાં બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું હતું.

## મહાયુતિની બેઠકોની વહેંચણીની ફૉર્મ્યુલા નક્કી થઈ

જણાવ્યું હતું કે એમએમઆર પ્રદેશની તમામ નગરપાલિકાઓમાં ગઠબંધન બનાવવા પર સર્વસંમતિ સધાઈ હતી.

સાંસદ નરેશ મ્હસ્કેએ બેઠક બાદ પત્રકારોને જણાવ્યું હતું કે ચર્ચા ખૂબ જ મૈત્રીપૂર્ણ વાતાવરણમાં થઈ હતી, જેમાં રાજકીય ચર્ચાઓ ઉપરાંત ઘણા મુદ્દાઓ પર મજાક-મસ્તી થઈ હતી. બેઠકમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની લાંબા સમય સુધીની સિદ્ધિઓ અને કાર્ય કૌશલ્યની પણ ચર્ચા થઈ હતી. બેઠકમાં હાજર દરેક વ્યક્તિએ મોદી સાથેના પોતાના અંગત અનુભવો પણ શેર કર્યા હતા, એમ મ્હસ્કેએ જણાવ્યું હતું. મુંબઈ, કલ્યાણ-ડોમ્બિવલી, નવી મુંબઈ, મીરા-ભાઈંદર જેવી નગરપાલિકાઓમાં, બેઠકની વહેંચણીને લઈને શિંદે અને ભાજપ બંને પક્ષો વચ્ચે ઉગ્ર ખેંચતાણ ચાલી રહી છે. ભાજપના નેતાઓ પણ થાણેમાં ૪૨ બેઠકો પર આગ્રહી છે.

રવિન્દ્ર ચવ્હાણ પોતે કલ્યાણ-ડોમ્બિવલીમાં ભાજપને મેયર બનાવવા માટે સતત અપીલ કરી રહ્યા છે. આ શહેરમાં ડો. શ્રીકાંત શિંદે અને ચવ્હાણ વચ્ચે રાજકીય સ્પર્ધા ચરમસીમાએ પહોંચી ગઈ છે. વન ખાતાના પ્રધાન ગણેશ નાઈક નવી મુંબઈમાં ગઠબંધન બનાવવા તૈયાર નથી. તેમના અને શિંદે સેનાના સ્થાનિક નેતાઓ વચ્ચે કડવા સંબંધો છે. મીરા-ભાઈંદર મ્યુનિસિપલ કોર્પોરેશન હદમાં ભાજપના વિધાનસભ્ય નરેન્દ્ર મહેતા અને પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈક સામસામે આવતા જોવા મળે છે. આ પૃષ્ઠભૂમિમાં, ભાજપના પ્રદેશ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણ મંગળવારે મોડી રાત્રે એકનાથ શિંદેના નિવાસસ્થાને ગયા હતા અને ગઠબંધન અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી.

## આજથી નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટનો

કોર્પોરેશન (સિડકો)ના જણાવ્યાનુસાર પહેલા દિવસે કુલ ૩૦ એર ટ્રાફિક મૂવમેન્ટ કરશે. આ શરૂઆત એક મજબૂત મલ્ટિ એરપોર્ટ સિસ્ટમનો પાયો નાખશે, જેનાથી ભવિષ્યમાં વધતા પ્રવાસીઓના ભારને સારી રીતે સંચાલન કરવામાં મદદ મળશે.

પહેલા દિવસ ઉડાન ભરનારી એરલાઈન્સમાં ઈન્ડિગો, અકાસા એર, એર ઈન્ડિયા એક્સપ્રેસ અને સ્ટાર એરનો સમાવેશ થાય છે. નિર્ધારિત શેડ્યૂલ મુજબ ઈન્ડિગોની ફ્લાઈટ સવારે આઠ વાગ્યે બેંગલુરુથી નવી મુંબઈ આવશે, જે એરપોર્ટ પર સૌથી પહેલી નવી મુંબઈ પર લેન્ડ થશે, જ્યારે બીજી બાજુ ઈન્ડિગોની ફ્લાઈટ સવારના ૮.૪૦ વાગ્યે હૈદરાબાદ માટે ઉડાન ભરશે. દિવસભર હૈદરાબાદથી, દિલ્હી, બેંગલુરુ, દિલ્હી, અમદાવાદ, મેંગલુરુ, નાગપુર, ગોવા, કોચી, લખનઊ વગેરે શહેર માટે ફ્લાઈટ ઉડાન ભરશે. નવી મુંબઈથી અમદાવાદની ૧૦.૧૦ વાગ્યે ઈન્ડિગોની ફ્લાઈટ ઉડાન ભરશે, એમ એરપોર્ટ પ્રવક્તાએ જણાવ્યું હતું.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દાઠા નિવાસી હાલ મુલુંડ, અનંતરાય પ્રભુદાસ શાહ (ઉં.વ. ૮૬) તે ૨૪.૧૨.૨૫ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ચંદ્રાબેન અનંતરાય શાહના પતિ. હેમંત-પ્રજ્ઞા, રાજૂ(નિલેશ)- પારુલ, (સ્વ. તૃપ્તિ) તથા હીનાબેન રાજેશકુમારના પિતા, હર્ષદભાઈ, સ્વ. હસુમતીબેન ઉત્તમચંદ સંઘવી, (સ્વ. હીનાબેન) નીલાબેન કીર્તિકુમાર વોરાના ભાઈ. પૂજા સિદ્ધાર્થકુમાર મહેતા, રૂષભ-યતી, શ્રેયા, રીષીતના દાદા. ભવ્ય-પૂજાના નાના. શ્વસૂરપક્ષે જયંતીલાલ તલકચંદ શાહના ટાણાવાળા હાલ નવસારીના જમાઈ. તેમની સાદડી શુક્રવાર તા. ૨૬.૧૨.૨૫ના બપોરે ૪થી ૭.૩૦. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. ૭/૮ શીતલછાયા, જે. એન. રોડ, જૂની પોસ્ટ ઓફિસની બાજુમાં, મુલુંડ (વેસ્ટ).

**ઝાલાવાડ વિશાશ્રી મૂર્તિપૂજક જૈન**

બોટાદ નિવાસી હાલ કાંદિવલી, સ્વ. શાંતાબેન ઠાકરશીભાઈ શાહના સુપુત્ર મહેન્દ્રભાઈ (ઉં.વ. ૮૮) તા. ૧૯.૧૨.૨૫ને શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મંજુલાબેનના પતિ. ધીરેન- અસ્મિતા, કલ્પનાબેન કિરીટકુમાર વોરા અને નિશાબેન હરેશકુમાર શાહના પિતા. સ્વ. મહાસુખલાલ- સ્વ. રસીલાબેન, સ્વ. રંજનબેન ઉત્તમલાલ ધ્રુવના ભાઈ. ધંધુકા નિવાસી સ્વ. પ્રભુદાસ જીવરાજભાઈ શાહ (ખડોળવાળા)ના જમાઈ. પ્રિયલ સ્મિતકુમાર શાહ, નમન, પિંકેશ, વિધી ધર્મીલકુમાર શાહ તથા મીતીના દાદા. ભાવવાત્રા તા. ૨૬.૧૨.૨૫ શુક્રવારે ૯.૩૦. ઠે. વર્ધમાન સ્થાનકવાસી ઉપાશ્રય, પારેખ લેન કોર્નર, એસ.વી. રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

વાંકાનેર નિવાસી હાલ ભાયંદર, સ્વ. મહેતા કાંતાબેન અવિચળભાઈ વલ્મજીભાઈના પુત્ર કીર્તિકુમાર (ઉં.વ. ૬૯) તા. ૨૩.૧૨.૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે કુંદનબેનના પતિ. જલ્પા તથા પરાગના પિતા. નીશીતકુમારના સસરા. તે સ્વ. અમૃતલાલ, સ્વ. છબીલદાસ, સ્વ. કનકરાય, વસંતબેન દલીચંદ મહેતા, વર્ષાબેન પ્રદીપકુમાર શાહ, મધુબેન મધુકાંત શેઠ તથા નીરૂબેન પ્રવિણચંદ્ર શાહના ભાઈ. સ્વ. મનસુખલાલ ન્યાલચંદ દોશીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ડેપાના રતનબેન શામજી સાવલા (ઉં.વ.૮૧) ૨૩/૧૨/૨૫ના અવસાન પામ્યા છે. શામજી કાનજીના ધર્મપત્ની. દેવકાબેન કાનજી કોરશીના પુત્રવધુ. નીતા, અરૂણા, ભરત, હર્ષાના માતુશ્રી. દેશલપુરના તેજબાઇ લાલજી આસુના પુત્રી. ખીમજી, દામજી, નાનજી, પ્રતાપુરના મોંઘી વેલજીના.ભાડીયાના સાકરબેન દેવજી પાનબાઇ બાબુલાલ, દેશલપુરના મણી ટોકરશીના બેન. પ્રા.વ.સ્થા. જૈન, શ્રા.સંઘ, કરશન લધુ નીસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦. નિ. ભરત શામજી, ૯ મહાવીર દર્શન, જુહુલેન અંધેરી (વે.).

રામાણીયા હાલે ગેલડાના ગં.સ્વ. માતુશ્રી પાનબાઇ રાંભીયા (ઉં.વ.૮૮) રાજકોટ મધ્યે ૨૩-૧૨-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. વિશનજી પાસુના ધર્મપત્ની. માતૃશ્રી હાંસબાઇ પાસુ મુરજી રાંભિયાના પુત્રવધૂ. માતુશ્રી મુરીબાઇ દેવજી માલશી લાપસીયાના સુપુત્રી. સ્વ. શામજી (વેલજી), સ્વ. ધનજી (મીઠુભાઇ), સ્વ. માવજી, ભાણજી, ખીમજી, સ્વ. હીરબાઇ/મણીબાઇ ઉંમરશી, સ્વ. નાનબાઈ પાસુ, સ્વ. લક્ષ્મીબાઈ કુંવરજી, સ્વ. કેસરબાઇ કુરપારના બહેન. પ્રાર્થના રાખેલ નથી. સંપર્ક : સવારના ૧૦ થી ૧૨ સાંજે ૫ થી ૭. એડ્રેસ : ખીમજી દેવજી, ૧લે માળે, ન્યુ ભારત એપાર્ટ., ટેલીફોન એક્ષચેન્જની પાછળ, ચેમ્બુર-૭૧.

મેરાઉના લક્ષ્મીબેન વિશનજી હિરજી દેઢિયા (ઉં.વ.૯૭) મંગળવાર, ૨૩-૧૨-૨૫ના અરિહંત શરણ પામેલ છે. સ્વ. વિશનજી હિરજીના ધર્મપત્ની. સ્વ. બુધ્ધીબાઈ હિરજીના પુત્રવધૂ. કોડાયના દેમીબાઈ દેવરાજ વિસરીયાના પુત્રી. સ્વ. કેતન, જામનગરના પ્રિતી જયેશના માતુશ્રી. કોડાયના ચુનિલાલ, મુલચંદ, પોપટ, જયંતિ, તારાબેન, કેશરબેનના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. ઠે. પ્રિતી જયેશ મહેતા, બી-૩૦૨, રૂસ્તમજી એલીમેંટસ, ડી. એન. નગર, અંધેરી (વે.).

ઉનડોઠ હાલે દીગ્રસના ગિરીશ કલ્યાણજી છેડા (ઉં.વ.૬૦)૨૧-૧૨-૨૫ના અવસાન પામેલ છે. મણીબેન કલ્યાણજીના પુત્ર. મીનાના પતિ. સૌમ્ય, ભાવિકાના પિતા. જયા, નીમા, તારા, લતાના ભાઈ. ભોજાય ગંગાબાઈ તેજપાર દેવજી ગાલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : ગિરીશ છેડા, જુની નગર પરિષદની બાજુમાં, દીગ્રસ, યવતમાળ-૪૪૫૨૦૭.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

જૂનાગઢ નિવાસી હાલ મલાડ, સૌ. સેજલબેન કુમારભાઈ દોશીના પુત્રવધુ સૌ.ખુશ્બુ (ઉં.વ.૪૦) તે પ્રતીકના ધર્મપત્ની. ધ્રુવના માતુશ્રી. કૃતિ કાર્તિકેય રાવલના ભાભી. આશાબેન જયપ્રકાશ શાહના દીકરી. ૨૩/૧૨/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વીશા શ્રીમાળી જૈન**

ભદ્રાવળ નિવાસી હાલ મલાડ, સ્વ. પ્રભુદાસ મોહનલાલ ગાંધીના સુપુત્ર હસમુખભાઈના ધર્મપત્ની ચંદ્રાબેન ૨૨/૧૨/૨૫ના અવસાન પામેલ છે. તે પ્રતિભા, જયેશ, કલ્પેશ, જલ્પેશભાઇ, વૈશાલી, સપનાના માતા. કપૂરભાઈ, પ્રતાપભાઈ, અરવિંદભાઈ, મનોજભાઈ, કાંતાબેન, સુભદ્રાબેન, મમતાબેનના ભાભી. પિયરપક્ષે વ્રજલાલ જગજીવનદાસ દોશી જેસરવાળાહાલ બોરીવલીના દીકરી. માતૃવંદનાં તા. ૨૬/૧૨/૨૫ને શુક્રવાર ૧૦ થી ૧૨. સ્થળઃ અસ્પી હોલ,પહલે માળે, મારવે રોડ, મલાડ વેસ્ટ.

**ઝા. વિશાશ્રી શ્વે. મુ. પૂ. જૈન**

લાઠીદળ નિવાસી હાલ બોરીવલી, હસમુખભાઈ બાબુલાલ શાહના ધર્મપત્ની મીનાબેન હસમુખભાઈ (ઉં.વ. ૭૦) તે ચેતનભાઈ અને વિશાલભાઈના મમ્મી તા. ૨૩.૧૨.૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. રસિકભાઈ, સ્વ. ઈન્દુબેનના ભાભી. તે સ્વ. કોકીલબેન, કુમુદબેનના દેરાણી. પિયરપક્ષે રામપુરા ભકોડાં નિવાસી સ્વ. આત્મારામ મણિલાલ શાહના દીકરી. સ્વ. હર્ષદભાઈ, રમેશભાઈ, ઈન્દિરાબેનના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# હિન્દુ મરણ

ગૌ. વા. પ્રફુલાબેન આશરા (ઉં.વ.૬૧) મુંબઈ, ૨૨-૧૨-૨૫ને સોમવારે શ્રીજીચરણ પામેલ છે. જેમની પ્રાર્થનાસભા તા. ૨૫-૧૨-૨૫ના ગુરુવારે સાંજે ૪:૩૦ થી ૬:૦૦. તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ બોરીવલી, સ્વ. પુરુષોત્તમદાસ દેવશીભાઈ સંઘવીના પુત્ર કીર્તિભાઈના પત્ની બીના(બકુલા) તા. ૨૩.૧૨.૨૫ને મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. તે પાયલ દર્શન શાહ તથા જીનલ અભિષેક ગુનેના માતુશ્રી. સ્વ. મહેન્દ્ર, હરેશ તથા સ્વ. ઉષાબેન, સ્વ. ચંદ્રીકાબેન, સ્વ. હસુમતી તથા દીનાના ભાભી. સ્વ. વિમળાબેન જયંતીલાલ ભૂતાના પુત્રી. વિરેન્દ્રભાઈ તથા ઈન્દુબેનના બેન. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ કાંદિવલી, સ્વ. અરૂણભાઈ શાંતિલાલ શેઠના ધર્મપત્ની સ્મિતાબહેન (ઉં.વ. ૭૩) તે શાંતિલાલ નાગરદાસ શેઠના પુત્રવધૂ. તે ગુંજન બિરેન સંઘવી, મેઘલ કૌશલ જાંગલા તથા જલ્પા વિશાલ શાહના માતુશ્રી. પિયરપક્ષે ભાવનગરવાળા ઈજ્જતરાય અમૃતલાલ સંઘવીના દીકરી. તા. ૨૨.૧૨.૨૫ના શ્રીજીચરણ પામેલ છે. સર્વ લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**સોરઠીયા પ્રજાપતિ કુંભાર**

ગામ વેરાવળ નિવાસી હાલ મીરારોડ, હરિલાલ હીરાભાઈ જેઠવા (ઉં.વ.૮૦) ૨૨/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે પ્રેમિલાબેનના પતિ. મીનાબેન લક્ષમણભાઇ વડુકુળના ભાઈ. ભાવનાબેન, સચીનભાઈ, જતીનભાઈના પિતા. રાજેશભાઈ, સોનલબેન, શિલ્પાબેનના સસરા. મંથન, ક્રિષા, હર્ષલ, ઉન્નતિના દાદા. તેમની બંનેપક્ષની પ્રાર્થનાસભા ૨૫/૧૨/૨૫ના ૪ થી ૬. ૯, ગેલેકસી રામદેવ પાર્ક મીરારોડ ઈસ્ટ.

**નવગામ વિશા નાગર વણિક**

પિલવાઇ નિવાસી હાલ વિરાર, સ્વ. મુરલીધર પ્રેમચંદદાસ શાહ તથા સુશીલાબેનના પુત્ર પરેશકુમાર શાહ (ઉં.વ.૫૮) ૨૩/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે ગીતાબેન તથા રાજુભાઈના નાનાભાઈ. સેજલબેનના પતિ. જયશ્રીબેનના દિયર. નિરાલી તથા દીપના પિતા. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૫/૧૨/૨૫ના ૫ થી ૭. તેરાપંથ ભવન, જૈન મંદિર રોડ, લક્ષ્મી કુટિરની સામે, વિરાર વેસ્ટ.

**કપોળ**

શિહોરવાળા હાલ બોરીવલી, ગં. સ્વ. મંજુલાબેન જશવંતરાય દોશી (ઉમર.૯૨) ૨૧/૧૨/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. કેતન, દિલીપ, સ્વ. સ્મૃતિ તથા ભાવેશના માતુશ્રી, તરૂણા, નીતા, નિશા, વિપુલભાઈ મેહતાના સાસુ, સ્વ. અમી, દિશા, યશ, રાહુલના દાદી. રાજના નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નાઘેર દશા શ્રીમાળી વણિક**

સામતેર નિવાસી હાલ ઘાટકોપર, પરિમલભાઈ (ઉં.વ.૬૪) તે સ્વ. કમળાબેન તથા સ્વ. છોટાલાલ મોહનલાલ શાહના સુપુત્ર. ભાવનાબેનના પતિ. નિધી નિરવ મકાતી તથા પાર્થના પિતાશ્રી. રીયાના સસરા. લલિતભાઈ, હરેન્દ્રભાઈ, સ્વ. કોકિલાબેન પ્રવીણકુમાર, સ્વ. અરુણાબેન હેમંતકુમાર, અ. સૌ. જ્યોતિબેન શ્રેણિકકુમારના ભાઈ. દિપકભાઈ પુરુષોતમભાઈ (અગાશી - વિરાર), અ. સૌ. હેમાબેન હેમંતભાઈ ગાંધીના બનેવી. તા. ૨૧/૧૨/૨૫ના રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ગુરૂવાર તા. ૨૫/૧૨/૨૫ના ૪થી ૬. શ્રી સ્વામિનારાયણ મંદિર, સરિતા પાર્ક ૯૦ ફૂટ રોડ. ગારોડીયા નગર. ઘાટકોપર (ઇ)

**લોહાણા**

મૂળ ગામ નાનું ભંડારિયા હાલ કલ્યાણ, વિનયભાઈ (ઉં.વ.૭૬) મંગળવાર તા. ૨૩/૧૨/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. વ્રજમંગળાબા અને માધવજીભાઈ હરજીભાઈ તન્નાના દીકરા. કુસુમબહેનના પતિ. અર્ચનાબહેન, રાધિકાબહેન. મીરાબહેનના પિતાશ્રી. મથુરાદાસ, સ્વ. ધ્રુવજીભાઈ, દિપકભાઈ, રાજેન્દ્રભાઈ, શ્રીકાંતભાઈ, દિનેશભાઈ, મુકુંદભાઈ, જયશ્રીબહેન નિલેશભાઈ પોંદા, ગં.સ્વ. નિર્મળાબહેન પ્રભુદાસભાઈ કોટેચા, સ્વ. લીલાબહેન રસિકલાલ ગણાત્રા, સ્વ. કાંતાબહેન જયંતિલાલ ચિતલીયાના ભાઈ. સ્વ. કેશવલાલ મોહનલાલ જોબનપુત્રા (ખામગાવ) ના જમાઈ. પ્રાર્થનાસભા, ગુરૂવાર તા. ૨૫/૧૨/૨૫ના ૪ થી ૬, માતુશ્રી શામબાઈ લોહાણા મહાજનવાડી, સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ, કલ્યાણ (પ.)

**દશા સોરઠીયા વૈષ્ણવ વણિક**

ધારી નિવાસી હાલ મલાડ, સ્વ. હેમકુંવર માધવદાસ શેઠના સુપુત્ર દામોદર શેઠ (ઉં.વ.૮૧) તે વનીતાબેનના પતિ. જયશ્રી નવનીતકુમાર વેકરીયા, સોનલ ગજેન્દ્રકુમાર વેકરીયાના પિતાશ્રી. સ્વ. કુમનદાસ, ચંદ્રકાન્તભાઈ, પ્રમોદભાઈ, સ્વ. ઘનશ્યામભાઈ, સ્વ. જયંતીબેન કોઠારી, સ્વ. વાસંતીબેન નટવરલાલ ભૂપતાણીના ભાઈ. પુરુષોત્તમદાસ હરીભાઈ મકવાણાના જમાઈ. નવનીતભાઈ, ભરતભાઈ, માથુરભાઈ, રાજુભાઈના બનેવી. તા. ૨૩.૧૨.૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**અનાવિલ બ્રાહ્મણ**

મુળ ચીખલી હાલ અંધેરી, અશ્વિન મનુભાઈ દેસાઈ (ઉં.વ.૮૯) તે સરયુબેનના પતિ. તુષાર તથા નિમિષાના પિતા. કામિની તથા અજયભાઈના સસરા. અનિલભાઈના ભાઈ. ગીરીશભાઈ તથા રેખાબેનના બનેવી. અંકિતના દાદા. હાર્દિકના નાના. તા. ૨૨-૧૨-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. બેસણું પ્રથા બંધ છે.

**ઇડર ૪૫ જ્ઞાતિ ઔદિચ્ય બ્રાહ્મણ**

ગામ કુકડીયા, હાલ બોરીવલી, કિશોરભાઈ દામોદર ત્રિવેદી (ઉં.વ. ૮૫) તા. ૨૪/૧૨/૨૫ના મુંબઈ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તે મીનાક્ષીબેનના પતિ. જીતેન અને ભાવિષાના પિતાશ્રી. સ્વ. સરસ્વતીબેન, સ્વ. તારાબેન, સ્વ. રમાબેન, સ્વ. સુનંદાબેન, સ્વ. કિરીટભાઇના ભાઈ. સીમા અને મિતેશના સસરા. આદિત્ય, પ્રણવ તથા સાનિકાના દાદા. સ્વ. મહાશંકર હરગોવિંદ ઠાકર (બ્રહ્મપુરી)ના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. જમનાબેન રામદાસ મોરારજી રૂપારેલ કચ્છ બરંદા હાલે પુનાના સુપુત્ર તેમજ ગં. સ્વ. મોહિનીબેન ભાવનજી રૂપારેલના ભત્રીજા ચંદ્રસેન (બાબાભાઈ) (ઉં.વ. ૭૪) તા. ૨૩.૧૨.૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. નિર્મલાબેન જયંતિભાઈ દાવડા (હૈદરાબાદ)ના જમાઈ. તે નયનાના પતિ. તે મેઘના નીરવ સોમૈયા તથા ભાવિકના પિતા. તે ઉર્મિલા રાજેશ, વંદના ગિરીશ, દિપા નરેન્દ્ર, શકુંતલા વિક્રમ, ગોપી કમલેશ, અનિતા મહેન્દ્ર, છાયા દ્વારકાભાઈ, ઉર્વશી ઉદયભાઈ, મંજુલા નવીનભાઈ, કપીલા જીતેન્દ્રભાઈ, અરુણા નરેન્દ્રભાઈ, રોહિણી જયેશભાઈના ભાઈ. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૫.૧૨.૨૫ના ૪.૩૦થી ૬.૩૦. ઠે. વર્ધમાન પ્રતિષ્ઠાન શિવાજીનગર, સેનાપતિ બાપટ માર્ગ, રત્ના હોસ્પિટલ સામે, હનુમાનનગર, પૂના. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળ ગામ ભેરાઈ હાલ મુંબઈ, ઈલેશભાઈ (ઉં.વ. ૭૪) તે સ્વ. નિર્મળાબેન તથા સ્વ. અમૃતલાલ પ્રેમજી ગઢીયાના પુત્ર. તે છાયાબેનના પતિ. મિતેશ તથા ક્રિષ્ણાના પિતાશ્રી. નતાશાના સસરા. તે શૈલેશભાઈ શોભા આશા દીપક મગદાણી વર્ષા જયેશભાઈ થરાણીના ભાઈ. સ્વ. હસુમતી ચંદ્રકિશોરના જમાઈ તા. ૨૩.૧૨.૨૫ના શ્રી ગોપાલશરણ પામ્યા છે. તેની બન્ને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૨૫.૧૨.૨૫ના ૫.૦૦થી ૭.૦૦. ઠે. ક્લબ ડબ્લ્યુ, પીૠ લેવલ, લોઢા વર્લ્ડ ટાવર્સ, લોઅર પરેલ (ડીલક્ષ રેસ્ટોરન્ટની બાજુથી એન્ટ્રી).

# પારસી મરણ

બખ્તીયાર શાપુરજી ભેસાન્યા તે ધન બખ્તીયાર ભેસાન્યાના ખાવીંદ. તે મરહુમો હીલ્લા તથા શાપુરજી ભેસાન્યાના દીકરા. તે ફરઝાના આરીફ ડોક્ટર ને રશ્ના પીલ્ઝાદ માસ્તરના પપ્પા. તે આરીફ સાલેહ ડોક્ટર ને પીલ્ઝાદ ફીરદોશ ડોક્ટરના સસરા. તે મરહુમ કેટી ભેસાન્યાના ભાઈ. તે ઝારા માસ્તર, નાયરા માસ્તર ને ફરાહ ડોક્ટરના મમાવા. (ઉં.વ. ૯૨). ઠે. નાઝીર બિલ્ડિંગ, પાંચમે માળે, ૧૩૯ ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, શાલીમાર હોટલની બાજુમાં, ખંબાલા હીલ, મુંબઈ-૪૦૦ ૦૩૬. ઉઠમણાની ક્રિયા તા. ૨૬.૧૨.૨૫ને બપોરે ૦૩.૪૫ કલાકે મુંબઈ ડુંગરવાડી પર હોડીવાલા બંગલીમાં.

હીરા ફીરોઝ કામા તે મરહુમ ફીરોઝ ફરામરોજ કામાના વિધવા. તે મરહુમા ટેહમીના તથા નવરોજી મોબેદજીના દીકરી. તે બરજીશ ફીરોઝ કામા તથા મરહુમ મોનીકા ફીરોજ કામાના મમ્મી. તે મહાફરીન બરજીશ કામાના સાસુ. તે મરહુમ બચાં ફલી કરાકાના બહેન. તે મરહુમ ટેહમીના તથા ફરામરોઝ કામાના વહુ. (ઉં.વ. ૯૨). ઠે. ફ્લેટ નં. ૩, માલેગામવાળા બિલ્ડિંગ નં. ૧, ચોટાની રોડ, માહીમ, મુંબઈ-૪૦૦ ૦૧૬. ઉઠમણાની ક્રિયા તા. ૨૫.૧૨.૨૫ને બપોરે ૦૩.૪૫ કલાકે મુંબઈ ડુંગરવાડી પર ભાભા બંગલી નં.-૧માં.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# થાણે મતદાર યાદીમાં ૮૫ હજાર મતદારોનાં નામ એકથી વધુ વખતઃ કમિશનર

થાણેઃ થાણેમાં મતદાર યાદીમાં ૮૫ હજાર મતદારોના નામ એકથી વધુ વખત નજરે પડે છે અને આ મુદ્દાને ટૂંક સમયમાં ઉકેલવામાં આવશે એમ મ્યુનિસિપલ કમિશનર સૌરભ રાવે બુધવારે જણાવી ઉમેર્યું હતું કે ૧૫ જાન્યુઆરીએ યોજાનારી પાલિકા ચૂંટણીમાં ૩૩ વોર્ડમાં ૧૩૧ નગરસેવકોને ચૂંટવા ૧૬ લાખ ૪૯ હજાર ૮૬૭ મતદારો મતદાન કરવા પાત્ર છે. એમાં ૮ લાખ ૬૩ હજાર ૮૭૮ પુરુષો, ૭ લાખ ૮૫ હજાર ૮૩૦ મહિલાઓ અને ૧૫૯ તૃતીય પંથીઓનો સમાવેશ થાય છે.

'મતદાર યાદીમાં ૮૫ હજાર મતદારોના નામ એક કરતા વધુ વખત નજરે પડે છે એનો ઉલ્લેખ કરી કમિશનરે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે આ ડુપ્લિકેટ એન્ટ્રીઓનો ઉકેલ લાવવા અંગે અંતિમ નિર્ણય ગુરુવાર બપોર સુધીમાં લેવામાં આવશે. વધુ જાણકારી આપતા રાવએ જણાવ્યું હતું કે બે હજાર ૧૩ મતદાન મથકોનું સંચાલન કરવા માટે, વહીવટીતંત્રે અંદાજે ૧૨ હજાર ૬૫૦ અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂક કરી છે.

એમાંથી ૬૫ ટકા મતદાન સ્ટાફ મહિલાઓનો છે. રાજ્ય ચૂંટણી પંચના નિર્દેશોનો ઉલ્લેખ કરીને રાવે જણાવ્યું હતું કે તટસ્થતા જાળવવા માટે ચૂંટણી લડતા ઉમેદવારો રહેતા હોય એ હાઉસિંગ સોસાયટીઓમાં મતદાન મથકો નહીં ઊભા કરવામાં આવે. મતદાન શાંતિથી પાર પડે એ માટે ૫ હજાર ૫૦૦ પોલીસ કર્મચારીઓ, એસઆરપીએફ અને એનસીસી સ્વયંસેવકોને સંવેદનશીલ વિસ્તારોમાં તહેનાત કરવામાં આવશે. ■

# ઉદ્ધવ-રાજ યુતિની જાહેરાત

# રશિયા-યુક્રેનના જોડાણ જેવી ચર્ચા, પણ વાતમાં દમ નથીઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેના નેતૃત્વ હેઠળના પક્ષોના જોડાણને ઝાઝું મહત્ત્વ નહોતું આપ્યું અને જણાવ્યું હતું કે ભાઈઓના ભેગા થવાથી કોઈ ખાસ ફરક નહીં પડે. રાજકીય અસ્તિત્વ ટકાવી રાખવા તેઓ એકત્ર આવ્યા છે.

મહિનાઓથી ચાલી રહેલી અટકળોનો અંત લાવી શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ)ના અધ્યક્ષ રાજ ઠાકરેએ ૧૫ જાન્યુઆરીએ આયોજિત મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી પૂર્વે બુધવારે બંને પક્ષના જોડાણની ઔપચારિક જાહેરાત કરી હતી. જાહેરાત પછી મુંબઈમાં (જુઓ પાનું ૪)

# રાજ ઠાકરેના બે માસ્ટરસ્ટ્રોક!

## ભાજપના બટેંગે તો કટેંગેનો સૂત્રોચ્ચારઃ મરાઠી મેયર બનશે એવો દાવો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ૧૮ વર્ષ પછી, ઠાકરે ભાઈઓ ભેગા થયા છે. અમે સાથે આવ્યા છીએ એમ કહીને, ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરેએ મહારાષ્ટ્રના રાજકારણમાં એક નવો અધ્યાય લખવાનું શરૂ કર્યું છે. બંને ઠાકરે ભાઈઓ આગામી મ્યુનિસિપલ ચૂંટણીઓ માટે સાથે આવ્યા છે.

વિધાનસભા ચૂંટણી દરમિયાન, ભાજપના પ્રચારનું ધ્રુવ-વાક્ય હતું કે બટેંગે તો કટેંગે, હવે ઠાકરે બંધુઓ દ્વારા આ જ વાક્યનો ઉપયોગ આગામી મુંબઈ મનપાની ચૂંટણીમાં મરાઠી ભાષીઓને એક કરવા માટે કરવામાં આવશે. તેઓ મરાઠી ભાષીઓને કહી રહ્યા છે કે જો તમે હવે ભૂલ કરશો, તો તમે બરબાદ થઈ (જુઓ પાનું ૪)

# થાણેમાં શ્વાન કરડ્યાના મહિના બાદ છ વર્ષની બાળકીનું મૃત્યુ

થાણેઃ થાણેમાં રખડતા શ્વાને કરડ્યાના એક મહિના બાદ છ વર્ષની બાળકીનું મૃત્યુ થયું હતું, એમ પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું. બાળકી નિશા શિંદેના પરિવારજનોએ જણાવ્યું હતું કે બાળકીને હડકવાની રસી આપવા ઉપરાંત તેને સમયસર સારવાર મળી હતી. બાળકીનો જન્મદિવસ ઉજવવામાં આવ્યા બાદ અચાનક તેની તબિયત લથડી હતી. દિવાસ વિસ્તારમાં રહેનારી નિશા શિંદે ૧૭ નવેમ્બરે ઘરની બહાર રમી રહી હતી ત્યારે શ્વાન તેના ખભા અને ગાલ પર કરડ્યો હતો. નિશાને તાત્કાલિક ડૉક્ટર પાસે લઇ જવાયા બાદ તેને કલ્યાણ-ડોંબિવલી પાલિકા સંચાલિત શાસ્ત્રીનગર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. (પીટીઆઈ) ■

# મહાયુતિની બેઠકોની વહેંચણીનો ફોર્મ્યુલા નક્કી થયો

## એકનાથ શિંદે અને ભાજપના રવિન્દ્ર ચવ્હાણ વચ્ચે પાંચ કલાકની મેરેથોન ચર્ચા

### ફોર્મ્યુલાનું શું થયું?

આ વખતે યોજાયેલી બેઠક બાદ સ્પષ્ટતા કરવામાં આવી હતી કે થાણે, કલ્યાણ ડોમ્બિવલી અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)ના મહાનગરપાલિકાઓ વચ્ચે ગઠબંધનની જાહેરાત અંતિમ તબક્કામાં છે. આ બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હોવાનું સમજી શકાય છે કે અહીં કોઈપણ સંજોગોમાં ગઠબંધન કરવું જ પડશે. બેઠકમાં એવું પણ નક્કી કરવામાં આવ્યું હતું કે આગામી બે દિવસમાં સ્થાનિક સ્તરે વોર્ડ સ્તરના ઉમેદવારોની ચર્ચા કરવામાં આવશે. બેઠક ફાળવણીની સત્તાવાર જાહેરાત પણ ટૂંક સમયમાં કરવામાં આવશે. એવું કહેવાય છે કે બેઠકમાં નવી મુંબઈ અને મીરા-ભાઈંદરમાં અટકેલી બેઠકોની ફાળવણી અંગે ચર્ચા ક્યારે અને કેવી રીતે શરૂ કરવી તેની પણ ચર્ચા કરવામાં આવી હતી. ■

થાણેઃ મુંબઈ અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન (એમએમઆર)માં ભાજપ અને એકનાથ શિંદેની શિવસેના પાર્ટી વચ્ચે જોડાણનો અટકેલો ઘોડો આખરે આગળ વધવાના સંકેતો બતાવી રહ્યો છે. ઉદ્ધવ અને રાજ ઠાકરેએ બુધવારે જોડાણની જાહેરાત કરી હતી, ત્યારે બંને પક્ષોના વિશ્વસનીય સૂત્રોએ એવી માહિતી આપી હતી કે મહાયુતિની બેઠકોની વહેંચણી પણ અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે.

ભાજપના પ્રદેશ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણે મોડી રાત્રે થાણેમાં નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નિવાસસ્થાનની મુલાકાત લીધી હતી. કલ્યાણના સાંસદ ડો. શ્રીકાંત શિંદે, થાણેના સાંસદ નરેશ મ્હસ્કે, ભૂતપૂર્વ સાંસદ રાહુલ શેવાળે પણ બેઠકમાં હાજર હતા. એકનાથ શિંદે અને રવિન્દ્ર ચવ્હાણની હાજરીમાં ગઠબંધન માટે બેઠકોની વહેંચણી અંગે ચર્ચા પાંચ કલાક સુધી ચાલી. સૂત્રોએ (જુઓ પાનું ૪)

# ઊંચી બિલ્ડિંગોને કારણે ચાલીઓ - ઊંચાણવાળા વિસ્તારોમાં પાણીના ફાંફા

મુંબઈઃ મુંબઈ મહાનગર પાલિકા દ્વારા દરરોજ ચાર હજાર મિલ્યન લિટર પાણી પુરવઠો કરવામાં આવતો હોય તો પણ મોટાભાગના નાગરિકો આજે પણ પાણીની તંગીમાં જીવન જીવી રહ્યા છે. મુંબઈના અનેક વિસ્તારોમાં ઓછા દબાણથી થતો પાણી પુરવઠો મુંબઈની ચાલીઓ માટે મહત્ત્વનો મુદ્દો બની ગયો છે. પુનર્વિકાસના કારણે બહુમાળીય ઈમારતની આસપાસની ચાલીઓને પણ પૂરતો પાણીપુરવઠો નથી થતો. આ સિવાય મુંબઈમાં ઉંચાણવાળા વિસ્તારોમાં આવેલી વસાહતોમાં પણ પાણીની પારાવાર તંગી જોવા મળે છે.

મુંબઈગરાને તાનસા, મોડકસાગર, અપર વૈતરણા, મધ્ય વૈતરણા, ભાતસા, વિહાર અને તુલસી એમ સાત ડેમમાંથી દરરોજ ચાર હજાર મિલ્યન લિટર પાણી પૂરવઠો પૂરો પાડવામાં આવે છે. શહેરની બહાર આવેલા જળાશયોમાંથી પાણી ૨૨૩૫ મિમીથી ત્રણ હજાર મિમી વ્યાસની પાઈપલાઈનમાંથી અને ૫૫૦૦ મિમી વ્યાસની કોંક્રિટના અંડરગ્રાઉન્ડ વોટર ટનલની મદદથી ગુરુત્વાકર્ષણ બળથી જળશુદ્ધિકરણ કેન્દ્ર સુધી લાવવામાં આવે છે.

જળશુદ્ધિકરણ કેન્દ્રમાં આ પાણી પર કોએગ્યુલેશન, ફ્લોક્યુલેશન, સેટલિંગ, રેપિડ સેન્ડફિલ્ટર, પોસ્ટ ક્લોરિનેશન પ્રક્રિયા કરવામાં આવે છે. આ માટે પાલિકા દ્વારા કરોડો રૂપિયા (જુઓ પાનું ૪)

# આજથી નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટનો શુભારંભ

મુંબઈઃ લગભગ એક દાયકાના ઇંતજાર અને અનેક ઉતાર-ચઢાવ પછી આખરે એ ઐતિહાસિક પળ આવી ગઈ છે, જ્યારે નવી મુંબઈના આસમાનમાં પહેલી વખત કમર્શિયલ વિમાનનો અવાજ સંભાળશે. નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ (એનએમઆઈએ)એ દેશના એવિયેશન મેપમાં સત્તાવાર પોતાનું નામ અંકિત કરશે. આવતીકાલે નવી મુંબઈ એરપોર્ટના સંચાલનને મુંબઈ મેટ્રો પોલિટન રિજન માટે મહત્ત્વના પરિવર્તન તરીકે જોઈ રહ્યા છે, જ્યાંથી રોજના ૧૩ ફ્લાઈટ્સ ટેક્ઓફ કરશે. નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ શરૂ થવાથી મુંબઈના વર્તમાન છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટના પેસેન્જર ટ્રાફિકમાં ઘટાડો થવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. સિટી એન્ડ ઈન્ડ્સ્ટ્રિયલ ડેવલપમેન્ટ (જુઓ પાનું ૪)

# નિતેશ રાણે, પ્રવિણ દરેકર અને પ્રસાદ લાડને અદાલતનો આંચકોઃ અરેસ્ટ વોરંટ જારી

સિંધુદુર્ગઃ રાજ્યના મત્સ્ય ઉદ્યોગ અને બંદર વિકાસ ખાતાના પ્રધાન નિતેશ રાણે અને પ્રસાદ લાડ સાથે કેબિનેટ પ્રધાનનો દરજ્જો ધરાવતા પ્રવીણ દરેકર વિરુદ્ધ સિંધુદુર્ગની કુડાળ અદાલતે અરેસ્ટ વોરંટ જારી કર્યું છે. કુડાળ પોલીસ સ્ટેશનમાં એક આંદોલનના કેસમાં તેમની વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

અદાલતે રાજ્યના કેબિનેટ પ્રધાન અને સિંધુદુર્ગ જિલ્લાના પાલક પ્રધાન નિતેશ રાણે વિરુદ્ધ બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કર્યું છે. અદાલતે બંધારણ રક્ષણ આંદોલનમાં ભાગ લેવા બદલ વિધાન સભ્ય પ્રવિણ દરેકર અને વિધાન સભ્ય પ્રસાદ લાડ વિરુદ્ધ પણ બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કર્યું છે. સિંધુદુર્ગ જિલ્લામાં ઓબીસી આંદોલનમાં ભાગ લેવા બદલ ૨૬ જૂન, ૨૦૨૧ના દિવસે કુડાળ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. બુધવારે થયેલી (જુઓ પાનું ૪)

# મહારાષ્ટ્રમાં મ્યુનિસિપલ કાઉન્સિલ અને નગર પંચાયતોના સીધા ચૂંટાયેલા પ્રમુખોને મતદાનનો અધિકાર મળશે

મુંબઈઃ મહારાષ્ટ્ર પ્રધાનમંડળે બુધવારે એક કાયદામાં સુધારો કરવા એક વટહુકમ બહાર પાડવાનો નિર્ણય લીધો હતો. આ સુધારાને પગલે મ્યુનિસિપલ કાઉન્સિલ અને નગર પંચાયતોના સીધા ચૂંટાયેલા પ્રમુખોને સભ્યપદ અને મતદાનનો અધિકાર આપવામાં આવશે.

મહારાષ્ટ્ર મ્યુનિસિપલ કાઉન્સિલ, નગર પંચાયત અને ઔદ્યોગિક ટાઉનશિપ એક્ટ, ૧૯૬૫માં સુધારો કરવામાં આવશે જેથી સીધા ચૂંટાયેલા પ્રમુખો તેમના સંબંધિત મ્યુનિસિપલ સંસ્થાઓના સભ્ય બની શકે.

મુખ્ય પ્રધાન કાર્યાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે કે તેઓ સભ્ય તરીકે એક મત આપવા માટે હકદાર રહેશે.

મતદાન દરમિયાન સરખા મત પડે એવી સ્થિતિમાં પ્રેસિડેન્ટ નિર્ણાયક મતનો ઉપયોગ કરશે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મળેલી પ્રધાન મંડળની બેઠકમાં લેવાયેલા આ નિર્ણયનો હેતુ સીધા ચૂંટાયેલા પ્રમુખોને મળેલા જાહેર જનાદેશને માન્યતા આપવાનો અને મ્યુનિસિપલ શાસનમાં તેમની ભૂમિકાને મજબૂત બનાવવાનો છે.

આ ઉપરાંત પ્રધાનમંડળે ડેરી વિકાસ વિભાગની એક એકર જમીન વિના મુલ્યે ફાળવવાને પણ મંજૂરી આપી હતી. નિવેદનમાં જણાવાયું છે કે સરકારી દૂધ શીતક કેન્દ્ર આવેલી જમીન ધારાશિવ મ્યુનિસિપલ કાઉન્સિલને સોંપવામાં આવશે.

આ નિર્ણય જનપ્રતિનિધિઓ અને સામાજિક સંગઠનોની લાંબા સમયથી ચાલી આવતી માંગણીના સંદર્ભમાં લેવામાં આવ્યો છે. (પીટીઆઈ) ■

# બન્ને પક્ષોના કાર્યકરોનો ભારે જલ્લોષ

મુંબઈઃ મુંબઈ મહાનગર પાલિકાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે ઠાકરે બંધુ એટલે કે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેની બહુચર્ચિત યુતિની ઘોષણા આખરે બુધવારે કરવામાં આવી. આ પહેલાં દાદરના શિવાજી પાર્ક ખાતે આવેલા સ્મૃતિ સ્થળ અને વરલી પરિસરમાં આવેલી હોટલ બ્લ્યુ સી પરિસરમાં શિવસેના (ઠાકરે) અને મનસેના કાર્યકર્તા ઢોલ-નગાડા સાથે પક્ષના ઝંડા ફરકાવીને પ્રવેશ્યા હતા. આખરે યુતિની જાહેરાત થતાં જ શિવસૈનિક અને મનસૈનિકોમાં ઉત્સાહ અને જલ્લોષનો માહોલ જોવા મળ્યો હતો.

ઉદ્ધવ ઠાકરે માતોશ્રીથી નિકળીને પહેલાં શિવાજી પાર્ક ખાતે રાજ ઠાકરેના નિવાસસ્થાને ગયા હતા. જ્યાં રાજ ઠાકરેના માતાએ બંને ભાઈઓને આરતી ઉતારીને આશિર્વાદ હતા. ત્યાર બાદ રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે શિવાજી પાર્ક ખાતે શિવસેના પ્રમુખ બાળાસાહેબ ઠાકરેના સ્મૃતિસ્થળ પર પહોંચીને આશિર્વાદ લીધા હતા.

વરલીની હોટેલની બહાર મોટી સંખ્યામાં શિવસૈનિકો અને મનસૈનિકો, કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. બંને પક્ષના શાખામાં પણ આ પત્રકાર પરિષદ કાર્યકર્તાઓએ સાથે બેસીને નિહાળી હતી. આ ઉપરાંત બંને પક્ષના ગઢ સમાન ગણાતા દાદર, વરલી, પ્રભાદેવી, શિવડી વિસ્તારમાં કાર્યકર્તાઓએ રસ્તા પર ઉતરીને આ ખાસ ક્ષણની ઉજવણી કરી હતી.

## પુણેના મુંઢવામાં જમીનનો સોદોઃ

# પાર્થ પવારની કંપનીએ વેચાણ કરાર રદ કરવા સિવિલ સ્યુટ દાખલ કરી

પુણેઃ રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના પુત્ર પાર્થ પવારની સહ-ભાગીદારીવાળી કંપની અમેડિયા એન્ટરપ્રાઇઝીસ એલએલપી દ્વારા વેચાણ કરાર રદ કરવા માટે મુંઢવાની જમીનની પાવર ઓફ એટર્ની ધારક શીતલ તેજવાની વિરુદ્ધ સિવિલ સ્યુટ દાખલ કરાઇ છે.

કંપનીના ભાગીદાર દિગ્વિજય પાટીલે પુણેની કોર્ટમાં સ્પેસિફિક રિલીફ એક્ટ, ૧૯૬૩ની કલમ ૩૧ (લેખિત દસ્તાવેજ રદ કરવો, જેમ કે સેલ ડીડ અથવા કોન્ટ્રેક્ટ) હેઠળ સ્યુટ દાખલ કરી છે. કોર્ટના દસ્તાવેજો અનુસાર આ મામલો ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સુનાવણીમાં આવશે.

પુણેના મુંઢવા વિસ્તારમાંની ૪૦ એકર જમીન અમેડિયા એન્ટરપ્રાઇઝીસને ૩૦૦ કરોડ રૂપિયામાં વેચવામાં આવી હતી. આ જમીન સરકારી હોવાથી તેને વેચી શકાય એમ નહોતી. આમ છતાં સોદો કરાયો હતો. ઉપરાંત કંપનીએ તેના પર ૨૧ કરોડની સ્ટેમ્પ ડ્યૂટી પણ ભરી હતી.

જમીનના ૨૭૨ 'મૂળ વતનદાર' માટે પાવર ઓફ એટર્ની ધરાવતી તેજવાનીએ વેચાણ કરાર કર્યા હતા અને જમીન સરકારી હોવાથી તેને વેચી શકાય એમ નહીં હોવા છતાં અમેડિયા એન્ટરપ્રાઇઝીસ એલએલપીને વેચી હતી.

સબ-રજિસ્ટ્રાર રવીન્દ્ર તરુએ વેચાણ કરાર માટે માર્ગ મોકળો કરી આપ્યો હતો. આ અંગે હોબાળો મચ્યા બાદ ઇન્સ્પેક્ટર જનરલ ઓફ રજિસ્ટ્રેશન (આઇજીઆર)ના અધિકારીએ દિગ્વિજય પાટીલ, તેજવાની અને રવીન્દ્ર તરુ વિરુદ્ધ સ્ટેમ્પ ડ્યૂટી ચોરી માટે એફઆઇઆર દાખલ કરાવ્યો હતો. જોકે કંપનીના મુખ્ય ભાગીદાર પાર્થ પવારનું નામ એફઆઇઆરમાં નથી.

સંબંધિત મામલામાં જિલ્લા વહીવટીતંત્રએ પાટીલ, તેજવાની અને વેચાણ કરારનો અમલ કરવા બદલ સસ્પેન્ડ કરાયેલા તહેસીલદાર સૂર્યકાંત યેવલે વિરુદ્ધ એફઆઇઆર દાખલ કર્યો હતો. ખડક પોલીસ સ્ટેશનમાં એફઆઇઆર દાખલ કરાયો હતો અને હાલ આ કેસની તપાસ પુણે પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા કરવામાં આવી રહી છે. આર્થિક ગુના શાખાએ ગયા મહિને તેજવાનીની ધરપકડ કરી હતી અને તે હાલ બાવધન પોલીસની કસ્ટડીમાં છે. બાવધન પોલીસે રવીન્દ્ર તરુની ધરપકડ કરી હતી. (પીટીઆઇ)

# ફોરેક્સ અને કોમોડિટી ટ્રેડિંગ ફ્રોડમાં યુવાને ૧૭.૬૧ લાખ રૂપિયા ગુમાવ્યા

થાણેઃ ફોરેક્સ અને કોમોડિટી ટ્રેડિંગમાં ઊંચા વળતરની લાલચે સાયબર ઠગે ડોમ્બિવલીના યુવાન પાસેથી ૧૭.૬૧ લાખ રૂપિયા પડાવ્યા હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

ડોમ્બિવલી પોલીસના જણાવ્યા મુજબ સાયબર ફ્રોડ ઓગસ્ટથી સપ્ટેમ્બર દરમિયાન થયું હતું. આ પ્રકરણે ડોમ્બિવલીના ૩૮ વર્ષના રહેવાસીની ફરિયાદને આધારે રવિવારે ઈન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો.

ફરિયાદ અનુસાર આરોપીએ ટેલિગ્રામ અને અન્ય ઑનલાઈન પ્લૅટફોર્મ્સના કસ્ટમર સપોર્ટ એક્ઝિક્યુટિવના સ્વાંગમાં ફરિયાદીનો સંપર્ક સાધ્યો હતો. ફરિયાદીને આકર્ષક વળતરની ખાતરી આપી ફોરેક્સ ટ્રેડિંગ, ગૉલ્ડ યુએસડી અને અન્ય કોમોડીટીઝમાં રોકાણ માટે લલચાવ્યો હતો, એવું અધિકારીએ જણાવ્યું હતું.

ફરિયાદીને ઑનલાઈન લિંક્સ મોકલાવીને વિવિધ બૅન્ક ખાતાંમાં નાણાં ટ્રાન્સફર કરવાની ફરજ પડાઈ હતી. આરોપીની સૂચનાને અનુસરી ફરિયાદીએ ૧૭.૬૧ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. જોકે બાદમાં રોકાણ કરેલી રકમ પર ફરિયાદીને બાદમાં કોઈ વળતર મળ્યું નહોતું અને મુદલ રકમ પણ તે પ્રાપ્ત કરી શક્યો નહોતો. પોતે છેતરાયો હોવાની જાણ થતાં યુવાને પોલીસનો સંપર્ક સાધ્યો હતો. આ પ્રકરણે પોલીસ બૅન્ક ટ્રાન્ઝેક્શનની વિગતોની ચકાસણી કરી રહી છે. એ સિવાય ફ્રોડમાં ઉપયોગમાં લેવાયેલી ડિજિટલ સેવાઓ અને ઑનલાઈન લિંક્સની પણ તપાસ કરવામાં આવી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

# પુણે-મુંબઈ વચ્ચે ત્રીજો એક્સપ્રેસ-વે બનાવાશે

મુંબઈઃ પુણે અને મુંબઈ વચ્ચે નિર્માણ થનારા ત્રીજા એક્સપ્રેસવેનું કામ માર્ચ ૨૦૨૬ થી શરૂ થશે. કેન્દ્ર સરકાર દ્વારા પુણે-બેંગલુરુ એક્સપ્રેસવેને મુંબઈ સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે અને તેના ભાગરૂપે જ આ નવો એક્સપ્રેસવે વિકસાવવામાં આવી રહ્યો છે. આ માર્ગને કારણે પુણે અને મુંબઈ વચ્ચેનો પ્રવાસ વધુ ઝડપી, સરળ અને સુરક્ષિત બનવાની અપેક્ષા છે.

આ પ્રોજેક્ટ હેઠળ, પાગોટથી ચોક સુધીના ૩૦ કિ.મી. ના તબક્કા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. આ વિભાગ માટે જરૂરી લગભગ ૭૦ ટકા જમીન નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા સંપાદિત કરવામાં આવી છે. બાકીની જમીન સંપાદન પ્રક્રિયા અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં પૂર્ણ થવાની સંભાવના છે. દરમિયાન આ એક્સપ્રેસવેના બાંધકામ માટેની ટેન્ડર પ્રક્રિયા હવે તેના અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા એ થોડા દિવસો પહેલા ટેન્ડર મંગાવ્યા હતા અને આગામી ૧૫ થી ૨૦ દિવસમાં તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયા પછી, કોન્ટ્રાક્ટરની નિમણૂક કરવામાં આવશે અને ત્યારબાદ વાસ્તવિક કામ કરવામાં આવશે. આ છ-લેન એક્સપ્રેસ વે લગભગ ૩૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવશે. આ હાઇવે મુસાફરીનો સમય ઘટાડશે અને આર્થિક, ઔદ્યોગિક અને વાણિજ્યિક પ્રવૃત્તિઓને વેગ આપશે, એવું માનવામાં આવી રહ્યું છે.

# મહિલાની આત્મહત્યાના કેસમાં ચાર જણ નિર્દોષ જાહેરઃ કોર્ટે કહ્યું, વૈવાહિક મતભેદ કાયદાની નજરમાં ક્રૂરતા નથી

થાણેઃ દહેજ માટે પત્નીને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાના આરોપનો સામનો કરી રહેલા પતિ અને તેના પરિવારના ત્રણ સભ્યને થાણેની કોર્ટે પુરાવાના અભાવે નિર્દોષ જાહેર કર્યા હતા. કોર્ટે કહ્યું કે, વૈવાહિક મતભેદ અથવા લાંબા વૈવાહિક જીવન દરમિયાન ઉદ્ભવતી સામાન્ય દૂરી કાયદાની નજરમાં ક્રૂરતા નથી.

એડિશનલ સેશન્સ જજ વી.એલ. ભોસલેએ ૧૭ ડિસેમ્બરે આપેલા આદેશમાં કહ્યું હતું કે પુરાવા આરોપીના વર્તન અને આત્મહત્યા વચ્ચે 'નજીકની અને જીવંત કડી' સ્થાપિત કરવામાં નિષ્ફળ ગયા છે અને ઉમેર્યું હતું કે 'શંકા ગમે તેટલી મજબૂત હોય, પુરાવાને બદલી શકતી નથી.'

આ ચુકાદાથી જાન્યુઆરી, ૨૦૧૦માં કવિતા પ્રસાદ અજરેકરની આત્મહત્યા સાથે શરૂ થયેલી કાનૂની લડતનો અંત આવ્યો હતો.

કવિતાનો પતિ પ્રસાદ સદાશિવ અજરેકર, તેનો ભાઇ સંકેત અજરેકર, બહેન પ્રેરણા અને પિતા સદાશિવ ભીમરાવ અજરેકર (થાણે શહેરના રહેવાસીઓ) ભારતીય દંડસંહિતાની કલમ ૪૯૮એ, (મહિલાનો પતિ અથવા પતિના સંબંધી દ્વારા તેને ક્રૂરતાનો ભોગ બનાવવી) ૩૦૪બી (દહેજ માટે મૃત્યુ) અને ૩૦૬ (આત્મહત્યા માટે પ્રવૃત કરવું) હેઠળ આરોપનો સામનો કરી રહ્યા હતા.

ફરિયાદ પક્ષે દલીલ કરી હતી કે કવિતાએ લગ્નનાં સાત વર્ષ દરમિયાન સતત શારીરિક-માનસિક ક્રૂરતાનો ભોગ બનવું પડ્યું હતું, જેને કારણે તેણે તેનાં માતા-પિતાના ઘરે આત્મહત્યા કરી હતી.

એડિશનલ પબ્લિક પ્રોસીક્યુટર આર.પી. પાટીલ ફરિયાદ પક્ષ તરફથી હાજર રહ્યા હતા, જ્યારે જયદીપ ઠક્કરે આરોપીઓનો બચાવ કર્યો હતો.

૩૮ પાનાંના પોતાના ચુકાદામાં કોર્ટે મૃતકના પિતા, પિતરાઇ ભાઇઓ અને મિત્રો સહિત ૧૨ સાક્ષીની જુબાની તથા મૃતકે હાથથી લખેલી ચિઠ્ઠીનું વિશ્લેષણ કર્યું હતું. (પીટીઆઇ)

# આયઆયટી-બોમ્બેમાં નવા પીએચડી કોર્સ શરૂ

મુંબઈઃ આઈઆઈટી-બોમ્બેએ દેશની સંરક્ષણ સજ્જતા, ભારતીય પરંપરાગત જ્ઞાન, મેડિકલ ટેકનોલોજી અને નાણાકીય ક્ષેત્ર એમ ચાર વિભાગોમાં નવા પીએચડી અભ્યાસક્રમો શરૂ કરવાનો નિર્ણય લીધો છે. સંસ્થાના નિયામક પ્રો. શિરીષ કેદારેએ માહિતી આપી હતી કે આઈઆઈટી-બોમ્બેની સેનેટ દ્વારા આ નિર્ણયને મંજૂરી આપવામાં આવી છે.

દેશની સંરક્ષણ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આયઆયટીમાં ૧૦ મહિના પહેલા 'સેન્ટર ફોર ડિફેન્સ ટેકનોલોજી ઇનોવેશન્સ એન્ડ સ્ટ્રેટેજીસ'ની સ્થાપના કરવામાં આવી હતી. ડિસેમ્બરની શરૂઆતમાં મળેલી સેનેટની બેઠકમાં કેન્દ્રમાં સંરક્ષણ ટેકનોલોજી સંશોધન માટે પીએચ.ડી. અભ્યાસક્રમ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ કેન્દ્ર માત્ર સંશોધન પર જ નહીં, પરંતુ દેશના સંરક્ષણ માટે 'તકનીકી વ્યૂહરચના' તૈયાર કરવાનું કામ પણ કરશે.

ભારતીય સંસ્કૃતિના પ્રાચીન જ્ઞાન અને આધુનિક વિજ્ઞાનનો સમન્વય સાધવા માટે 'સેન્ટર ફોર ટ્રેડિશનલ ઇન્ડિયન નોલેજ એન્ડ સ્કિલ્સ' શરૂ કરવામાં આવ્યું હતું.

પ્રો. કેદારેએ જણાવ્યું હતું કે, આ અંતર્ગત કુંભાર, સુતાર, લુહાર જેવા વિવિધ ક્ષેત્રોના કારીગરોની કુશળતાનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરવા અને ભારતીય ભાષાઓમાં રહેલા જ્ઞાનને ઉજાગર કરવા માટે આ ક્ષેત્રના નિષ્ણાતોની મદદથી આ અભ્યાસક્રમ ચલાવવામાં આવશે.

# ધુરંધર ખેલાડીઓએ મચાવી ધમાલ





બેંગલૂરુમાં વિરાટ કોહલીએ વિજય હઝારે ટ્રોફીના વન-ડે મુકાબલામાં આંધ્ર સામે ૧૩૧ રન કરીને દિલ્હીને વિજય અપાવ્યો હતો. તે મૅચ દરમ્યાન નોખી સ્ટાઇલમાં પણ જોવા મળ્યો હતો. જયપુરમાં રોહિત શર્માએ ૯૪ બૉલમાં ૧૫૫ રન કરીને મુંબઈને સિક્કિમ સામે રોમાંચક વિજય અપાવ્યો હતો. (પીટીઆઇ)



**એન્ટ્રી ન મળી તો ઝાડ પર બેસીને કોહલીની બૅટિંગ માણી:** બેંગલૂરુમાં બુધવારે સલામતીના કારણસર દિલ્હી-આંધ્ર વચ્ચેની વિજય હઝારે ટ્રોફી મૅચમાં પ્રેક્ષકોને સ્ટેડિયમમાં પ્રવેશ નહોતો અપાયો. જોકે નજીકના એક ઝાડ પર બેસીને કેટલાક ક્રિકેટપ્રેમીઓએ કિંગ કોહલીની સેન્ચુરી માણી હતી.

# વિરાટ ૫,૭૮૩ દિવસે રમ્યો વિજય હઝારે ટ્રોફીમાં

## સચિનનો ૧૬,૦૦૦ રનનો વિક્રમ તોડ્યો: રોહિત શર્માએ ધમાકેદાર સેન્ચુરીથી મુંબઈને જિતાડ્યું

બેંગલૂરુ: ભારતના બે દિગ્ગજ ખેલાડીઓ વિરાટ કોહલી અને 'હિટમૅન' રોહિત શર્મા માટે વિજય હઝારે ટ્રોફી નામની લિસ્ટ-એ વન-ડે ટૂર્નામેન્ટ આશીર્વાદરૂપ પુરવાર થઈ રહી છે. ડોમેસ્ટિક ક્રિકેટમાં લિસ્ટ-એ ફૉર્મેટ મર્યાદિત ઓવર્સમાં સર્વોત્તમ અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી એક સ્તર ઊતરતું ફૉર્મેટ ગણાય છે. વિજય હઝારે ટ્રોફી લિસ્ટ-એ ટૂર્નામેન્ટ છે અને એમાં કોહલી સૌથી ઝડપે (૩૩૦ ઇનિંગ્સમાં) ૧૬,૦૦૦ રન પૂરા કરનારો ખેલાડી બન્યો છે. તેણે સચિન તેન્ડુલકરનો વર્ષો જૂનો વિક્રમ તોડી નાખ્યો છે. ખરેખર તો કોહલી ૧૫ વર્ષે (અંદાજે ૫,૭૮૩ દિવસ બાદ) વિજય હઝારે ટ્રોફીમાં રમ્યો હતો. આ પહેલાં તે ૨૦૧૦ની ૧૦મી ફેબ્રુઆરીએ આ ટૂર્નામેન્ટમાં રમ્યો હતો. ત્યારે તે બાવીસ વર્ષનો હતો.

સચિન તેન્ડુલકરે ડોમેસ્ટિક વન-ડેના લિસ્ટ-એ ફૉર્મેટમાં ૧૬,૦૦૦ રન ૩૯૧ ઇનિંગ્સમાં બનાવ્યા હતા. વાસ્તવમાં કોહલીએ લિસ્ટ-એ ફૉર્મેટમાં ૧૦,૦૦૦ રન પછી દરેક ૧,૦૦૦ રન અન્યો કરતાં સૌથી ઓછી ઇનિંગ્સમાં કર્યા છે. કોહલીએ આ સિદ્ધિ બુધવારે બેંગલૂરુમાં આંધ્ર સામેની મૅચમાં મેળવી હતી. આંધ્રના ૮/૨૯૮ના સ્કોર સામે દિલ્હીએ ૩૭.૪ ઓવરમાં છ વિકેટે ૩૦૦ રન કરીને વિજય મેળવ્યો હતો.

### કોહલીની વિકેટ એસ. રાજુએ લીધી

દિલ્હીએ આંધ્રને ૭૪ બૉલ અને ચાર વિકેટ બાકી રાખીને હરાવી દીધું હતું અને એમાં દિલ્હીના દિગ્ગજ બૅટ્સમૅન વિરાટ કોહલી (૧૩૧ રન, ૧૦૧ બૉલ, ત્રણ સિક્સર, ૧૪ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. ઓપનર પ્રિયાંશ આર્ય (૭૪ રન, ૪૪ બૉલ, પાંચ સિક્સર, સાત ફોર) સાથે કોહલીની બીજી વિકેટ માટે ૧૧૩ રનની ભાગીદારી થઈ હતી. ત્યાર બાદ કોહલીએ નીતીશ રાણા (૭૭ રન, પંચાવન બૉલ, બે સિક્સર નવ ફોર) સાથે ત્રીજી વિકેટ માટે ૧૬૦ રનની મૅચ-વિનિંગ પાર્ટનરશિપ થઈ હતી. કોહલી ૨૭૪ રનના કુલ સ્કોર પર આંધ્રના પેસ બોલર સત્યનારાયણ રાજુના બૉલમાં કૅચઆઉટ થયો ત્યાં સુધીમાં દિલ્હીની ટીમ વિજયની નજીક પહોંચી ગઈ હતી. એ પહેલાં, આંધ્રએ રિકી ભુઈ (૧૨૨ રન, ૧૦૫ બૉલ, સાત સિક્સર, અગિયાર ફોર)ની સદીની મદદથી આઠ વિકેટે ૨૯૮ રન કર્યા હતા. રિષભ પંતના સુકાનમાં રમનાર દિલ્હીની ટીમ વતી પેસ બોલર સિમરજિત સિંહે પાંચ અને ફાસ્ટ બોલર પ્રિન્સ યાદવે ત્રણ વિકેટ લીધી હતી.

જયપુરમાં રોહિત શર્માએ વિજય હઝારે ટ્રોફીમાં મુંબઈ વતી વિજયી સદી ફટકારવા ઉપરાંત આ ડોમેસ્ટિક લિસ્ટ-એ ફૉર્મેટની રેકૉર્ડ-બુકમાં ઑસ્ટ્રેલિયાના ડેવિડ વૉર્નરની બરાબરી કરી છે. વૉર્નરની જેમ હવે રોહિતની પણ લિસ્ટ-એમાં નવ ૧૫૦-પ્લસ સ્કોર છે.

### રોહિતના ચોક્કા-છગ્ગા

જયપુરમાં વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટમાં બુધવારે ખ્યાતનામ ખેલાડીઓએ ભાગ લીધો જેમાં મુંબઈની મૅચમાં રોહિત શર્મા સુપરસ્ટાર હતો. તેણે નવ છગ્ગા અને અઢાર ચોક્કાની મદદથી ૯૪ બૉલમાં ૧૫૫ રન કરીને મુંબઈને રોમાંચક અને દમામદાર વિજય અપાવ્યો હતો. સિક્કિમે ૫૦ ઓવરમાં સાત વિકેટે ૨૩૬ રન કર્યા બાદ મુંબઈએ રોહિત શર્માની સદીની મદદથી આસાન વિજય મેળવી લીધો હતો. રોહિત ૨૨૬મા રને આઉટ થયો ત્યારે મુંબઈની ટીમ વિજયની લગોલગ આવી ગઈ હતી અને મુશીર ખાન (૨૭ અણનમ) તથા તેના મોટા ભાઈ સરફરાઝ ખાન (આઠ અણનમ)ની જોડીએ ટીમને વિજયના દ્વાર સુધી પહોંચાડી દીધી હતી. એ પહેલાં, રોહિતે સાથી ઓપનર અંગક્રિશ રઘુવંશી (૩૮ રન) સાથે ૧૪૧ રનની ભાગીદારી કરી હતી. ત્યાર બાદ રોહિત અને મુશીર ખાન વચ્ચે બીજી વિકેટ માટે ૮૫ રનની પાર્ટનરશિપ થઈ હતી. ૩૦.૩ ઓવરમાં મુંબઈએ લક્ષ્યાંક મેળવી લીધો હોવાથી સિદ્ધેશ લાડ સહિતના બીજા બૅટ્સમેનોએ બૅટિંગ કરવાની જરૂર જ નહોતી પડી. એ અગાઉ, સિક્કિમને ૨૩૬ રન સુધી સીમિત રખાવવામાં મુંબઈના કૅપ્ટન શાર્દુલ ઠાકુર (૧૯ રનમાં બે વિકેટ)ની સૌથી મોટી ભૂમિકા હતી.

### વિજય હઝારેની અન્ય મુખ્ય મૅચોમાં કોનો વિજય

(૧) આસામ (૨૮૨ રન) સામે બરોડા (૫/૨૮૩)નો પાંચ વિકેટે વિજય

(૨) ઓડિશા (૬/૩૪૫) સામે સૌરાષ્ટ્ર (૫/૩૪૭)નો પાંચ વિકેટે વિજય

(૩) પંજાબ (૬/૩૪૭)નો મહારાષ્ટ્ર (૮/૨૯૬) સામે ૫૧ રનથી વિજય

(૪) સર્વિસીઝ (૧૦/૧૮૪) સામે ગુજરાત (૨/૧૮૫)નો આઠ વિકેટે વિજય

# એક દિવસમાં ત્રણ ધમાકા: વૈભવની ૩૬ બૉલમાં, ગનીની ૩૨ બૉલમાં અને કિશનની ૩૩ બૉલમાં સેન્ચુરી

## જોકે પડિક્કલે પણ સદી ફટકારતા કિશનની મહેનત પાણીમાં: કર્ણાટકની ટીમની તુલના સાઉથ આફ્રિકા સાથે થવા લાગી

અમદાવાદ: વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટમાં બુધવારે એક જ દિવસમાં સદીઓની વર્ષા વરસી હતી. મહેન્દ્રસિંહ ધોનીના રાંચી શહેરમાં બિહારે વિશ્વવિક્રમી ૬/૫૭૪ના ટોટલ સાથે ધમાકેદાર પર્ફોર્મ કર્યું જેમાં ૧૪ વર્ષીય વૈભવ સૂર્યવંશી (૧૯૦ રન, ૮૪ બૉલ, પંદર સિક્સર, સોળ ફોર)નો સર્વશ્રેષ્ઠ પર્ફોર્મન્સ હતો. તે ૧૦ રન માટે ડબલ સેન્ચુરી ચૂકી ગયો હતો. ઉલ્લેખનીય એ છે કે તેણે ૩૬ બૉલમાં સેન્ચુરી પૂરી કરી હતી. તેણે લિસ્ટ-એ વન-ડે ફૉર્મેટમાં પાકિસ્તાનના શાહિદ આફ્રિદીનો ૩૭ બૉલની સેન્ચુરીનો વિક્રમ પાર કરી દીધો હતો, પરંતુ તે પંજાબના અનમોલપ્રીત સિંહનો ૩૫ બૉલની સદીનો ભારતીય વિક્રમ નહોતો તોડી શક્યો.

જોકે વૈભવની ૩૬ બૉલની સદીની ચર્ચા હજી શાંત નહોતી પડી ત્યાં તેની જ (બિહારની જ ટીમના) કૅપ્ટન સકિબુલ ગની (૧૨૮ અણનમ, ૪૦ બૉલ, બાર સિક્સર, બાર ફોર)એ ૩૨ બૉલમાં સદી પૂરી કરીને ડોમેસ્ટિક ક્રિકેટની લિસ્ટ-એ વન-ડેમાં ફાસ્ટેસ્ટ સેન્ચુરીનો ભારતીય રેકૉર્ડ રચી દીધો હતો, જે કામ વૈભવ ન કરી શક્યો એ થોડી વાર બાદ સકિબુલે કર્યું હતું.

બીજી તરફ, અમદાવાદમાં ઝારખંડના ઇશાન કિશને (૧૨૫ રન, ૩૯ બૉલ, ૧૪ સિક્સર, સાત ફોર) કર્ણાટક સામે ધબધબાટી બોલાવી હતી અને ૩૩ બૉલમાં સદી પૂરી કરી હતી. એ સાથે, તે હવે લિસ્ટ-એ ફૉર્મેટમાં (સકિબુલ ગની બાદ) બીજા નંબરનો સૌથી ઝડપી ભારતીય સેન્ચુરિયન છે.

### કર્ણાટકનો સાઉથ આફ્રિકા જેવો ધમાકો

અમદાવાદમાં ઝારખંડના સુકાની ઇશાન કિશને (૧૨૫ રન, ૩૯ બૉલ, ૧૪ સિક્સર, સાત ફોર) સેન્ચુરી ફટકારીને ઝારખંડને ૯/૪૧૨નો સ્કોર અપાવ્યો હતો. એવું લાગતું હતું કે કર્ણાટક ૪૧૩ રનનો તોતિંગ લક્ષ્યાંક નહીં મેળવી શકે, પણ મયંક અગરવાલના સુકાનમાં કર્ણાટકે સાઉથ આફ્રિકાના ૧૯ વર્ષ પહેલાંના (૨૦૦૬ના) પર્ફોર્મન્સની યાદ અપાવતું પર્ફોર્મ કર્યું હતું. ખુદ મયંકે ૫૪ રન કર્યા હતા અને ત્યાર બાદ સાથી ઓપનર દેવદત્ત પડિક્કલ (૧૪૭ રન, ૧૧૮ બૉલ, સાત સિક્સર, દસ ફોર)એ વધુ સારી કમાલ બતાવી હતી. તેણે કિશનની સદીને ઝાંખી પાડી દીધી હતી. પડિક્કલ અને મયંક વચ્ચે ૧૧૪ રનની ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી. કર્ણાટકની જીતમાં અભિનવ મનોહર (૩૨ બૉલમાં અણનમ ૫૬) અને ધ્રુવ પ્રભાકર (બાવીસ બૉલમાં અણનમ ૪૦)ના પણ મહત્ત્વના યોગદાન હતા. રણજી ટ્રોફીમાં ઝળકી ચૂકેલા ઝારખંડના છ બોલર કર્ણાટકને ૪૧૩ રનના ટાર્ગેટ સુધી પહોંચતાં નહોતા રોકી શક્યા.

### કિશનને પડિક્કલે ઝાંખો પાડ્યો, સાઉથ આફ્રિકા બાદ બીજા નંબરે કર્ણાટક

લિસ્ટ-એ વન-ડે સહિતની સમગ્ર વન-ડે ક્રિકેટમાં સૌથી સફળ રન ચેઝમાં કર્ણાટકની ટીમ હવે વિશ્વમાં બીજા નંબરે છે. અમદાવાદમાં ઝારખંડે કૅપ્ટન ઇશાન કિશનના ૧૨૫ રનની મદદથી નવ વિકેટે ૪૧૨ રન કર્યા ત્યાર બાદ કર્ણાટકે ૪૭.૩ ઓવરમાં પાંચ વિકેટે ૪૧૩ રન કરીને વિજય મેળવી લીધો હતો. લિસ્ટ-એ ક્રિકેટમાં કર્ણાટકનો આ બીજા નંબરનો સૌથી સફળ રન ચેઝ છે. પ્રથમ સ્થાને સાઉથ આફ્રિકા (૨૦૦૬માં ઑસ્ટ્રેલિયા સામે ૪૩૫ રન) છે.

### બિહાર વતી ત્રણ ખેલાડીની સદી

બિહાર તરફથી ત્રણ ખેલાડીએ સદી ફટકારી હતી. વૈભવ સૂર્યવંશીના ૧૯૦ રન ઉપરાંત કૅપ્ટન સકિબુલ ગની (અણનમ ૧૨૮, ૪૦ બૉલ, બાર સિક્સર, દસ ફોર) તથા વિકેટકીપર આયુષ લોહારુકા (૧૧૬ રન, ૫૬ બૉલ, આઠ સિક્સર, અગિયાર ફોર)ની પણ સેન્ચુરીની મદદથી બિહારે પોણાછસ્સો રનનો ખડકલો કર્યો હતો. અરુણાચલ પ્રદેશની ટીમ ૧૭૭ રનમાં આઉટ થઈ જતાં બિહારનો ૩૯૭ રનથી વિજય થયો હતો.

### વૈભવ સૌથી નાની વયનો સેન્ચુરિયન

અરુણાચલ સામે બિહાર વતી ઓપનિંગમાં રમનાર ૧૪ વર્ષના લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશીએ માત્ર ૩૬ બૉલમાં લિસ્ટ-એ ક્રિકેટમાં પોતાની પ્રથમ સદી પૂરી કરી, આ સાથે જ તે લિસ્ટ-એ ક્રિકેટમાં સદી ફટકારનાર વિશ્વનો સૌથી નાની ઉંમરનો ખેલાડી બન્યો હતો.

### વૈભવે તોડ્યો ડિવિલિયર્સનો વિક્રમ

વૈભવે ૫૪ બૉલમાં ૧૫૦ રન પૂરા કરીને લિસ્ટ-એ ક્રિકેટમાં સૌથી ઝડપી ૧૫૦ રન બનાવવાનો એબી ડિવિલિયર્સનો રેકૉર્ડ તોડ્યો હતો. વૈભવ ૮૪ બૉલમાં ૧૯૦ રન બનાવીને આઉટ થયો, ત્યારે બિહારનો સ્કોર ૨૭ ઓવરમાં ૨૬૦ રન હતો.

### લિસ્ટ-એ (વન-ડે)માં કોની સેન્ચુરી ફાસ્ટેસ્ટ

(૧) જેક ફ્રૅઝર-મૅકગર્ક, સાઉથ આફ્રિકા, ૨૯ બૉલમાં સદી

(૨) એબી ડિવિલિયર્સ, સાઉથ આફ્રિકા, ૩૧ બૉલમાં સદી

(૩) સકિબુલ ગની, બિહાર, ૩૨ બૉલમાં સદી

(૪) ઇશાન કિશન, ઝારખંડ, ૩૩ બૉલમાં સદી

(૫) અનમોલપ્રીત સિંહ, પંજાબ, ૩૫ બૉલમાં સદી

(૬) કૉરી ઍન્ડરસન, ન્યૂ ઝીલૅન્ડ, ૩૬ બૉલમાં સદી

(૭) ગ્રેહામ રોઝ, સમરસેટ, ૩૬ બૉલમાં સદી

(૮) વૈભવ સૂર્યવંશી, બિહાર, ૩૬ બૉલમાં સદી

(૯) શાહિદ આફ્રિદી, પાકિસ્તાન, ૩૭ બૉલમાં સદી

(૧૦) રિકાર્ડો પોવેલ, જમૈકા, ૩૮ બૉલમાં સદી

# ભારતીય ક્રિકેટમાં શું ચાલી રહ્યું છે એ જ નથી સમજાતું

*અજય મોતીવાલા*

મુંબઈ: ભારતીય ક્રિકેટમાં થોડા મહિનાઓથી શું ચાલી રહ્યું છે એ જ નથી સમજાતું. અગાઉ ક્યારેય ન જોવા મળ્યા હોય એવા વળાંકો જોવા મળી રહ્યા છે. જેવા થોડા દિવસ થાય એટલે કંઈક અણધાર્યું જાણવા મળે છે. અગાઉ એવું બનતું કે ક્રિકેટ બોર્ડમાં કેટલીક હસ્તીઓનો જ દોરીસંચાર રહેતો, પણ હવે તો જાણે સિરીઝ, ટૂર્નામેન્ટ કે મૅચ પહેલાં સિલેક્શન કમિટીમાં પણ ગેમ રમાઈ જતી હોય એવું લાગે છે.

થોડા મહિના પહેલાં સંજુ સૅમસન બહુ સારું રમી રહ્યો હતો. તેણે ૧૨ મહિનામાં ઓપનર તરીકે ત્રણ સેન્ચુરી ફટકારી હતી, પરંતુ તેના ભોગે શુભમન ગિલને ભારતની ટી-૨૦ ટીમમાં એન્ટ્રી અપાઈ હતી. બન્યું એવું કે સાઉથ આફ્રિકા સામેની શ્રેણી દરમ્યાન ગિલ ઈજા પામ્યો અને ફૉર્મ પણ ગુમાવી બેઠો એટલે તેને હમણાં ટીમની બહાર કરવામાં આવ્યો છે જેનો સીધો ફાયદો સૅમસનને થયો છે. બીજી રીતે કહીએ તો સૅમસન સાથે ભારતીય ક્રિકેટ બોર્ડ કે સિલેક્શન કમિટી શું કરવા માગે છે? ગિલ અમદાવાદથી ઘરે જવા નીકળે છે અને ચંડીગઢ તેના ઘરે પહોંચે એ પહેલાં જ તેને (ઑન ધ વે) ખબર પડી જાય છે કે આગામી ફેબ્રુઆરીના ટી-૨૦ના વર્લ્ડ કપની ટીમમાં તેને નથી લેવામાં આવ્યો. નવાઈની વાત એ છે કે મુંબઈમાં વાનખેડે સ્ટેડિયમ ખાતે બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ના હેડ ક્વૉર્ટરમાં ટીમ નક્કી થઈ, પત્રકારો ૧૫ નામની કાગડોળે રાહ જોઈ રહ્યા હતા, પરંતુ પસંદગીકારો ટીમની સત્તાવાર જાહેરાત કરે એ પહેલાં જ ગિલ સુધી વાત પહોંચી જાય છે કે તેની હકાલપટ્ટી થઈ છે.

અહીં મુદ્દો એ છે કે કોઈક એવી હસ્તી છે જે સમયાંતરે કોઈને કોઈ દિગ્ગજને છાવરવા માગે છે. ગિલ સુધી હકાલપટ્ટીની વાત પહોંચાડનાર ખબરી કોણ હશે?

એક અહેવાલ ચોંકાવનારો હતો. એમાં જણાવાયું હતું કે ગિલને ટી-૨૦ વિશ્વ કપની ટીમમાં સમાવવો કે નહીં એ મુદ્દે સિલેક્શન કમિટીમાં બે જૂથ પડી ગયા હતા. ત્રણ સિલેક્ટર ગિલને ટીમમાં સમાવવાની વિરુદ્ધમાં હતા, જ્યારે ચીફ સિલેક્ટર અજિત આગરકર તથા હેડ-કોચ ગૌતમ ગંભીરનો ગિલને ટેકો હતો. જાણકાર સૂત્રએ જણાવ્યું હતું કે ત્રણ પસંદગીકાર ગિલને ટીમમાં ન સમાવવા મક્કમ હતા એની તેમને અગાઉથી જ જાણ હતી અને ખરેખર એવું જ બન્યું. બીસીસીઆઇનો નિયમ છે કે જો પાંચ મેમ્બરની સિલેક્શન કમિટીમાંથી ત્રણ સિલેક્ટર કોઈ ખેલાડીને પસંદ કરવા તૈયાર ન હોય તો તેમને છેવટે પસંદ કરાતો જ નથી અને એ ખેલાડીનો છેદ ઊડી જાય છે. સિલેક્શન કમિટીની મીટિંગમાં બીસીસીઆઇના સેક્રેટરી દેવાજિત સૈકિયા પણ હાજર હતા. જોકે અંતિમ પસંદગી આગરકર દ્વારા કરવામાં આવી હતી અને આખરી ટીમ પર મહોર લાગતાં જ થોડી વારમાં ગિલને ખબર પડી જાય છે કે તેનું વર્લ્ડ કપની ટીમમાં કોઈ સ્થાન નથી. ચીફ સિલેક્ટર આગરકર આંતરરાષ્ટ્રીય પ્રવાસ દરમ્યાન ઘણી વાર મેદાન પર જોવા મળ્યો એ પણ એક મોટી નવાઈ જ છે. ભૂતકાળમાં સામાન્ય રીતે આવું ક્યારેય નહોતું બન્યું. ચીફ સિલેક્ટરનું કામ માત્ર ટીમ સિલેક્ટ કરીને આપી દેવાની હોય, ડે-ટુ-ડે ગતિવિધિમાં તેની દખલ હોવી જ ન જોઈએ. એ કામ ટીમ-મૅનેજમેન્ટનું છે જેમાં કૅપ્ટન, હેડ-કોચ અને ટીમના સિનિયર ખેલાડીઓનો સમાવેશ હોય છે.

જોકે ભારતની ટી-૨૦ વર્લ્ડ કપ ટીમ હજી ફાઇનલ ન કહી શકાય. કારણ એ છે કે સાતમી ફેબ્રુઆરીએ વિશ્વ કપ શરૂ થાય એના સાત દિવસ પહેલાંના સમયગાળામાં (ટીમના કોઈ ખેલાડીને ઈજા ન થાય તો પણ અને આઇસીસીની પરવાનગી વગર) વર્લ્ડ કપની ટીમમાં ફેરફાર થઈ શકે છે. આ કેસમાં ગિલને સમાવી દેવાનો મોકો લઈ લેવાશે કે કેમ એ વાત અલગ છે, પણ હાલના તબક્કે તેને પડતો મૂકવાનો કઠિન નિર્ણય લેવાઈ ગયો છે.

ભારતીય ક્રિકેટની વર્તમાન હાલત ચર્ચાસ્પદ છે. બે સ્પિન-ઑલરાઉન્ડર અક્ષર પટેલ અને વૉશિંગ્ટન સુંદર ટીમ ઇન્ડિયામાં ક્યારે હશે અને ક્યારે બહાર કરી દેવાશે એ પણ કોઈ કળી નથી શક્તું. ગિલને હટાવવામાં આવતાં અક્ષરને વર્લ્ડ કપની ટીમનો વાઇસ-કૅપ્ટન નિયુક્ત કરાયો છે. જો કોઈ સંજોગોમાં ગિલ કમબૅક કરશે તો પણ અક્ષરને ઉપસુકાનીપદે જાળવી રખાશે એ સવાલ છે. વૉશિંગ્ટન સુંદર પણ વર્લ્ડ કપની ટીમમાં છે, પણ તેનો બૅટિંગ-ક્રમ કયો હશે એ કોઈ ધારી નથી શક્તું.

### શમીને કેમ તક નહીં?

રોહિત શર્મા અને વિરાટ કોહલી ટી-૨૦ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થઈ ચૂક્યા હોવાથી સ્વાભાવિક રીતે તેઓ ટી-૨૦ વર્લ્ડ કપની ટીમમાં નથી, પણ આગામી વન-ડે સિરીઝો માટે સિલેક્ટ થવા તેમને ડોમેસ્ટિક ક્રિકેટમાં રમવાનું હાલમાં ફરજિયાત બનાવાયું છે. બન્ને મહારથીએ બુધવારે વિજય હઝારે ટ્રોફીમાં સંબંધિત ટીમ વતી (અનુક્રમે મુંબઈ અને દિલ્હી વતી) સેન્ચુરી ફટકારી છે જેની વાહ-વાહ થઈ રહી છે, પરંતુ ઘણા અઠવાડિયાથી મોહમ્મદ શમી ડોમેસ્ટિક ક્રિકેટમાં ઢગલાબંધ વિકેટ લઈ રહ્યો છે એનું શું? કેમ તેને અવગણવામાં આવી રહ્યો છે? ઈજાને લીધે તેની કરીઅર ખોરવાઈ ગઈ છે એ સાચી વાત, પણ તેની ફિટનેસના મુદ્દે કંઈક તો રહસ્ય છે જ. ભારત વતી ટી-૨૦માં તેનું ૨૦૨૩ અને ૨૦૨૪નું વર્ષ સાવ કોરું ગયું હતું (તે ભારતની ટી-૨૦ ટીમમાં નહોતો). વન-ડેમાં તે માર્ચ મહિના પછી ટીમમાં નથી. ટેસ્ટ પણ તે અઢી વર્ષથી નથી રમ્યો.

### ભુવી કેમ ભુલાઈ ગયો?

સાઉથ આફ્રિકા સામે જસપ્રીત બુમરાહને શું કામ રમાડ્યો? તેને ૨૦૨૭ના વન-ડેના વર્લ્ડ કપ સુધી જાળવી રાખવો હોય તો શા માટે તેને આવી ઓછા મહત્ત્વવાળી હોમ-સિરીઝમાં રમાડો છો? ઑસ્ટ્રેલિયા મિચલ સ્ટાર્કને સાચવે છે એ બધા જોઈ જ રહ્યા છે. જ્યારે તેને પાછો રમવા બોલાવવામાં આવે છે ત્યારે તે હોલસેલમાં વિકેટો લઈ આપે છે. કહેવાનો ભાવાર્થ એ છે કે બુમરાહને બદલે મોહમ્મદ શમી કે મોહમ્મદ સિરાજને રમવાનો મોકો કેમ નથી આપતા? અર્શદીપ સિંહ ભારતીય ટીમમાં સ્થાન ડીઝર્વ કરે છે, પણ શમી-સિરાજના ભોગે કેમ હર્ષિત રાણા અને શિવમ દુબેને તક આપ્યા કરો છો? ભુવનેશ્વર કુમારને તો ભૂલી જ ગયા છો. તે આઇપીએલમાં અને ડોમેસ્ટિક ક્રિકેટમાં સારું પર્ફોર્મ કરે છે, પણ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તેને નવેમ્બર, ૨૦૨૨ પછી (ત્રણ વર્ષથી) નથી રમવા મળ્યું. યાદ રહે, ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં આ સ્વિંગ-સ્પેશ્યાલિસ્ટ બોલર લગભગ ૩૦૦ વિકેટ લઈ ચૂક્યો છે.

### અમદાવાદના દેસાઈને કેમ નથી રમાડતા?

આઇપીએલમાંથી પણ ટૅલન્ટેડ ખેલાડીઓ મળી શકે છે. ડોમેસ્ટિક ક્રિકેટ પણ પસંદગી માટે બહુ સારું માધ્યમ છે. ૨૦૨૫-'૨૬ની રણજી ટ્રોફીમાં અમદાવાદના પચીસ વર્ષની ઉંમરના સિદ્ધાર્થ અજયભાઈ દેસાઈએ માત્ર પાંચ મૅચમાં કુલ ૩૫ વિકેટ લીધી હતી અને એ સીઝનમાં તેની એ ૩૫ વિકેટ તમામ બોલર્સમાં હાઈએસ્ટ હતી. કેમ ગુજરાતના આ યુવાન પેસ બોલરને ટીમ ઇન્ડિયામાં હજી સુધી સ્થાન નથી મળ્યું. કંઈક રાજકારણ તો ચાલી જ રહ્યું છે.

### ટેસ્ટમાં ગજબની પછડાટો

૨૦૨૪માં ભારતે રોહિત શર્માની કૅપ્ટન્સીમાં અને રાહુલ દ્રવિડના કોચિંગમાં ટી-૨૦નો વર્લ્ડ કપ જીતી લીધો ત્યાર પછી ભારતીય ક્રિકેટનો સિનારિયો જ સાવ બદલાઈ ગયો છે. ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામેની ટેસ્ટ-સિરીઝ ૦-૩થી હારી ગયા એ નામોશી દાયકાઓ સુધી નહીં ભુલાય. ઑસ્ટ્રેલિયામાં પણ ટેસ્ટ-શ્રેણીમાં ૧-૩થી પરાજિત થયા અને ઇંગ્લૅન્ડમાં સિરીઝના પરાજયથી માંડ-માંડ બચી ગયા હતા અને ૨-૨ની બરાબરી સાથે ભારતીયો પાછા આવ્યા હતા. હોમ-ગ્રાઉન્ડ પર આપણે વેસ્ટ ઇન્ડિઝ સામે ૨-૦થી ટેસ્ટ-શ્રેણી જીત્યા, પણ બે મહિના પહેલાં વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકાએ ભારતનો ૨-૦થી વાઇટવૉશ કરીને ૨૪ વર્ષે ભારતની ધરતી પર સિરીઝ જીતવાની અનેરી સિદ્ધિ મેળવી હતી. આ બધુ ચીફ સિલેક્ટર અજિત આગરકર અને હેડ-કોચ ગૌતમ ગંભીરના શાસનકાળમાં જ બની ગયું. વાત વિચારવા જેવી તો છે જ.

# રૅન્કિંગમાં સૂર્યકુમારને ઝટકો, તિલકની છલાંગ: અભિષેક હજીયે નંબર-વન


દુબઈ: ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ મેન્સ ટી-૨૦ના નવા ક્રમાંક જાહેર કર્યા છે જે મુજબ ભારતના આઉટ-ઑફ-ફૉર્મ કૅપ્ટન સૂર્યકુમાર યાદવને મોટું નુકસાન થયું છે અને તે ટૉપ-ટેનની બહાર થઈ ગયો છે. આવતા મહિને (૨૧મી જાન્યુઆરીથી) ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામે રમાનારી ટી-૨૦ શ્રેણી અને ત્યાર પછી ફેબ્રુઆરીમાં ઘરઆંગણે રમાનારા ટી-૨૦ના વર્લ્ડ કપ પહેલાં સૂર્યાએ રૅન્કિંગમાં મોટી પછડાટ જોવી પડી છે. તે એક સમયે ટી-૨૦ના બૅટ્સમેનોમાં વર્લ્ડ નંબર-વન હતો, પણ હવે ઘણા વખતે ટૉપ-૧૦ની બહાર થઈ ગયો છે. તે ૬૬૦ પૉઇન્ટ સાથે સીધો ૧૩મા નંબરે પહોંચી ગયો છે.

અભિષેક શર્મા ટી-૨૦માં વર્લ્ડ નંબર-વન છે અને એ સ્થાન તેણે જાળવી રાખ્યું છે. તેના નામે ૯૦૮ રેટિંગ પૉઇન્ટ છે, જ્યારે બીજા નંબરના ફિલ સૉલ્ટના નામે ૮૪૯ પૉઇન્ટ છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે ૨૦૨૫ના વર્ષના અંત સુધી અભિષેક જ નંબર-વન પર રહેશે.

તિલક વર્મા હવે અભિષેક અને સૉલ્ટ પછી ત્રીજા નંબરે છે. તિલકના રેટિંગ વધીને ૮૦૫ થઈ ગયા છે. તિલકે પ્રગતિ કરી એને કારણે કેટલાક બૅટ્સમેનોએ અધોગતિ જોવી પડી છે. શ્રીલંકાનો પથુમ નિસંકા (૭૭૯ પૉઇન્ટ) ચોથા નંબરે છે, જ્યારે ઇંગ્લૅન્ડનો જૉસ બટલર (૭૭૦ પૉઇન્ટ) પાંચમા સ્થાને છે.

### ટી-૨૦ બૅટ્સમેનોમાં કોણ ટૉપ-ટેનમાં

(૧) અભિષેક શર્મા, ૯૦૮ પૉઇન્ટ
(૨) ફિલ સૉલ્ટ, ૮૪૯ પૉઇન્ટ
(૩) તિલક વર્મા, ૮૦૫ પૉઇન્ટ
(૪) પથુમ નિસંકા, ૭૭૯ પૉઇન્ટ
(૫) જૉસ બટલર, ૭૭૦ પૉઇન્ટ
(૬) સાહિબઝાદા ફરહાન, ૭૫૨ પૉઇન્ટ
(૭) ટ્રેવિસ હેડ, ૭૧૩ પૉઇન્ટ
(૮) મિચલ માર્શ, ૬૮૪ પૉઇન્ટ
(૯) ટિમ સીફર્ટ, ૬૮૩ પૉઇન્ટ
(૧૦) ડેવાલ્ડ બ્રેવિસ, ૬૮૦ પૉઇન્ટ



# મેસીની બહેનના લગ્ન કેમ મુલતવી રાખવામાં આવ્યા?



રૉસેરિયો (આર્જેન્ટિના): તાજેતરમાં ભારતના પ્રવાસે આવી ગયેલા સુપરસ્ટાર ફૂટબૉલ ખેલાડી લિયોનેલ મેસીની બહેન મારિયા સૉલ મેસીને ગંભીર અકસ્માત નડ્યો છે.

મારિયા મેસીના આગામી ત્રીજી જાન્યુઆરીના લગ્ન નક્કી થયા હતા, પરંતુ તેને કાર-અકસ્માત નડતાં હવે લગ્ન મોકૂફ રાખવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

લિયોનેલ મેસીની નાની બહેન મારિયા મેસી ફૅશન ડિઝાઇનર છે. મારિયા મેસી કાર ચલાવી રહી હતી ત્યારે અચાનક બેશુદ્ધ થઈ જતાં તેની કાર એક દીવાલ સાથે ટકરાઈ હતી જેમાં મારિયાને કરોડરજ્જુ, હાથમાં તથા પગની એડીમાં ફ્રૅક્ચર થયું છે અને તે દાઝી પણ ગઈ છે.

લિયોનેલ મેસી અમેરિકાની ઇન્ટર માયામી ટીમ વતી રમે છે અને એણે તાજેતરમાં જ આ ટીમને બે મોટી ટ્રોફી અપાવી છે. ઇન્ટર માયામીની યુવા ટીમના કોચ જુલિયન ઍરેલાનો સાથે લગ્ન થવાના છે.

# લાડકી


કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@
bombaysamachar.com

# યુસુફની સાથેનો સંબંધ તૂટ્યા પછી હું કોઈ સાથે જોડાઈ શકતી નહોતી

(ભાગઃ ૧૦)

નામઃ મુમતાઝ જહાન દહેલવી (મધુ બાલા)
સમયઃ ૨૦ ફેબ્રુઆરી, ૧૯૬૯
સ્થળઃ બ્રિચ કેન્ડી હોસ્પિટલ, મુંબઈ
ઉંમરઃ ૩૬ વર્ષ

'મોગલ એ આઝમ'ની પ્રથમ જાહેરાત ૧૯૪૫માં કરવામાં આવી, પણ શુટિંગ શરૂ થયું, પહેલાં ૧૯૪૬માં... પૈસા અને બીજા પ્રશ્નોને કારણે ફિલ્મ ધીરે ધીરે ઢીલે થતી ગઈ. એ દરમિયાન અનેક ઉતાર-ચઢાવમાંથી ફિલ્મ પસાર થઈ. મૂળ ફાઈનાન્સર હતા શિરાજ અલી હકીમ જેમણે કે.આસિફની સાથે 'ફૂલ' નામની ફિલ્મ બનાવી હતી, પરંતુ ભારત પાકિસ્તાનના ભાગલા વખતે એ પાકિસ્તાન ચાલી ગયા. ફિલ્મ ખોરંભે પડી. એ વખતે શાપુરજી પાલનજી મિસ્ત્રી આગળ આવ્યા અને એમણે ફિલ્મ ફાઈનાન્સ કરવાનો નિર્ણય લીધો. ૧.૫ કરોડની લાગતથી ફિલ્મ પૂરી તો થઈ, પરંતુ છેલ્લાં દ્રશ્યો બાકી હતા ત્યારે શાપુરજી પણ થાકી ગયા. શીશમહેલના દ્રશ્યોનું ચિત્રીકરણ થઈ રહ્યું હતું ત્યારે શાપુરજી સોહરાબ મોદીને લઈને આવ્યા. એમણે કે.આસિફને ફિલ્મ છોડી દેવાનું કહ્યું. ખાસી દલીલો પછી અંતે મારે આગળ આવીને કહેવું પડ્યું, 'આ ફિલ્મનો મારો કોન્ટ્રાક્ટ કે.આસિફના દિગ્દર્શનમાં કામ કરવાનો છે. કે.આસિફ જો છોડશે તો હું પણ છોડી દઈશ.' ૮૫ ટકા ફિલ્મ બની ગઈ હતી. હવે, શાપુરજીને પણ પૈસા ગુમાવવા પોષાય એમ નહોતું. કરોડો રૂપિયાના ખર્ચે 'મોગલ એ આઝમ' પૂરી થઈ. ૫ ઓગસ્ટ, ૧૯૬૦ના દિવસે રિલીઝ કરવામાં આવી. ફિલ્મની જાહેરાતમાં પણ મબલખ રૂપિયા ખર્ચવામાં આવ્યા. પહેલે દિવસે બધા અખબારોમાં ફ્રંટ પેજ જાહેરાત થઈ જેમાં આસિફે લખ્યું હતું, 'મેં આ કર્યું છે. હવે તમે નિર્ણય કરો કે આ કેવી છે...' લોકો આકર્ષાયા. પ્રિન્ટ હાથી પર આવી અને એડવાન્સ બુકિંગમાં ૪૦ લાખ રૂપિયાની આવક થઈ! ફિલ્મ સુપરહીટ થઈ ગઈ, પરંતુ મારી જિંદગીનો અંધકારમય સમય શરૂ થઈ ચૂક્યો હતો. 'મોગલ એ આઝમ'ના છેલ્લા દિવસોમાં શુટિંગ ચાલતું હતું ત્યારે મારી તબિયત એટલી ખરાબ હતી કે, સેટ પર ડોક્ટરને હાજર રાખવા પડતા. હું અચાનક બેહોશ થઈ જતી. લોહીની ઊલ્ટીઓ થવા લાગતી. ઓક્સિજનનો સિલિન્ડર રાખવો પડતો... એ બધા પછી પણ અમુક જ કલાક કામ કરી શકતી.


મધુ બાલા – દિલીપ કુમાર

મારી બીમારી કોઈ સાધારણ નહોતી. જન્મ સમયથી જ મારા હૃદયમાં એક બહુ નાનું કાણું હતું જે ધીમે ધીમે મોટું થતું જતું હતું. ૧૯૫૩માં 'બહોત દિન હુએ' ફિલ્મના શુટિંગ વખતે પહેલીવાર આ વાતની ખબર પડી. જેમિની સ્ટુડિયોના પ્રોડક્શનમાં બની રહેલી આ ફિલ્મ માટે હું ચેન્નાઈ ગઈ હતી. અબ્બુ મારી સાથે જ હતા. કામ શરૂ થયું અને ત્રણ દિવસના શુટિંગ પછી અમે એક તામિલ ફિલ્મ જોવા જતા હતા. એ ફિલ્મની રિમેક 'બહોત દિન હુએ'ના નામે બની રહી હતી. અબ્બા નમાઝ પઢતા હતા અને હું તૈયાર થઈ રહી હતી ત્યાં અચાનક મને ખાંસી આવી. લોહીની ઊલ્ટી થઈ ગઈ. ડોક્ટરને બોલાવવામાં આવ્યા. વાસનજી (જેમિનીના માલિક) એ મારી દવા કરાવવામાં કશું બાકી ન રાખ્યું. લગભગ ૧૫ દિવસ સુધી વાસનજીની પત્નીએ મારી કાળજી રાખી. હોટેલમાંથી અમે ઘરે શિફ્ટ થઈ ગયા અને હું ધીમે ધીમે સારી થવા લાગી. ફિલ્મ રિલીઝ થઈ અને ફિલ્મને ખૂબ સફળતા પ્રાપ્ત થઈ. અન્ય નિર્માતાઓ પણ દક્ષિણની ફિલ્મો તરફ જોવા લાગ્યા. એ દરમિયાનમાં મારી ફિલ્મો પૂરી કરવા માટે હું કામ કરતી રહી. 'મિસ્ટર એન્ડ મિસિસ ૫૫', 'બંબઈ કા બાબુ', 'એક દિલ સો અફસાને', 'ઢાકે કી મલમલ', 'ગેટ વે ઓફ ઈન્ડિયા', 'નકાબ', 'શીરીં ફરદાહ', 'એક સાલ', 'રાજહઠ', 'પોલીસ' જેવી ફિલ્મો મેં ધડાધડ સાઈન તો કરી, પણ કોણ જાણે મારી ભીતરથી કોઈ છઠ્ઠી ઈન્દ્રિય મને કહી રહી હતી કે, હું આ બધી ફિલ્મો પૂરી નહીં કરી શકું. અબ્બુ બધું જ સમજતા હતા તેમ છતાં એક પછી એક કોન્ટ્રાક્ટ કરી રહ્યા હતા. 'નયા દૌર'ના અનુભવ પછી સાઈનિંગ એમાઉન્ટ લેતા હું ડરવા લાગી હતી. ફિલ્મ પૂરી ન થઈ શકે તો આપણી જવાબદારી બને એ વાત મને ડરાવતી હતી.

૧૯૫૮ની આસપાસ રાજ ખોસલા જ્યારે 'બંબઈ કા બાબુ'માં મને લેવા માટે કટિબદ્ધ હતા ત્યારે મેં રાજને ફોન કરીને એકાંતમાં ઘરે બોલાવ્યા. મેં એમને કહ્યું કે, 'હું તમારી દોસ્ત છું અને તમારું નુકસાન થાય એ મને નહીં પોષાય. પ્લીઝ કોઈ બીજી હીરોઈનને લઈને ફિલ્મ શરૂ કરી દો. મારી રાહ જોવાની ભૂલ નહીં કરતા કારણ કે, અત્યારે મારી જે હાલત છે એ જોતાં હું છ મહિના સુધી કામ નહીં કરી શકું...'

હું ૩૦ વર્ષની થઈ ગઈ હતી. યુસુફની સાથેનો સંબંધ તૂટ્યા પછી હું કોઈ સાથે જોડાઈ શકતી નહોતી. કમાલ અમરોહી સાથે થોડો સમયની નિકટતા રહી, પરંતુ એમના મીનાકુમારી સાથેના સંબંધો ગાઢ થતા ગયા અને મારે માટે કોઈ જગ્યા ન રહી! એ પછી, મેં લગ્નની આશા જ છોડી દીધી હતી. બીમાર હોવાને કારણે વારંવાર અઠવાડિયાઓ સુધી ઘરે રહેવું પડતું. કંટાળી જતી, ડરી જતી એવા સમયમાં કિશોર કુમાર મને ફોન કરતા. હું એમની સાથે કલાકો વાતો કરતી. એ મને હસાવતા. મારી અનેક ફિલ્મોમાં નાયક રહી ચુકેલા અશોક કુમારના નાના ભાઈ હોવાને કારણે એ મારો આદર કરતા. એમણે ફિલ્મોમાં ગાયક અને અભિનેતા તરીકે પદાર્પણ કરી દીધું હતું. પછી કે.એસ. ફિલ્મ્સ નામથી પોતાની સંસ્થા શરૂ કરી. પહેલી ફિલ્મની જાહેરાત કરી, 'ચલતી કા નામ ગાડી', જેમાં હીરોઈનનો રોલ મને ઓફર કર્યો. એમની સાથે કામ કરવાની મજા આવશે, હલકી-ફૂલકી વાર્તા અને મજાનો રોલ જોઈને મેં ફિલ્મ કરવાનો નિર્ણય કર્યો.

'ચલતી કા નામ ગાડી'ના સેટ પર અમે નજીક આવ્યા. કિશોર કુમાર પણ એ સમયે એકલવાયા હતા. એમના પત્ની રૂમાદેવી એમના દીકરા અમિતને લઈને ચાલી ગયા હતા. કિશોર કુમારની સાથે ધીરે ધીરે દોસ્તી થવા લાગી. 'મહેલો કે ખ્વાબ', 'નોટી બોય' જેવી ફિલ્મો અમે સાથે કરી. દરમિયાનમાં એક દિવસ કિશોરે અચાનક જ મને પ્રપોઝ કરી નાખ્યું. મને લાગ્યું એ હંમેશની જેમ મજાક કરે છે, પરંતુ એ મજાક નહોતા કરતા. એમણે પહેલાં પણ આવી મજાક કરી હતી. ઝેરની બોટલ પકડીને નાટક કરતા, 'લગ્ન કરવાની ના પાડીશ તો હું આપઘાત કરીશ...' કહીને ઓવર એક્ટિંગ કરતા... મને લાગ્યું આ એવી જ કોઈ મજાક હશે, પરંતુ એ દિવસે કિશોર સિરિયસ હતા. સાચું પૂછો તો એ દિવસે મેં પણ પહેલીવાર લગ્ન વિશે વિચાર્યું. મારી પાસે જેટલી જિંદગી બચી હતી એમાં કોઈ સાથી હોય, મારી કાળજી કરે, મને પ્રેમ કરે એ મારી પણ જરૂરિયાત તો હતી જ! મેં હિંમત કરીને અબ્બુ સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો... અબ્બુ એક બંગાળી બ્રાહ્મણને પોતાનો જમાઈ બનાવવા હરગિઝ તૈયાર નહોતા, પરંતુ એ પણ મારી હાલત સમજતા હતા. હવે અબ્બુનો ઈગો ક્યાંય કામ લાગતો નહોતો. એમની જે કોઈ દાદાગીરી હતી એ બધી મારી સફળતા પર આધારિત હતી, પરંતુ મારી તબિયતને કારણે ફિલ્મોની ઓફર ઘટી ગઈ હતી. ઘરની આવક પણ ઘટવા લાગી હતી. અબ્બુની ઐયાશી ઉપર રોક લાગી ગઈ હતી. આવા સમયમાં જો હું લગ્ન કરી શકું તો કદાચ જમાઈ એમનો આધાર બની શકે, એમને મદદરૂપ થઈ શકે એવું વિચારીને અબ્બુએ ન છુટકે લગ્નની હા પાડી, પરંતુ શરત મૂકી કે, કિશોર કુમારે ધર્મ પરિવર્તન કર્યું. અબ્બુની શરત સ્વીકારીને કિશોર કુમારે ધર્મ પરિવર્તન કર્યું. અબ્દુલ કરીમ નામ રાખીને ૧૬ ઓક્ટોબર, ૧૯૬૦ના દિવસે અમે લગ્ન કરી લીધાં.

મારી તબિયત તદ્દન ખલાસ થઈ ગઈ હતી. મને ઘરની બહાર નીકળવાની પણ છુટ નહોતી. નિકાહ ખૂબ સાદી રીતે થયા. કિશોર કુમારના બંને ભાઈઓ ધર્મ પરિવર્તન માટે તૈયાર નહોતા-એટલે એમણે લગ્નમાં હાજરી આપવાનું પણ સ્વીકાર્યું નહીં. પછીથી સૌ વચ્ચે સમાધાન થયું અને એક નાનકડા રિસેપ્શનનું આયોજન કરવામાં આવ્યું. તેમાં સોથી પણ ઓછા લોકો હાજર રહી શક્યા. મારે સૌથી દૂર રહેવાનું હતું, ઈન્ફેક્શનનો ભય હતો. લગ્ન તો શું, થયાં... બસ! એક મુરાદ પૂરી થઈ ગઈ.

લગ્ન પછી તરત કિશોરે મને લંડન લઈ જવાનો નિર્ણય કર્યો. પ્રેસ માટે આ હનીમૂનની જાહેરાત હતી, પરંતુ ખરેખર તો મારી બીમારીના ઈલાજ માટે અમે લંડન ગયા. ક્યાંય સુધી હોસ્પિટલોનાં પગથિયાં ઘસ્યા પછી અમને બંનેને સમજાઈ ગયું કે, મારી પાસે હવે બે વર્ષથી વધારે સમય નથી! (ક્રમશઃ)■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@
bombaysamachar.com

# પ્રેમના પિંજરથી ઊંચા અવકાશે ઉડાન

બાળપણથી જ આરાધ્યાની દુનિયા કોઈ અદ્રશ્ય પિંજર જેવી હતી. પિતાના નિયમો, નિર્ણયો અને નિયંત્રણોની ચસોચસ દીવાલો વચ્ચે એ મોટી થઈ. મા જેને આરાધ્યાએ માત્ર તસ્વીરોમાં જ જોઈ હતી. એની ગેરહાજરી ઘરના દરેક ખૂણામાં મૌન બનીને વસતી રહેતી. પિતા માટે પ્રેમ એટલે શિસ્ત અને ફરજ એટલે નિયંત્રણ. ઉંમર વધતાં પિતાનો આવો આગવો પિતૃપ્રેમ આરાધ્યાના શ્વાસ પર ભારરૂપ બનતો ચાલ્યો.

'તું શું પહેરશે, કોની સાથે બોલશે, શું ભણશે ને શું નહીં, આ બધું હું નક્કી કરીશ, પિતાનો અવાજ આરાધ્યાના મનમાં હંમેશાં ગુંજતો રહેતો. એ ક્યારેય વિરોધ ના કરી શકી. કારણ કે એને સતત એવું શીખવવામાં આવ્યું હતું કે, આજ્ઞાપાલન એ સદગુણ છે અને ઈચ્છાઓને દબાવવી એ સમજદારી.

સમય કોઈની રાહ થોડી જુએ છે. આરાધ્યા તરુણાવસ્થાને પસાર કરતી ઝડપથી આગળ વધી રહી હતી. યુવાની દરવાજે દસ્તક દેતી ઊભેલી ને એણે કોલેજમાં પગ મૂક્યો. પિતાથી દૂર, હોસ્ટેલમાં રહેવાનું થયું. આરાધ્યાને લાગ્યું કે, હવે કદાચ આઝાદી મળશે. એ આઝાદીના ખ્યાલોમાં રાચતી આરાધ્યા પ્રેમ, આકર્ષણ ને ઓપોઝિટ જેન્ડર સાથેના સંબંધોથી અજાણ ને અણઘડ હતી. જાણ્યે-અજાણ્યે એ એવા લોકો તરફ ખેંચાતી રહી જે એના બદલે નિર્ણયો લેતા, એની દુનિયા નિયંત્રિત કરતા. બહેનપણીઓ પણ એવી જે આરાધ્યા પર ધોંસ જમાવે. પુરુષ મિત્રો પણ એવા જે આરાધ્યાને સાચવવાના બહાને ધાર્યું કરાવે. એવામાં એની જિંદગીમાં વિહાન આવ્યો.

એક સેમિનારમાં વિહાનની નજર આરાધ્યા પર પડી. જોતાવેંત એને આરાધ્યાનો નમણોને નમાલો લાગતો ચહેરો આંખોમાં વસી ગયો. આરાધ્યાના જીવનમાં પ્રવેશતા વિહાનને બહુ વાર લાગી નહીં, કારણ કે, આરાધ્યા સરન્ડર થવામાં એક્સપર્ટ હતી એટલે વાતચીતની શરૂઆત ભલે વિહાને કરી પણ સામે એને વિરોધ મળ્યો નહીં. આરાધ્યાને નાનપણથી પિતાની વાતમાં હા એ હા કરવાની આદત હતી. એણે અહીં પણ એજ કર્યું. વિહાનના વ્યક્તિત્વ સાથે એ તુરંત



વણાય ગઈ, પરંતુ ત્યાંજ એ ભૂલ કરી બેસી. વિહાન અને પોતાના પિતાના વ્યક્તિત્વમાં ઘણી સામ્યતા છે એનો ખ્યાલ ત્યારે આવ્યો જ્યારે આરાધ્યા પર રિસ્ટ્રિક્શન વધ્યાં. એના ઓપિનિયનની કોઈ કિંમત ના રહી. એના કપડાંની , મિત્રોની, મોજશોખની પસંદગી વિહાન કરવા લાગ્યો. પહેલા તો આ બધું એને પ્રેમ જેવું લાગતું. જોકે 'હું તારી ચિંતા કરું છું' કહીને શરૂ થયેલો સંબંધ ધીમે ધીમે 'તું મારી વાત કેમ નથી સાંભળતી?' માં બદલાઈ ગયો.

'તું શું પહેરશે, કોની સાથે બોલશે, શું ભણશે ને શું નહીં, આ બધું હું નક્કી કરીશ, પિતાનો અવાજ આરાધ્યાના મનમાં ઘણાં વખતે ગુંજ્યો, પણ, આજે આ વાક્યો વિહાન બોલી રહ્યો હોય એવું લાગ્યું. થોડા મહિનાઓમાં તો આરાધ્યા ફરી એજ કરવા લાગી જે એ નાનપણમાં કરતી. એ આજ્ઞાકારી પ્રેમિકા બની. વિહાન જેમ કહે એમ કરતી. એની મિત્રતાઓ, સપનાઓ અને આત્મવિશ્વાસ બધું ધીમે ધીમે ઓગળતું ગયું. એ ફરી એક વાર પિંજરામાં હતી. ફરક એટલો જ કે આ વખતે પિંજરાનું નામ 'પ્રેમ' હતું.

દરેક વખતે એ પોતાની જાતને પૂછતી, 'મારી સાથે જ આવું કેમ થાય છે?' પરંતુ જવાબ ક્યારેય મળતો નહીં.

એક દિવસ લાઇબ્રેરીમાં માનસિક સ્વતંત્રતા પરનું કોઈ પુસ્તક એના હાથે લાગ્યું. એમાં લખાયેલા એક વાક્યએ આરાધ્યાને અંદરથી ઝંઝોળી નાખી. 'જે બાળકને નિયંત્રણમાં ઉછેરવામાં આવે, એ મોટું થઈને નિયંત્રણને જ પ્રેમ સમજે છે.' આરાધ્યાની આંખોમાં પાણી આવી ગયાં. એને પોતાના પ્રશ્નનો જાણે જવાબ મળી આવ્યો. પિતાનું નિયંત્રણ, માતાની ગેરહાજરી અને પોતાનું મૌન. આ બધું એ ફરી ફરી જીવ્યા રાખે છે એનો અહેસાસ થયો. પહેલું કામ એણે વિહાન સાથેના સંબંધને જાકારો આપવાનું કર્યું. બીજું કામ પિતાએ પસંદ કરેલા વિષયોને બરતરફ કરવાનું. જોકે એ પછીનો બદલાવ પણ સરળ નહોતો. આરાધ્યા માટે નિયંત્રણમાંથી બહાર આવવું એ અજાણ્યા આકાશમાં ઉડાન ભરવા જેવી વાત હતી. એને ડર લાગતો. પોતાના નિર્ણયોથી, પોતાની ભૂલોથી, પરંતુ એણે નક્કી કર્યું કે હવે ભૂલ થશે તો પણ પોતાની હશે અને એનું પરિણામ પણ.


અંતે એ જાતને ઓળખતી થઈ. 'ના' કહેતાં શીખી. એવા સંબંધોથી દૂર રહી, જ્યાં એની ઓળખ ઓગળતી હોય. પિતાની સામે પણ એક દિવસ શાંતિથી બોલીઃ

'પપ્પા, તમે મને સુરક્ષિત રાખવા માગો છો, પણ હવે મને મારા રસ્તે ચાલવા દો.' આ વાક્યમાં કોઈ બગાવત નહોતી, માત્ર સત્ય હતું. ધીમે ધીમે આરાધ્યાનું પિંજર તૂટયું. એ પોતાની પસંદગીઓ કરવા લાગી, પોતાની મર્યાદાઓમાં રહેતી, પણ કોઈના કાબૂમાં આવવા તૈયાર નહોતી. કારણ કે એણે સમજ્યું હતું કે કદી પ્રેમ પાંખ કાપતો નથી, પણ એને પાંખ આપે છે.

એક દિવસ, ખુલ્લા આકાશ નીચે ઊભી રહીને એણે ઊંડો શ્વાસ લીધો. વર્ષો પછી એનો શ્વાસ હળવો થયો હતો. એ પ્રેમ કે કાળજીના નામે રચાયેલા પિંજરામાંથી બહાર આવી ચૂકી હતી. બસ, હવે ઉડાન ભરવાની બાકી હતી. ઊંચી, નિર્ભય અને બંધનમુક્ત.... ■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@
bombaysamachar.com

# બેસણાનો ફોટો




'સાંભળો છો? મને જરા આ ફોટાની થપ્પીમાંથી મારો એક અતિ સુંદર ફોટો શોધી આપો ને. પ્લીઝ...' સુનયનાએ પૂરા પ્રેમભર્યા સ્વરે એમના પતિદેવ હસમુખભાઈને કહ્યું.

જીવનમાં ક્યારેય જેમણે હાસ્ય સાથે દોસ્તી કરી નહોતી એવા હસમુખભાઈએ ખાસ્સી એવી ફોટાની થપ્પી જોઈને કચવાતા સ્વરે કહ્યું,

'આમાં માત્ર તારા જ ફોટા છે કે આખા ગામના ફોટા છે?'

'એમાં તો માત્ર મારા જ ફોટા અને તે પણ માત્ર ફેસના, એટલે કે મારા સુંદર મુખના જ ફોટા છે.'

બે- ચાર ફોટા ઉથલાવ્યા પછી એ મનમાં જ બબડવા લાગ્યાઃ

'આખું મોઢું કેમેરામાં ઘુસાડીને ફોટા પડાવે. એમાં પાછી ફાંગી આંખો, ગાલ ઉપર અમાસી તારલાઓની વણઝાર, નકલી પાંપણો - જાણે ડાકણની ઉધાર લીધી હોય એવી, નકલી વાળની બંને બાજુ લટકતી ફેણિયા સર્પ જેવી (કોબ્રા છાપ) લટો, રાણી છાપ સિક્કા જેવો મોટો લાલ ચાંદલો અને વધેલા ઘટેલા મિક્સ પાવડરના થપેડા અને બાકી રહ્યું તે 'પાન ખાયે સૈયા હમારો' ગાતી કોઈ ઝાહિદા બીબી જેવી લાલઘૂમ લિપસ્ટિક ને હોઠથી ઝરતા લાલ રેલા... બાપ રે! એક પણ ફોટો સારો નથી.' પણ સત્ય ઉચ્ચારવા જતાં મહાભારત શરૂ થતાં વાર નહીં લાગે. (કાશ! મેં લગ્ન પહેલાં આ ફોટા જોયા હોત!)

છતાં હિંમત કરી હસમુખલાલે જીવનમાં પહેલીવાર હસતાં મુખે પૂછ્યું,

'તું તારો એક અતિ સુંદર ફોટો કઢાવીને શું કરવાની છે?'

'એ તો વાત એમ છે કે આપણા ઘરે કામ કરતાં મધુબહેન રોજ કહે છે કે તમે આવા મોટા લેખક છો તો એક ફોટો મોટો કરાવીને ડ્રોઇંગરૂમમાં બરાબર મહેમાન જુએ એમ લગાવો. એણે તો એમ પણ કહ્યું કે પેલો બોલપેન મોઢા પર મૂકીને વિચાર કરતાં બેઠાં છો એ ફોટો તમારાં જેવા મહાન લેખક માટે ચકાસ (ઝક્કસ!) લાગે. મહેમાન આવે તેવાં જ ચકાસ છે હોં! તમારા જેવાં મહાન લેખકને મુખમંડળ ઉપર આભા હોય એવા જ ફોટા સરસ લાગે. ઉપર આ પેનવાળી અદા તો વાહ...! સુભાન અલ્લાહ...! નર્મદ પછી આ પેનવાળી કરામત તમને જ શોભે હોં! અહાહાહા... મને તો મધુની વાતથી જાણે કે...'

ત્યાં તો સ્વપ્નમાં સરી પડેલી સુનયનાને ધરતી પર પછાડતાં હસમુખભાઈ બોલ્યા,

'હે મારી રૂપસુંદરી! હવે ધરતી પર આવ. અને એમ પણ મધુ કહે તે ખરું. એટલે તું મધુને ગમે તેવો ફોટો જ પસંદ કરીને બરાબર ડ્રોઇંગરૂમની ભીંત જેવડો જ બનાવીને ચોંટાડી દે. જેથી ભીંત ઉપરના ઊખડી ગયેલાં પોપડા પણ ઢંકાઈ જશે. (પછી ભલેને ફોટામાં દેખાતા તારા ગાલના ખાડા ટેકરામાં પડી આખડીને મહેમાનો વહેલાં ઘર ભેગાં થતાં.)

'તમારો અભિપ્રાય એમ પણ મારે જોઈતો નથી.'

'હા, એ તો એમ પણ તું તારું ધારેલું જ કરવાની છે.' (અડધે પહોંચ્યા પછી હવે રિવર્સ ગાડી લેવાતી નથી. બાકી તો...)

'તો હવે એક વાત સાંભળી લ્યો. માત્ર ભીંત ઉપર નહીં, પણ મારાં મૃત્યુ પછી બેસણામાં મૂકવાનો ફોટો પણ સારી એવી ચમકતી ફ્રેમમાં મઢીને જ મૂકી જવાનું વિચાર્યું છે. મને વળાવતી વખતે પહેરવાનાં સાચી જરીના લાલ સેલા, બગસરાનો દુલ્હન સેટ, ઊંચી એડીના સેન્ડલ, પરફ્યુમ, મેકઅપ બોક્સ તેમજ મારી આખરી જાજમ પાથરેલી સિલ્કની ચાદરવાળી પથારી પણ તૈયારી કરીને મૂકી રાખવાનું વિચાર્યું છે.' (આમીન! તમારી જવાની તારીખ પણ અગાઉથી કહી દો. તો અમે પણ પાર્ટીની તૈયારી રાખીએ ને. પણ 'હસના મના હૈ' એ વાત હસમુખભાઈ જાણતા ક્યાં નહોતા.)

બેસણામાં મૂકવાનો ફોટો તો હજારો લોકો જોવાના છે. એટલે એકદમ સરસ ફોટો જ પસંદ કરવો રહ્યો. આખરે ઘરમાં એક મીટિંગ કરીને બાળકોને પણ એમાં બેસાડ્યાં , જેથી થોડા આધુનિક વિચારો પણ જાણવા મળે. પોસ્ટકાર્ડ સાઇઝના બસો ફોટામાંથી દસ ફોટા કાઢવામાં આવ્યા. એ દસ ફોટા ઉપર બધાએ ચિંતન કરવાનું ચાલુ કર્યું. પણ દરેક ફોટામાંથી કોઈએ કંઈ ને કંઈ ખામી બતાવી. આખરે સુનયનાબહેને બોલપેનવાળો ફોટો જ પસંદ કર્યો.

ત્યાં મોટો દીકરો બોલ્યો, 'મમ્મી, બોલપેનવાળા ફોટામાં તું ચાળીસ વર્ષની હતી અને હવે એંસી વર્ષની છે. માન કે તું સો વર્ષે ઉપર જાય, તો ત્યારે આવો ચાળીસ વર્ષવાળો ફોટો મૂકીને અમારે હાસ્યાસ્પદ નથી થવું.'

હસમુખભાઈ એમનું અનુમોદન આપવા જતા હતા, ત્યાં સુનયના તાડુકી

'મને ખબર છે. તમને તો હું મારો સુંદર ફોટો મૂકું તેમાં રસ જ નથી. ..કારણ કે તમારા ફોટા મારા જેવા સુંદર પડતા જ નથી.'

ફરી સુનયના બોલી, 'એ તો કાગડો દહીંથરું લઈ ગયો હતો.'

હસમુખભાઈને કહેવું હતું, 'સુનયના નામ સાંભળીને પરણ્યો હતો. કાશ! મેં આખું મુખ ધારીને જોયું હોત.' (પણ ભરી સભામાં ચીર ખેંચવાનું કામ... એટલે મહાભારત શરૂ!)

આખરે કમ્પ્યુટરમાં ગોલ્ડ મેડાલિસ્ટ એવા દીકરાએ સલાહ આપતાં કહ્યું,

'હવે તો કમ્પ્યુટરમાં તારે તારો ચહેરો જેવો બનાવવો હોય એવો બની જાય. બોલ, આપણે બંને બેસીને બનાવીએ?'

ત્યાં હસમુખભાઈથી બોલી પડાયું.

'મહેનત કરવા બેસવાના જ છો તો લગે હાથ ગાલ પરના ચંદ્ર જેવા ખાડાટેકરા સમથળ કરી નાખજો. સુરતના ચોમાસા પછીના રસ્તા જેવા રહેવા ના દેશો. અને હા, જરા આંખો એવી ડાર્ક કરી દેજો કે જેથી લેખિકા ક્યાં જુએ છે ને ક્યાં લખે છે એ ખબર જ ના પડે. પેલી સર્પસરીખી લટો એંસી વર્ષની માનુની ઉપર ન સારી લાગે. માટે એને ડિલીટ કરજો. અને હા, લગે હાથ હોઠ ઉપરથી દદળતા લાલ રંગના રેલા પણ સાફ કરી દેજો....બની શકે તો નકલી પાંપણો હટાવીને આંખને ઘુવડ બનતી અટકાવજો.'

'હા... હા...એમ જ કહી દો ને કે ફોટાને એક ઘરડી, દબાયેલી, કચડાયેલી વૃદ્ધા જેવો બનાવી દેવો. એમ જ ને કે પછી બીજું કંઈ?'

'ના ડાર્લિંગ, મારો ઇરાદો તો નેક છે. પણ તું ભરી સભામાં હાસ્યાસ્પદ...'

'હા... હા, મને તો ખબર જ હતી કે મારું કામ એક જ વ્યક્તિ બગાડશે. પણ હું તો... તમે જોજો, મારું ધારેલું જ કરીશ. અને હા, એમ પણ મર્યા પછી કોઈ આપણું સારું બોલી બોલીને કેટલું બોલશે? ઘરે પહોંચીને તો પછી મારા વિશે થાય એટલી ટીકાઓ કરવાના જ છે. તો પછી ગભરાવાની શું જરૂર છે. ખરું ને? આપ મૂએ ફિર ડૂબ ગઈ દુનિયા!' ■

# પુરુષ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com



## સફળતાની વ્યાખ્યામાં આપણે ચારિત્ર્યનો સમાવેશ ક્યારે કરીશું?

આજના ભૌતિકવાદી યુગમાં સફળતાની વ્યાખ્યા માત્ર અંક અને આંકડાઓ સુધી મર્યાદિત બની ગઈ છે. સમાજમાં પુરુષની ક્ષમતાનું માપદંડ અવારનવાર તેના બેંક બેલેન્સ, ગાડીની બ્રાન્ડ અથવા તેના ઘરના કદ પરથી નક્કી કરવામાં આવે છે. જોકે આપણે ઊંડાણપૂર્વક વિચાર કરીએ તો સમજાશે કે સંપત્તિ એ જીવન જીવવાનું સાધન હોઈ શકે, પણ તે જીવનનું અંતિમ લક્ષ્ય કે સાચી સફળતા ક્યારેય ન હોઈ શકે. એક પુરુષ તરીકે જ્યારે વ્યક્તિ સામાજિક અને પારિવારિક જવાબદારીઓના રથ પર સવાર હોય છે ત્યારે તેના ચરિત્રની મજબૂતી અને શિસ્તબદ્ધ જીવનશૈલી જ તેને ભીડમાં અલગ પાડે છે. માત્ર આર્થિક સમૃદ્ધિ મેળવવી એ કદાચ ભાગ્ય અથવા તકની રમત હોઈ શકે, પરંતુ ચરિત્રનું નિર્માણ એ વર્ષોની તપસ્યા અને નૈતિક મૂલ્યો પ્રત્યેની અડગતાનું પરિણામ છે.

સાચી સફળતા એ છે જેમાં વ્યક્તિ રાત્રે ઓશિકા પર માથું મૂકે ત્યારે તેને ઊંઘ માટે કોઈ ચિંતા કે પસ્તાવો ન નડે. જે સફળતા અન્યના અધિકારો છીનવીને કે અનૈતિક માર્ગે મેળવી હોય, તે સંપત્તિ તો આપે છે પણ સન્માન છીનવી લે છે. પુરુષના જીવનમાં શિસ્તનું સ્થાન કરોડરજ્જુ જેવું છે. જેવી રીતે કરોડરજ્જુ વગર શરીર ટટ્ટાર ઊભું રહી શકતું નથી તેવી જ રીતે શિસ્ત વગરનું જીવન ગમે તેટલી સિદ્ધિઓ મેળવે તો પણ તે લાંબો સમય ટકી શકતું નથી. શિસ્ત એટલે માત્ર સમયસર જાગવું કે કામ કરવું એટલું જ નહીં, પરંતુ પોતાની ઈન્દ્રિયો અને વિચારો પર કાબૂ રાખવો. જે પુરુષ પોતાની ઈચ્છાઓ પર સંયમ રાખી શકે છે અને વિપરીત પરિસ્થિતિમાં પણ ધૈર્ય ગુમાવતો નથી, તે ખરા અર્થમાં વિજેતા છે. અંકિત દેસાઈ કે પછી XYZ જેવા નિષ્ણાતોએ પણ નોંધવું પડે છે કે આંતરિક નિપુણતા અને નૈતિક સ્પષ્ટતા જ નેતૃત્વનું સાચું માળખું રજૂ કરે છે.

ઘણીવાર એવું જોવા મળ્યું છે કે મબલખ કમાણી કરનારી વ્યક્તિ પણ પરિવાર કે સમાજમાં આદર પામી શકતી નથી, કારણ કે તેના વ્યવહારમાં નમ્રતા અને ચરિત્રની શુદ્ધતાનો અભાવ હોય છે. પુરુષની ખરી ઓળખ તેના સંકટ સમયના વર્તનથી થાય છે. જ્યારે આર્થિક ગ્રાફ નીચે જતો હોય, ત્યારે જે વ્યક્તિ પોતાના સિદ્ધાંતો સાથે બાંધછોડ નથી કરતો તેના માટે સફળતા એક કાયમી અવસ્થા બની જાય છે. સંપત્તિ તો વહેતા પાણી જેવી છે, જે આજે છે અને કાલે નથી, પરંતુ ચરિત્ર એ ખડક જેવું છે જે ગમે તેવાં તોફાનોમાં પણ અડીખમ રહે છે.

મહાભારતના શાંતિ પર્વમાં પણ ભીષ્મ પિતામહે સમજાવ્યું છે કે શાસન કે નેતૃત્વમાં વ્યક્તિગત વર્તન અને પ્રજાનું કલ્યાણ જ સર્વોપરી છે. આ જ વાત આજના કોર્પોરેટ અને સામાજિક જગતમાં પણ એટલી જ પ્રસ્તુત છે.


સફળતાના આકાશમાં ઊડવા માટે પાંખો ભલે નાણાંની હોય, પણ આકાશમાં સંતુલન જાળવવા માટે પૂંછડી જેવું જે પાયાનું કામ કરે છે તે છે શિસ્ત. શિસ્તબદ્ધ પુરુષ જાણે છે કે ક્યારે 'ના' કહેવી અને કયા માર્ગે ચાલવું. તે લોભ અને લાલચની જાળમાં ફસાવાને બદલે લાંબા ગાળાના કલ્યાણ અને સ્થિરતાને પ્રાધાન્ય આપે છે. ચરિત્રવાન પુરુષના જીવનમાં પારદર્શિતા હોય છે. તેના શબ્દો અને કર્મો વચ્ચેનું અંતર જેટલું ઓછું તેટલી તેની સફળતા વધુ સુગંધિત બને છે. લોકો તેને માત્ર તેની સત્તા કે પૈસાને કારણે નહીં, પણ તેના વ્યક્તિત્વના પ્રભાવને કારણે અનુસરે છે. આથી જ કહેવાય છે કે જો સંપત્તિ ગુમાવી તો કશું જ ગુમાવ્યું નથી, પણ જો ચરિત્ર ગુમાવ્યું તો બધું જ ગુમાવી દીધું છે.

જીવનના અંતિમ તબક્કે જ્યારે કોઈ પુરુષ પાછળ ફરીને જુએ છે ત્યારે તેને સંતોષ એ વાતનો નથી થતો કે તેણે કેટલા કરોડ રૂપિયા ભેગા કર્યા, પણ એ વાતનો થાય છે કે તેણે કેટલા લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આણ્યું અને પોતાના પરિવારને વારસામાં કેવા સંસ્કારો આપ્યા. શિસ્ત દ્વારા મેળવેલી સફળતા વ્યક્તિને અહંકારી બનતા રોકે છે અને તેને જમીન સાથે જોડાયેલો રાખે છે. તે સમજે છે કે સત્તા અને સંપત્તિ એ જવાબદારી છે, ભોગવિલાસનું સાધન માત્ર નથી. આમ ચરિત્ર, શિસ્ત અને નૈતિકતાનો સમન્વય જ એક પુરુષને પૂર્ણ પુરુષ બનાવે છે અને તે જ તેની સાચી- શાશ્વત સફળતા છે. ■

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## સાહિત્ય જ્યારે બને જીવનનો ખરો ધબકાર...




જે વ્યક્તિ સાહિત્ય, સંગીત, કળાથી વંચિત રહે છે તે પૂંછડી અને શીંગડા વગરના પશુ સમાન છે. તે ઘાસ ખાધા વગર પણ જીવે છે....

બીજા શબ્દોમાં કહીએ તો સાહિત્ય અને સમાજ વચ્ચે અનેરો સંબંધ છે. સાહિત્ય સમાજને અરીસો દેખાડે છે. સાહિત્ય હંમેશાં સ્થળ- કાળનાં સ્પંદનો ઝીલે છે જે તે સમયના રીતરિવાજો, માન્યતાઓ, વહેમો, કુરૂઢિઓ તેમ જ આર્થિક અને સાંસ્કૃતિક બાબતો એમાં વણાઈ જાય છે. કોઈ પણ સમાજનો અંતરંગ પરિચય એના સાહિત્ય દ્વારા મેળવી શકાય છે.

તમને થશે કે આજે 'સંધ્યા છાયા' કોલમમાં સાહિત્યની વાત કેમ માંડી છે તો તમને કહી દઉં કે આજે આપણે અહીં એવી વડીલ વ્યક્તિની વાત કરવાના છીએ જેમના માટે સાહિત્ય જ જીવન છે. એમના માટે જીવનનો ખરો ધબકાર સાહિત્ય છે...

હરીશભાઈ આજે તો ૮૫ વર્ષથી પણ વધુ વયના છે. છેલ્લાં ઘણાં વર્ષોથી એ સાહિત્ય ક્ષેત્રે મહત્ત્વનું કાર્ય કરી રહ્યાં છે. અને આ કામ એટલી નિષ્ઠાથી કરી રહ્યાં છે કે એક દિવસ પણ તેમનો ખાડો ન પડે.

હરીશભાઈ અને મીનાબહેન આ એક એવું સરસ યુગલ છે, જેને જોઈને લાગે કે આ બંને તો made for each others છે-જાણે એકમેક માટે જ સર્જાયા છે. વૃદ્ધાવસ્થામાં પણ બંને દર્શનીય લાગે છે. બંનેના શોખ પણ સરખા. બંનેને જોઈએ તો આપણે પણ ખુશ થઈ જઈએ. બંનેને એકમેક પર અપાર વહાલ. તેમને જોઈને સુરેશ દલાલની પંક્તિઓ યાદ આવી જાય : 'એક ડોશી હજુ ડોસાને વહાલ કરે છે.' આવા પ્રેમાળ દંપતી માટે કવિ કલાપીની પંક્તિઓ પણ બંધ બેસેઃ 'એહો! કેવું સુખી જોડુ કર્તાએ વિરમ્યું દીસે!'

હરીશભાઈ અને મીનાબહેન માત્ર એકમેકને જ પ્રેમ નથી કરતાં- લોકોને પણ પ્રેમ આપે છે-પ્રેમ પામે છે. અને રખે માનતા કે આ દંપતીના જીવનમાં ખુશી જ ખુશી હતી. જીવનમાં તકલીફો અને દુઃખ સાથે લડીને એ બન્ને આજે આ મુકામે પહોંચ્યા છે.

હરીશભાઈના એક પુત્રનું યુવાનીમાં જ અકાળે અવસાન થઈ ગયું છે. બીજો પુત્ર અમેરિકા રહે છે. પુત્ર અવસાનના દુઃખને મનમાં જ દબાવીને એ બન્ને રચનાત્મક કાર્ય કરતા રહે છે. વર્ષે બે વર્ષે પુત્રના પરિવાર સાથે રહેવા માટે બે-ચાર મહિના અમેરિકા પણ જઈ આવે છે. પુત્રના નિધન બાદ ઘણી મુશ્કેલ પરિસ્થિતિમાંથી પસાર થયા પછી પણ ધીરે-ધીરે બંનેએ પોતાની જાત સંભાળી અને એકમેકને પણ સંભાળ્યા.

'હરીશભાઈ -મીનાબહેન સાહિત્ય સેવા કઈ રીતે કરે છે?'

એવો પ્રશ્ન વાચકોને થાય એ સ્વાભાવિક છે. તો જણાવી દઉં કે હરીશભાઈએ અઠવાડિયાનો એક દિવસ ફિક્સ કર્યો છે. આ ફિક્સ દિવસે એક સાહિત્યકાર એમના ઘેર આવે અને પોતાની કૃતિઓનું પઠન કરે. હા, આ કાર્યક્રમ હરીશભાઈના ઘરના દીવાનખાનામાં વર્ષોથી અવિરત ચાલે છે. સાંજના સમયે એક સર્જક હરીશભાઈના ઘેર આવે જેમને આમંત્રિત કરવામાં આવ્યા હોય, દર અઠવાડિયે આવનાર સર્જકની માહિતી હરીશભાઈના વોટ્સએપ ગ્રૂપ તેમ જ જાણીતા અખબારોમાં પણ આપવામાં આવે , જેના કારણે જે સાહિત્ય રસિક વ્યક્તિને સાહિત્યનો આનંદ લેવો હોય એ પણ હરીશભાઈના ઘેર શ્રોતા તરીકે હાજરી આપી શકે. એક કલાકની સમય અવધિ દરમિયાન સર્જક પોતાની કૃતિઓ રજૂ કરે. અહીં ફક્ત શુદ્ધ સાહિત્યની જ વાતો થાય છે. આડી-અવળી કોઈ વાતોને અહીં સ્થાન નથી. કાવ્ય, વાર્તા, નાટક જેવાં સાહિત્ય પ્રકારને પ્રાધાન્ય આપવામાં આવે. અહીં ફક્ત શુદ્ધ સાહિત્યમાં જેમને રસ હોય તેવાં જ શ્રોતાઓ આવકાર્ય છે. અહીં ટોળાને સ્થાન નથી અને તેથી જ ટોળાને આકર્ષિત કરવા માટે ચા-નાસ્તાની લાલચ આપવાની તેમને જરૂર પડતી નથી. અહીં ચા નાસ્તાની વ્યવસ્થા ન હોવા છતાં સાહિત્ય રસિક શ્રોતાઓ હાજરી આપે છે. શ્રોતાઓની હાજરી સંખ્યામાં ઓછી હોય છે પણ જેટલાં હાજર હોય છે તે બધાં સુજ્ઞ શ્રોતાઓ હોય છે. તેથી એક કલાક સર્જકને સાંભળ્યા બાદ હરીશભાઈ દરેક શ્રોતાને સર્જકે રજૂ કરેલ કૃતિ કે કૃતિઓ વિશે પોતાનું મંતવ્ય આપવા અનુરોધ કરે છે. હાજર દરેક શ્રોતા પોતાને સર્જકે રજૂ કરેલ રચના માટે જે કહેવાનું હોય તે બેધડક કહે છે. સુફ્ફુ સુફ્ફુ જ કહેવાનો અહીં રિવાજ નથી.

સર્જકની કોઈ ભૂલ દેખાય કે સર્જકની કોઈ રચના ન ગમે તો શ્રોતા કહી શકે છે. બધાં જ શ્રોતાઓ પોતાનું મંતવ્ય આપી દે પછી હરીશભાઈનાં પત્ની મીનાબહેન અને છેલ્લે હરીશભાઈ પોતાનું મંતવ્ય જણાવે છે.

મીનાબહેન અને હરીશભાઈ બંને સાહિત્યના મર્મજ્ઞ છે તેથી તેમના મંતવ્યનું અનેરું મહત્ત્વ છે. હરીશભાઈની વિદ્વતાભરી વાણી સાંભળવી એ એક લહાવો છે. હરીશભાઈ પોતે લેખક-કવિ છે તેથી સાહિત્યની બારીકીઓ જાણે છે. અહીં આવનાર શ્રોતાને તો કાંઈક જાણવા-શીખવા મળે જ, સાથે સાથે સર્જકને પણ શીખવા મળે છે. શ્રોતાઓનું કે હરીશભાઈ-મીનાબહેનનાં સૂચનો સર્જક માટે ઉપયોગી થઈ શકે છે અને સર્જક પોતાની કૃતિમાં સુધારા-વધારા કરીને કૃતિને શ્રેષ્ઠ બનાવી શકે છે. આમ દર અઠવાડિયે એક દિવસ ચાલતી આ પ્રવૃત્તિ લેખક-શ્રોતા માટે એક જીવંત વર્કશોપ બની રહે છે.

હા, એક વાત કહેવાની રહી ગઈ. સૌ શ્રોતા અને યજમાન પોતાના મંતવ્ય આપી દે પછી સર્જકને કોઈ જવાબ આપવાના રહેતાં નથી. સર્જકે તો બધાંની વાત સાંભળીને જો યોગ્ય લાગે તો પોતાની રચનાને બેહતર બનાવવાનો પ્રયાસ કરવાનો છે.

હરીશભાઈ-મીનાબહેન અમેરિકા જાય ત્યારે પણ તેમની દીકરીઓ સમાન લેખિકાઓને ચાવી આપીને જાય છે અને આ દીકરીઓ પણ પૂરી નિષ્ઠાથી દર અઠવાડિયે એક સર્જકને નોતરીને હરીશભાઈનું કાર્ય ચાલુ રાખે છે. હરીશભાઈની આ સાહિત્ય-સેવા ફક્ત ભારતમાં જ નહીં, અમેરિકામાં પણ ચાલુ છે. ત્યાં પણ હરીશભાઈએ સાહિત્યનું આવું ગ્રૂપ બનાવ્યું છે. ત્યાં પણ સર્જકને સાંભળવા શ્રોતા આવે છે. હરીશભાઈએ તૈયાર કરેલી ટીમ હરીશભાઈની ગેરહાજરીમાં પણ સાહિત્ય-સેવા ચાલુ રાખે છે. એક વ્યક્તિમાં નેતૃત્વ શક્તિ હોય તો કેટલું સરસ કાર્ય થઈ શકે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. ■



# ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા | feedback@bombaysamachar.com

## કે વહુરાણી આવ્યા રે...

*ડિયર હની,*

*મને એ દ્રશ્ય બરાબર યાદ છે જ્યારે તારો ગૃહપ્રવેશ થયો. નવી વહુનું સ્વાગત થયું. એ વિધિ અને એ પ્રસંગના ગીત ...અને તારા ચહેરા પર નવા ઘરમાં આવવાનો ઉમંગ અને થોડો ઉચાટ મિશ્રિત ભાવ જોયા હતા. આપણે ત્યાં વહુએ વગોવ્યા મોટા ખોરડા ...એવા ગીત છે. સાંસ ગાલી દેવે, સસુરાલ ગેંડા ફૂલ જેવા ગીત છે પણ સાથે વહુનાં આગમન માટે કેવી સરસ મજાની પરમ્પરા છે! હમણા જ એક લગ્નમાં આવું જ એક મજાનું દ્રશ્ય જોવા મળ્યું. વહુને એક ખુરશી પર બેસાડવામાં આવી છે અને સામે વર પક્ષના બધા સભ્યો સાથે મળી વહુને આવકારતું ગીત ગાઈ રહ્યા છે. આવાં દ્રશ્યો આંખોમાં ભરી લેવાનું મન થઇ જાય છે. એક યુવતી પોતાનું ઘર છોડી સાસરિયામાં સમાઈ જવાની શીખ સાથે આવે છે અને એનું આગમન ઉમળકાથી થવું જ જોઈએ.*

*આપણે ત્યાં વહુને આવકારવાનાં અનેક ગીતો છે અને એમાં આપણી સંસ્કૃતિ ઝલકે છે. આજની યુવા પેઢીને એની ખબર જ નથી. આ ગીતોનું એક સૌન્દર્ય છે. જેમ કે, એક બહુ જાણીતું ગીત છે.... આંગણિયે વવરાવો અમોલખ આંબા*

*જ્યારે નવી વહુ ઘરમાં પ્રવેશ કરે, ત્યારે તેને આંબાના રોપા સમાન માનીને આ ગીત ગવાય છે.*

***આંગણિયે વવરાવો અમોલખ આંબા,***
***કે વહુરાણી આવ્યા રે...***
***ઘરના ઉંબરાને પૂજો રે ગોરલ ગાયે,***
***કે વહુરાણી આવ્યા રે...***
***સાસુજી ઓવારણાં હોંશે હોંશે લ્યો રે,***
***કે વહુરાણી આવ્યા રે...***
***નણંદબા તો મોતીડે વધાવે રે,***
***કે વહુરાણી આવ્યા રે...***

*નવા સભ્યનું આગમન આ રીતે વધાવાય અને એમાં ઘરના બધા સભ્ય સાથે હોય એ આપણી પારિવારિક ભાવનાનું પ્રતિબિંબ પાડે છે. વહુને ઘરની લક્ષ્મી ગણવામાં આવે છે અને એનું ય ગીત છે.*

***આજ મારે આંગણિયે અજવાળા થયા,***
***કે સાક્ષાત્ લક્ષ્મીજી પધાર્યા...***
***ઝાંઝરના ઝણકારે હૈયા હરખાયા,***
***કુમકુમ પગલે વહુરાણી આવ્યા...***

*ગુજરાતી લોકગીતો ભાવનાત્મક અર્થ ધરાવે છે. 'આંગણિયે વવરાવો અમોલખ આંબા'ના અર્થને સમજવા જેવો છે. નવી વહુની સરખામણી 'આંબા' (કેરીનું ઝાડ) સાથે કરવામાં આવી છે. જે રીતે આંબાનું ઝાડ ઘટાદાર હોય છે અને મીઠાં ફળ આપે છે, તેમ વહુ પણ પરિવારમાં પ્રેમ અને મીઠાશ ફેલાવશે. 'અમોલખ' એટલે જેનું કોઈ મૂલ્ય ન આંકી શકાય તેવું. ઘરના ઉંબરાને પૂજો રે ગોરલ ગાયે... આ ઘરનો 'ઉંબરો' એ મર્યાદા અને પવિત્રતાનું પ્રતીક છે. 'ગોરલ ગાય' એટલે ગાય જેવી પવિત્ર અને શાંત વ્યક્તિ. વહુ જ્યારે ઘરમાં આવે છે ત્યારે ઉંબરાની પૂજા કરીને તેને માન-સન્માન સાથે ગૃહ-લક્ષ્મી તરીકે સ્વીકારવામાં આવે છે.*

*આવાં ગીતો હિન્દી ભાષામાં છે અને અન્ય ભારતીય ભાષામાં પણ છે. હિન્દીમાં એને 'બન્ની' અથવા 'સ્વાગત ગીત' કહેવામાં આવે છે. સૌથી જાણીતું અને લોકપ્રિય ગીત છે:*

***'આજ મેરે આંગન મેં આઈ હૈ લક્ષ્મી,***
***ખુશિયોં કા દીપક જલાતી હૈ લક્ષ્મી...'***
***આજ મેરે ભાગ્ય જાગે, મેરે ઘર આઈ લક્ષ્મી,***
***સોને કી થાલી મેં ભોજન પરોસું,***
***પ્રેમ કી ગંગા બહાતી હૈ લક્ષ્મી...***
***સાસુજી પલક પાવડે બિછાયે,***
***નનદ રાની ઉનકા રસ્તા સજાયે.'***

*પલક પાવડે બિછાયે એ એક હિન્દી મુહાવરો છે, જેનો અર્થ થાય છે 'ખૂબ જ આદર અને પ્રેમ સાથે રાહ જોવી.' સાસુ પોતાની વહુના સ્વાગત માટે આતુર છે.*

*વહુ આવે એટલે ઉંબરા પૂજન થાય છે. એનું ય ગીત છે. જ્યારે વહુ પહેલીવાર ઘરનો ઉંબરો ઓળંગે ત્યારે આ પંક્તિઓ ગાવામાં આવે છેઃ*

***'પગલી પડો પ્યારી બન્ની,***
***ખુશિયાં લાઓ પ્યારી બન્ની...'***

*બન્ની એટલે નવવધૂ. ઉંબરા પૂજન અને કંકુ પગલાં થાય એ વિધિ બહુ મજાની હોય છે.*

*તને ખબર નહિ હોય પણ પશ્ચિમના દેશોમાં પણ નવી વહુના આગમનને વધાવવાની રીતિ છે, પણ એ અપાણાથી સાવ જુદી છે. પણ ભાવ કદાચ સમાન છે. પશ્ચિમી દેશોમાં સૌથી લોકપ્રિય પ્રથા એ છે કે વરરાજા પોતાની નવવધૂને પોતાના હાથમાં ઊંચકીને ઘરનો ઉંબરો ઓળંગાવે છે. જૂના સમયમાં એવી માન્યતા હતી કે જો વહુ ઉંબરો ઓળંગતી વખતે ઠોકર ખાય તો તે અપશુકન ગણાય, એટલે પતિ તેને ઊંચકીને ઘરમાં લાવે છે. આજે આ એક રોમેન્ટિક પ્રથા બની ગઈ છે.*

*અને વહુના આગમનને વધાવવાનાં ગીતો પણ છે. ત્યાં લોકગીતોને બદલે મોટાભાગે પોપ અથવા ક્લાસિક ગીતો વગાડવામાં આવે છે. જ્યારે નવી વહુ પહેલીવાર ઘરમાં અથવા રિસેપ્શન હોલમાં પ્રવેશે ત્યારે આ ગીતો લોકપ્રિય છેઃ 'Home' નામે એક ગીત છે ... 'Home is wherever I'm with you' ખૂબ પ્રખ્યાત છે. જેનો અર્થ છે કે હવે વહુ માટે આ ઘર જ તેનું બધું છે.*

*પશ્ચિમમાં ગીતો 'Toast' આપવાની પ્રથા છે. સાસરી પક્ષના લોકો (સસરા કે જેઠ) ગ્લાસ ઉઠાવીને એક નાનકડું ભાષણ આપે છે જેમાં તેઓ કહે છેઃ Welcome to the family! We are so happy to have you as our daughter..... (પરિવારમાં તમારું સ્વાગત છે! તમને દીકરી તરીકે પામીને અમે ખૂબ ખુશ છીએ.) સંદેશો આપવાની પણ પ્રથા છે જેમાં લખવામાં આવે છે કે, Our home is brighter with you in it. Welcome home, dear! (એટલે કે તારા આવવાથી અમારું ઘર વધુ તેજસ્વી બની ગયું છે. સ્વાગત છે, બેટા!) કે પછી To our beautiful daughter-in-law: Thank you for completing our family....(અમારી સુંદર વહુનેઃ અમારો પરિવાર પૂર્ણ કરવા બદલ આભાર.) આ પણ બહુ સુંદર છે, New family, new home, new memories. Let's make them beautiful together!...નવો પરિવાર, નવું ઘર, નવી યાદો. ચાલો સાથે મળીને તેને સુંદર બનાવીએ!*

*૨૫ વર્ષ સુધી પોતાના માતા પિતાના ઘેર રહી હોય, ભણી હોય , બાળપણથી માંડી યુવાનીના ઉંબર સીધીની સફર કરી હોય એ યુવતી એ બધી યાદો સાથે સાસરે આવતી હોય છે, બધું છોડી =ને આવતી હોય છે એનો આવકાર ઉમળકાભર્યો ના હોય તો જ નવાઈ.*

**- તારો બન્ની**

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com

# શ્રગ ઈટ અપ

શ્રગ એટલેકે, જેકેટ કે જે તમારા લુકમાં એક એક્સ્ટ્રા એલિમેન્ટ ઉમેરે છે. શ્રગ ડ્રેસ કોઈ ચોક્કસ પ્રકારનો ડ્રેસ નથી, પરંતુ ડ્રેસ પર શ્રગ (નાનું, કાર્ડિગન અથવા જેકેટ જે ખભા અને હાથને ઢાંકે છે. શ્રગ ડ્રેસને લેયરિંગ, હળવી ગરમી અને સ્ટાઈલ આપે છે, જેના કારણે લુક વધુ વર્સેટાઈલ અને સહજ એફર્ટલેસલી સ્ટાઈલિશ બનાવે છે.

આ કેઝ્યુઅલથી લઈને ફોર્મલ લુકમાં સરળતાથી પરિવર્તન લાવવા માટે એક પરફેક્ટ વિકલ્પ છે. તેને તમે હળવા, ઓપન-ફ્રન્ટ કાર્ડિગન અથવા જેકેટ તરીકે સમજી શકો છો, જે ટેન્ક ટોપ ડ્રેસથી લઈને ભવ્ય ગાઉન સુધી કોઈ પણ ડ્રેસમાં કવરેજ અને ચાર્મ ઉમેરે છે. તમારી હાઈટ અને બોડી અનુસાર તમે અલગ અલગ લેન્થનું શ્રગ સિલેક્ટ કરી શકો. આ માટે તમને ફેશનની આગવી સૂઝ હોવી જોઈએ. એક ખોટું સિલેક્શન આખો લુક બગાડી શકે છે. તો ચાલો જાણીયે શ્રગ કઈ રીતે પહેરી શકાય.





જેકેટમાં અલગ અલગ સ્ટાઇલ અને અલગ અલગ લેન્થ આવે છે. જેમકે, ફ્રન્ટ ઓપન જેકેટ અને કલોઝ જેકેટ. અમુક જેકેટમાં તો, એસિમેટ્રિકલ હેમકલાઇન હોય છે. આ જેકેટ કેઝ્યુઅલથી લઈને ફોર્મલી પણ પહેરી શકાય. ફ્રન્ટ ઓપન જેકેટ એટલેકે, જે આગળથી ખુલ્લું હોય અને કલોઝ જેકેટ એટલે કે જે આગળથી બંધ હોય.

શોર્ટ ડ્રેસ સાથે - જો તમે ડેનિમના શોર્ટ ડ્રેસ સાથે શ્રગ પહેરવું હોય તો, ત્રણ ટાઈપના શ્રગ પહેરી શકાય. સૌથી પહેલા બ્લેક કલરનું શોર્ટ જેકેટ પહેરી શકાય. હિપ લેન્થનું હોઝિયરી ફેબ્રિકનું બ્લેક અથવા રાણી કલરનું ઓપન શ્રગ પહેરી શકાય. અથવા આતો જો તમારી હાઈટ સારી હોય અને તમે ડેનિમનું બોડી હગિંગ ડ્રેસ પહેર્યો હોય તો તેની સાથે લોન્ગ ટ્રાન્સપરેન્ટ જેકેટ પહેરી શકાય. જો તમે બ્લેક કલરનું ની લેન્થ ડ્રેસ પહેર્યો હોય તો તમે બેજ કલરનું અથવા તો કોઈ કોન્ટ્રાસ્ટ કલરનું હિપ લેન્થનું પણ શ્રગ પહેરી શકો.

જો તમારું શરીર ભરેલું હોય અને હાઈટ ઓછી હોય તો શ્રગ પહેરવાનું ટાળવું. આનાથી તમારા શોલ્ડર વધારે હેવી લાગશે. જો તમે કાફ લેન્થનો ડ્રેસ પહેર્યો હોય તો, તેની સાથે કાફ લેન્થનું જ શ્રગ સારું લાગશે. કાફ લેન્થ ડ્રેસ સાથે જો તમે નાની મોટી લેન્થનું શ્રગ પહેરશો તો, લુક બ્રેક થશે અને સારું નહિ લાગે. કાફ લેન્થ ડ્રેસ સાથે તેજ લેન્થનું શ્રગ પહેરવું પડશે જેથી ડબલ લેયર ઇફેક્ટ આવે.

એન્કલ લેન્થ ડ્રેસ પહેર્યો હશે તો શોર્ટ શ્રગ પણ સારું લાગશે, તેની માટે તમારે લાંબા પાતળા હોવું જરૂરી છે જેથી શોર્ટ શ્રગ ખરાબ ન લાગે. જો તમારો કમરનો અને પેટનો ભાગ વધારે હશે તો શોર્ટ જેકેટ પહેરવાનું ટાળવું તેની બદલે હિપ લેન્થ શ્રગ અથવા એન્કલ લેન્થ શ્રગ પહેરી શકાય. ડ્રેસમાં ઓપન શ્રગ જ સારું લાગશે.

ડેનિમ સાથે - ડેનિમ એ કેઝ્યુઅલ લુક આપે છે જેથી તેની સાથે ફ્લોરલ પ્રિન્ટ કે જોમેટ્રીક પ્રિન્ટનું શ્રગ સારું લાગશે. આ શ્રગ ખાસ કરીને ટ્રાન્સપેરન્ટ ફેબ્રિકમાં હોવું જોઈએ. જો તમારે ડેનિમ સાથે લોન્ગ શ્રગ પહેરવું હોય તો ખાસ ધ્યાન એ રાખવું કે, ડેનિમ એન્કલ લેન્થનું હોવું જોઈએ. અને જો તમારે લુઝ ડેનિમ સાથે શ્રગ પહેરવું હોય તો, તમને આ સ્ટાઇલ કેરી કરતા આવડતી હોવી જોઈએ. ડેનિમ સાથે જેટલું સિમ્પલ શ્રગ હશે તેટલું જ ફેશનેબલ લાગશે.

ડેનિમ સાથે એસિમેટ્રિક હેમલાઇન વાળું શ્રગ પણ સારું લાગી શકે. ડેનીમ એ એવું ગારમેન્ટ છે કે, તેની સાથે કઈ પણ મિક્સ એન્ડ મેચ કરી શકાય. કલર પણ જેટલા વાઇબ્રન્ટ હશે તેટલું સારું લાગશે. જેમકે, લાઈટ બ્લુ ડેનિમ સાથે ડાર્ક બ્લુ કે પછી બ્લેક કલરનું લોન્ગ શ્રગ. કે પછી ડાર્ક બ્લુ ડેનિમ સાથે રાની કે નિયોન ગ્રીન કલરનું શ્રગ.

તમારું શરીર સુડોળ હોય તો, તમે ડેનિમ સાથે કોઈ પણ લેન્થનું શ્રગ પહેરી શકો. જો તમારું શરીર ભરેલું હોય તો ટ્રાન્સપેરન્ટ અને શોર્ટ શ્રગ ન પહેરવા તેની બદલે કોટન ફેબ્રિકના લોન્ગ શ્રગ પહેરવા જેથી જો પેટ કે કમરનો ભાગ વધારે હોય તો ખરાબ ન લાગે.

ઇન્ડિયન ડ્રેસ સાથે - ઇન્ડિયન ડ્રેસમાં જો શ્રગ પહેરવું હોય તો બે ઓપ્શન છે એક છે કે ઓપન જેકેટ અને બીજું છે કે કલોઝ જેકેટ. એટલેકે, જો તમે કાળીદાર ડ્રેસ પહેર્યો હોય તો તેની સાથે બંને શ્રગ સારા લાગશે. જો કલોઝ શ્રગ પહેરશો તો ડબલ લેયર ડ્રેસની ઇફેક્ટ આપશે. કલોઝ શ્રગ એટલે, જે શ્રગની નેક લાઈન કમર સુધી હોય અને પછી નીચે ૮ થી ૧૦ ઇંચની સ્લીટ હોય. જયારે શ્રગ ઇન્ડિયન ડ્રેસ સાથે પહેરવામાં આવે ત્યારે ખૂબ જ ગ્રેસફુલ લાગે છે.

ઇન્ડિયન ડ્રેસમાં પ્લાઝો સાથે પણ શ્રગ ખૂબ ગ્રેસફુલ લાગશે. જો તમને કલોઝ શ્રગ ન પહેરવું હોય તો ઓપન શ્રગ પહેરી શકો.

જો ઓપન શ્રગ પહેરવું હોય તો ફેબ્રિક હેવી લેવું જેમકે, જામેવાર કે બનારસી અથવા તો વર્કવાળું ફેબ્રિક લેવું. જેથી હેવી લુક આવે. હેવી ગાઉન સાથે પણ લોન્ગ અને શોર્ટ શ્રગ બન્ને સારા લાગી શકે. જો આખો ગાઉન હેવી વર્ક વાળો હોય તો પ્લેન શ્રગ સારું લાગશે અને જો પ્લેન ગાઉન હોય તો હેવી વર્કવાળું શ્રગ સારું લાગશે. ■

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com

# વાળને તેના પ્રકાર પ્રમાણે સારસંભાળ આપો



તમારા વાળ, મોટા ભાગે તમારી સ્કીન

- તમારા સારા સ્વાસ્થ્યનું પ્રતિબિંબ છે.

- લાડકી પૂર્તિની વ્હાલી વાચક બહેનો! આપણને આપણા વાળ માટે ઘણી ફરિયાદો હોય છે. મોટા ભાગે આપણે વાળના પ્રોબ્લેમ્સને અવગણતા હોઈએ છીએ.

- ઉપરાંત

- આપણને આપણા વાળના ગેટઅપથી ઈચ્છત સંતોષ પણ હોતો નથી, કારણ કે આપણે એ બાબતે જાગૃત જ નથી કે વાળ કઈ રીતે સ્વસ્થ અને સારા રહી શકે.

- વાળના પ્રોબ્લેમમાંથી છૂટવાનું પહેલું પગથિયું એ છે કે સૌપ્રથમ તમે જાણી લો કે, તમારા વાળનો પ્રકાર કયો છે. સામાન્ય ફેરફાર પણ ઘણો ફાયદાકારક નીવડી શકે છે.

- આજે માર્કેટમાં દરેક પ્રકારના વાળ માટેની પ્રોડ્કટ ઉપલબ્ધ છે.

- એક પ્રશ્ન સામાન્ય રીતે પુછાતો જોવા મળે છે કે આપણે કેવી રીતે જાણી શકીએ કે આપણા વાળનો પ્રકાર કયો છે.

- આ પ્રકાર જાણવાનો બહુ સરળ રસ્તો છે.

## સામાન્ય વાળઃ

- આ વાળ ચમકતા, ચીકાશરહિત હોય છે તથા તેની સંભાળ એકદમ સરળ છે.

## તૈલી વાળઃ

- ઑઈલી હૅર ધોયા બાદના ટૂંકા સમયમાં જ ચીકણા લાગતા હોય છે. જાણે આપણે કન્ડિશનર લગાડ્યું હોય તેવું લાગે છે.

- વાળ ચપટા થઈ જતા હોય છે.

- વધારે પડતા ઑઈલી વાળ ઝડપથી ખરતા પણ હોય છે.

- ખૂબ જ ઑઈલી વાળ તેના મૂળમાંથી વહેલા નીકળી જતા હોય છે.

- ઑઈલી ત્વચા સાથે વાળ પણ ઑઈલી હોય છે.

- માથાની ચામડી વધારે પડતા તેલનું ઉત્પાદન કરતી હોય છે જેથી વાળ ચીકણા અને કંઈક વધારે નરમ બને છે. માટે માથાની ચામડી સ્વચ્છ રાખવી જોઈએ.

વ્હાલી લાડકી બહેનો! વાળની સારસંભાળ માટે ખાસ તકેદારી રાખવી જરૂરી બની જાય છે. ખાસ કરીને વધારે પડતી ચીકાશને દૂર કરવી જોઈએ જેથી માથાના કોષો દૂર થતા અટકે, કારણ કે ચીકાશને કારણે છિદ્રો બંધ થઈ જવાથી તેના માટે હવાની અવરજવર બંધ થઈ જતી હોય છે. આમ થતું અટકાવવા ક્લિન્સિંગ અને ટોનિંગ પર ધ્યાન આપવું જરૂરી બની જાય છે.

- ક્લિન્સિંગમાં વાળને ધોઈને સ્વચ્છ રાખવાની પદ્ધતિ છે.

- વાળને હૂંફાળા પાણીથી ધોયા બાદ ઠંડા પાણીથી શેમ્પૂ વડે ધોવા ખૂબ જરૂરી છે. ખૂબ પાણી લઈને શેમ્પૂ દૂર કરવું જરૂરી છે.

## રૂક્ષવાળઃ

- રૂક્ષવાળ શેમ્પૂ કર્યા પછી મેનેજ કરવા અઘરા છે.

- શુષ્ક વાળ ધોયા બાદ પાતળા અને ખરાબ થઈ જાય છે. બીજું કે વાળ એ હદે નરમ થઈ જાય છે કે તેના છેડા ગૂંચવાઈને શુષ્ક થઈને તૂટી જાય છે. આ હાલતમાં વાળનું લિસ્સાપણું જતું રહે છે. પરિણામે વાળમાં હાથ ફેરવતા સહેલાઈથી આંગળીઓ ફરતી નથી અને જો માથાની ચામડી શુષ્ક રહે ન આવે તો વાળ વધુ પાતળા થઈ જાય છે. વાળને વધુ નુકસાન થતાં તેના છેડા ફાટી જવાની સમસ્યા પણ સર્જાય છે.

- વાળની શુષ્કતા પાછળ માથામાં તૈલીય અભાવ છે, જેને કારણે વાળ બરડ અને સંવેદનશીલ થાય છે.

- યોગ્ય પોષણનો અભાવ,

- આકરા તાપમાં વાળનો વધારે સંપર્ક અને

- સ્ટાઈલ માટે વાળને અપાતી ગરમી જેવાં વિવિધ કારણોસરવાળમાં રહેલું જરૂરી મોઈશ્ચરાઈઝર દૂર થઈ જાય છે.

- વાળમાં કાંસકો તથા બ્રશ ફેરવવાથી માથાની ચામડી તૈલગ્રંથિઓ સક્રિય થાય છે. ને તૂટેલા છેડા સુધી તૈલીય તત્ત્વ પહોંચે છે.

## વાળને અસર કરતાં પરિબળોઃ

* રોજિંદા આહાર અને સ્વાસ્થ્ય.
* વારસાગત તથા જનીન આધારિત છે કે વાળનો રંગ અને ગીચતા કેવી છે.
* હોર્મોન્સમાં આવતો બદલાવ.
* લાગણી જન્ય દબાણ, ચિંતા. ■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| घोंगावणे | મોટી ભૂલ |
| घोटविणे | ગુંજવું |
| घोटाळणे | તબેલો |
| घोडचूक | ગૂંચવાવું |
| घोडसाळ | ઘૂંટવું |

## જાણવા જેવું

શાહમૃગ સ્નાનનું બહુ શોખીન હોય છે. કોઈ તળાવ કે પછી દરિયો પણ નજરે પડે છે કે, તરત જ તેમાં નહાવા ઉતરે. શાહમૃગનો અવાજ સિંહની ગર્જનાને મળતો આવે છે, પણ મોટે ભાગે સિસકાર જ કરે છે. તેની સૌથી જબરી વિચિત્રતા એની ભૂખ છે. એ ભૂખમાં આંધળું બની કાંકરા સુદ્ધાં ગળી જાય છે. એવું કહેવાય છે કે એ કાંકરા તેણે લીધેલા ખોરાકને પીલવાને કામ આવે છે.

## ગુજરાત મોરી મોરી રે


અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ પુરુષની એકમાત્ર સગી ભાભીની એકમાત્ર પુત્રવધૂના સસરાના દાદાની એકમાત્ર પુત્રવધૂ એ પુરુષને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) માસી   બ) મમ્મી
ક) કાકી   ડ) દાદી

## નોંધી રાખો

ભીના થયા પછી જ પલાળવું શું એ તમને સમજાય, કેમકે આપણી આંગળી કંકુવાળી ન થાય ત્યાં સુધી બીજાના કપાળે ચાંદલો નથી કરી શકાતો.


## શબ્દલાલિત્ય



## આડી ચાવી

૧. ચાંદની (૩)
૪. ખડ, ચાર (૨)
૬. એક ચોપગું પ્રાણી (૩)
૮. તકરાર, પંચાત (૪)
૯. જરથોસ્તીના વંશજ (૩)
૧૦. મોટું ટોળું (૨)
૧૧. જુવાની (૩)
૧૩. પાસું, બાજુ (૨)
૧૪. --- ને વાંકે પખાલીને ડામ (૨)
૧૫. મુખ્ય સ્થાન (૩)
૧૬. આવક, આવરો (૩)
૧૮. હિંમત (૨)
૨૧. વખાણ (૩)
૨૨. આકાશ (૨)
૨૩. ધીમું, સુસ્ત (૨)
૨૪. જુસ્સો, આવેશ (૩)
૨૫. --- લાગે ત્યારે કૂવા ખોદવા ન બેસાય (૨)
૨૮. પાલવ (૩)
૨૯. હાર (૪)
૩૧. અવદશા (૩)
૩૨. હદ, મર્યાદા (૨)
૩૩. સમાન (૩)

## ગયા વખતનો ઉકેલ



## ઊભી ચાવી

૧. કાવતરું, તરકટ (૩)
૨. મારું (૨)
૩. બીજું, વિશેષ (૩)
૫. પાડ, આભાર (૩)
૬. મંજીરા (૪)
૭. ગૂંગળામણ (૩)
૧૦. હિંમત (૩)
૧૨. પહેલું (૩)
૧૪. પક્વ (૨)
૧૫. મોટું (૨)
૧૬. વહેમ, શંકા (૩)
૧૭. ચરબી (૨)
૧૯. કલ્યાણકારી, મંગલપ્રદ (૨)
૨૦. ઉત્સાહ, હોંશ (૩)
૨૨. હિમાલય (૪)
૨૪. આરોપ, આળ (૩)
૨૫. હાથ કંકણને ---ની જરૂર શી? (૩)
૨૬. વારસો (૩)
૨૭. આવરદા (૩)
૩૦. પૈસો, નાણું (૨)

## ઓળખાણ પડી?

આ વર્ષે જનરેશન ઝીના તોફાની - હિંસાત્મક આંદોલનને કારણે ચર્ચામાં રહેલા નેપાળના પ્રથમ મહિલા પ્રેસિડેન્ટની ઓળખાણ પડી?

અ ) રીટા થાપા
બ ) લ્હાપકા શેરપા
ક ) અનુરાધા કોઈરાલા
ડ) બિદ્યાદેવી ભંડારી



## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

આપેલા વાક્યમાં કમર માટેનો પર્યાયવાચી શબ્દ સંતાયો છે એ શોધી કાઢો જોઉં.

ભમરો આસાનીથી પકડમાં ન આવે.

## માઈન્ડ ગેમ

આપણા ધોતીયાને મળતી આવતી અને દક્ષિણના રાજ્યોમાં વિશેષ લોકપ્રિયતા ધરાવતો વેષ્ટિ ડ્રેસ કયા રાજ્યથી પ્રચલિત થયો હતો?

અ) તમિલનાડુ   બ) કેરળ   ક) આંધ્ર પ્રદેશ   ડ) કર્ણાટક

## સુડોકુ-૯૧૭૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | ૮ | ૩ | | ૧ | ૪ | | ૭ |
| ૬ | ૭ | | | ૫ | | | ૨ | ૩ |
| | ૩ | | | | | | ૧ | |
| | | ૩ | ૧ | | ૬ | ૨ | | |
| | | | | | | | | |
| | | ૪ | ૯ | | ૮ | ૫ | | |
| | ૯ | | | | | | ૫ | |
| ૧ | ૪ | | | ૯ | | | ૬ | ૨ |
| ૮ | | ૫ | ૨ | | ૩ | ૯ | | ૧ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૧૭૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૯ | ૨ | ૬ | ૮ | ૫ | ૧ | ૭ |
| ૫ | ૭ | ૮ | ૯ | ૧ | ૪ | ૩ | ૨ | ૬ |
| ૧ | ૬ | ૨ | ૭ | ૩ | ૫ | ૯ | ૮ | ૪ |
| ૪ | ૯ | ૧ | ૩ | ૭ | ૬ | ૮ | ૫ | ૨ |
| ૮ | ૫ | ૬ | ૪ | ૨ | ૯ | ૭ | ૩ | ૧ |
| ૨ | ૩ | ૭ | ૮ | ૫ | ૧ | ૪ | ૬ | ૯ |
| ૬ | ૧ | ૪ | ૫ | ૯ | ૩ | ૨ | ૭ | ૮ |
| ૭ | ૮ | ૫ | ૧ | ૪ | ૨ | ૬ | ૯ | ૩ |
| ૯ | ૨ | ૩ | ૬ | ૮ | ૭ | ૧ | ૪ | ૫ |

## ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| घाई | ઉતાવળ |
| घाण | ગંદવાડ |
| घाम | પરસેવો |
| घास | કોળિયો |
| घाव | ચોટ |

ગુજરાત મોરી મોરી રેઃ
મામા

ઓળખાણ પડી?
ઉષા

માઈન્ડ ગેમ :
ઓડિશા

ચતુર આપો જવાબ માથું ખંજવાળો :
૨વ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) નિશબ્ધ દેસાઈ (૬) ભારતી બુચ (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) હર્ષા મહેતા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) પુષ્પા પટેલ (૧૨) પ્રવીણ વોરા (૧૩) અમીશી બંગાળી (૧૪) નિખિલ બંગાળી (૧૫) મીનળ કાપડિયા (૧૬) મનીષા શેઠ (૧૭) ફાલ્ગુની શેઠ (૧૮) જ્યોતિ ખાંડવાલા (૧૯) નિતીન જયંતિલાલ બજરિયા (૨૦) મહેશ સંઘવી (૨૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૨) જયવંત પદમશી ચિખલ (૨૩) ભરત કજરિયા (૨૪) મહેન્દ્ર લોઢાવિયા (૨૫) તાહેર ઔરંગાબાદવાલા (૨૬) શીરીન ઔરંગાબાદવાલા (૨૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૮) ખુશરૂ કાપડિયા (૨૯) કિરીટ છેડા (૩૦) ભાવના કર્વે (૩૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૨) નયના ગિરીશ મિસ્ત્રી (૩૩) ડાયના સંતોકે (૩૪) શિલ્પા શ્રોફ (૩૫) પુષ્પા ખોના (૩૬) વિજય આસર (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) ઈનાક્ષીબેન દલાલ (૪૦) હિનાબેન દલાલ (૪૧) રમેશભાઈ દલાલ (૪૨) અરવિંદ કામદાર (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) પ્રતિમા પમાણી (૪૫) ધીરેન્દ્ર મુલરાજ (૪૬) મહેશ દોશી (૪૭) કમલ માતલિયા (૪૮) દીપીકા દોશી (૪૯) ચેતના છેડા (૫૦) વિણા સંપટ (૫૧) દેવેન્દ્ર સંપટ

# મલબાર હિલમાં ગુજરાતી-મારવાડી મતદારો નિર્ણાયક, પણ ગુજરાતી ઉમેદવારોનો દુકાળ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દક્ષિણ મુંબઈનો પૉશ અને વીઆઈપી લોકોનો વિસ્તાર ગણાતો મલબાર હિલ રાજકીય દૃષ્ટિએ મહત્ત્વનો માનવામાં આવે છે. આ પરિસરમાં ગુજરાતી, જૈન અને મારવાડીઓની સંખ્યા વધુ હોવાથી તેમના મત ચૂંટણીનાં પરિણામની દિશા નક્કી કરી શકે છે. આ વિસ્તારમાં ભાજપનું પ્રભુત્વ હોવા છતાં મુંબઈ મહાપાલિકાની ચૂંટણી માટે ગુજરાતી ઉમેદવારોનો જાણે દુકાળ હોવાનું ચિત્ર ઊભું થયું છે.

મલબાર હિલ વિધાનસભા ક્ષેત્ર હેઠળ આવતા પાંચ વૉર્ડ ૨૧૪, ૨૧૫, ૨૧૭, ૨૧૮ અને ૨૧૯માં ચૂંટણી રસાકસી ભરી રહેવાની સંભાવના છે, કેમ કે ૨૦૧૭ની મહાપાલિકાની ચૂંટણીમાં માત્ર એક જ સીટ પર શિવસેનાની જીત થઈ હતી. બાકીની ચાર સીટ ભાજપે અંકે કરી હતી, પરંતુ આ વખતે શિવસેના (યુબીટી) અને મનસેની યુતિ હોવાથી ભાજપને કઈ રીતે ટક્કર આપે છે તે જોવું રહ્યું.

મહાપાલિકાની છેલ્લી ચૂંટણીમાં મલબાર હિલમાંથી બે ગુજરાતી નગરસેવિકા ચૂંટાઈ આવી હતી, જેમાં ૨૧૭ વૉર્ડનાં મિનલ પટેલ અને ૨૧૯ વૉર્ડનાં જ્યોત્સ્ના મહેતાનો સમાવેશ થાય છે. આ વખતે જ્યાત્સ્ના મહેતાનો વૉર્ડ ઓબીસી રિઝર્વ થઈ ગયો છે, જ્યારે મિનલ પટેલનો વૉર્ડ ઓબીસીમાંથી જનરલ થઈ ગયો છે. એમાં જ્યોત્સ્નાબહેન આગામી ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવા ઇચ્છુક નથી એટલે આ બન્ને વૉર્ડમાં કોને ટિકિટ મળે એના પર કાર્યકરોની નજર છે.

જ્યોત્સ્ના મહેતાએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે મારો વૉર્ડ ઓબીસી માટે રિઝર્વ થઈ ગયો છે અને હું પોતે પણ ચૂંટણી લડવાની ઇચ્છા ધરાવતી નથી. બે ટર્મ માટે નગરસેવિકા ચૂંટાઈ હતી ત્યારે મેં આ વિસ્તારમાં ઘણાં કામ કર્યાં છે અને છેલ્લાં ચારેક વર્ષથી નગરસેવિકા પદ નહોતું ત્યારેય કામને પ્રાધાન્ય આપ્યું છે, પણ હવે નવયુવાનોને મોકો મળે એવું હું ઇચ્છું છું. રાજકીય વર્તુળોમાંથી માહિતી મળે છે કે આ વિસ્તારમાં હાઈ પ્રોફાઈલ લોકોની વસતિ વધુ હોવાથી ભાજપને ઓબીસી ઉમેદવાર મળવો મુશ્કેલ છે. પરિણામે બહારની વ્યક્તિને અહીંની ઉમેદવારી આપવી પડે એવા સંજોગો ઊભા થયા છે.

મલબાર હિલમાં ગુજરાતી ઉમેદવારો ન મળે તોય અહીં ગુજરાતી, મારવાડી અને જૈન મતદારો નિર્ણાયક સાબિત થશે. પાંચેય વૉર્ડમાં કુલ મતદારો ૨,૬૧,૫૫૬ છે, જેમાં ૧,૩૫,૦૨૦ પુરુષ અને ૧,૨૬,૫૨૬ મહિલાનો સમાવેશ થાય છે. આમાં મુસ્લિમ મતદારોની સંખ્યા લગભગ ૭.૩ ટકા જેટલી છે. ■

## મુંબઈમાં ૨,૮૪૪ અને થાણેમાં ૧,૦૦૧ ઉમેદવારીપત્રોનું વિતરણ

મુંબઈ: મહાનગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારીપત્રોના વિતરણના બીજે દિવસે મુંબઈમાં ૨,૮૪૪ અને થાણેમાં ૧,૦૦૧ ઉમેદવારીપત્રોનું વિતરણ કરાયું હતું. જોકે બીજા જ દિવસથી ઉમેદવારોની અરજી આવવાનું પણ શરૂ થયું હોઈ મુંબઈની ચૂંટણી અધિકારી કચેરીને બુધવારે બે અરજી મળી હતી. મંગળવારના પહેલા દિવસે ૪,૧૬૫ ઉમેદવારીપત્રો વિતરીત થયા હતા, પરંતુ એકેય ફોર્મ ભરવામાં આવ્યું નહોતું. બુધવારે બીજે દિવસે ૨,૮૪૪ ઉમેદવારીપત્રોનું વિતરણ કરાયું હતું, જેની સામે કે ઈસ્ટ અને કે વેસ્ટ કચેરીમાં એક અને એન વૉર્ડની કચેરીમાં એક અરજી પ્રાપ્ત થઈ હતી. એટલે કે અત્યાર સુધીમાં બે ઉમેદવારે તેમની અરજી દાખલ કરી છે.

ગુરુવાર, ૨૫ ડિસેમ્બરે નાતાલની રજા હોવાથી ઉમેદવારીપત્રોનું વિતરણ બંધ રાખવામાં આવ્યું છે. બુધવારે થાણેમાં પણ ઇચ્છુક ઉમેદવારોએ ઉમેદવારીપત્રો લેવામાં ઘણો રસ દાખવ્યો હતો. થાણેમાં ૧,૦૦૧ ઉમેદવારીપત્રોનું વિતરણ થયું હતું. ■




# વસ્તીમાં 30 ટકા અને સત્તામાં ૭૦ ટકા

## મુંબઈ મહાનગરપાલિકા વિસ્તારમાં મરાઠીભાષીનો દબદબો

**એક સમયે મરાઠીઓ વસ્તીમાં ૫૮ ટકા હતા ત્યારે બિન-મરાઠીઓ (ગુજરાતી-પારસી-દક્ષિણ ભારતીયો-ઉત્તર ભારતીયો)નો હિસ્સો સત્તામાં ૫૮ ટકા જેટલો હતો**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં શિવસેના અને મનસે દ્વારા બુધવારે યુતિની જાહેરાત કરી છે અને આ માટેની પત્રકાર પરિષદમાં મરાઠીનો મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો હતો ત્યારે અત્યારે દેશની આર્થિક રાજધાનીમાં રાજકીય સ્થિતિ કેવી છે તેની જાણકારીમાં લોકોને રસ પડશે.

મુંબઈમાં ગુજરાતી-હિન્દી ભાષીઓની વસ્તીમાં પાંચ ગણો વધારો થયો છે અને બિનમરાઠીઓ મુંબઈમાં બહુમતી બની રહ્યા છે, ત્યારે તેની સામે બિન-મરાઠી કોર્પોરેટરો ઘટીને ફક્ત એક તૃતીયાંશ થઈ ગયા છે - જે દર્શાવે છે કે શહેરની વસ્તી વિષયકતા બદલાઈ ગઈ હોવા છતાં રાજકીય શક્તિ કેવી રીતે મરાઠીભાષીઓ પાસે કેન્દ્રિત થઈ છે.

મુંબઈ ધ્રુવીકરણ પામેલી પાલિકા ચૂંટણી માટે તૈયાર થઈ રહ્યું છે, મરાઠી-વિરુદ્ધ-બિન-મરાઠી વિભાજન તીવ્ર બની રહ્યું છે, ત્યારે એક આશ્ચર્યજનક વિરોધાભાસ શહેરની રાજનીતિને વ્યાખ્યાયિત કરે છે: જોકે બિનમરાઠીઓ હવે વસ્તીનો બહુમતીનો ભાગ છે અને ચાર દાયકામાં ગુજરાતી-હિન્દી ભાષીઓ પાંચ ગણાથી વધુ વધ્યા છે, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)માં તેમનું પ્રતિનિધિત્વ સતત ઘટતું ગયું છે. એક સમયે ગુજરાતીઓ, પારસીઓ, મારવાડીઓ, દક્ષિણ ભારતીયો અને અન્ય બિન-મરાઠીઓનું પ્રભુત્વ ધરાવતી પાલિકામાં હવે આ સમુદાયોના કોર્પોરેટરોનો માત્ર એક તૃતીયાંશ હિસ્સો છે, જે દર્શાવે છે કે શહેરમાં રાજકીય શક્તિ કેવી રીતે મરાઠીઓ પાસે કેન્દ્રિત થઈ છે, ભલે તેની વસ્તી વિષયકતામાં વિવિધતા આવી હોય.

એક સમયે કોસ્મોપોલિટન મુંબઈની વિવિધતાનું પ્રતિબિંબ પાડતી મ્યુનિસિપલ બોડી, જેમાં લગભગ ૬૦ ટકા ચૂંટાયેલા કોર્પોરેટરો બિન-મરાઠી હતા, તે સતત મરાઠી-પ્રભુત્વ ધરાવતી બની ગઈ છે, ૨૦૧૭ની બીએમસી ચૂંટણીમાં આ સંખ્યા ઘટીને કુલ ચૂંટાયેલા કોર્પોરેટરોના ૩૩ ટકા થઈ ગઈ છે. રસપ્રદ વાત એ છે કે, આ જ સમયગાળા દરમિયાન, મરાઠીને પોતાની માતૃભાષા તરીકે ઓળખાવનારા લોકોની કુલ સંખ્યા ૧૯૭૧માં ૪૧.૯૯ ટકાથી ઘટીને ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૩૫.૪૦ ટકા થઈ ગઈ છે.

### શરૂઆતના દાયકાઓ: જ્યારે બિન-મરાઠીઓ નાગરિક લેન્ડસ્કેપ પર પ્રભુત્વ ધરાવતા હતા

સ્વતંત્રતા પહેલા અને પછીના દાયકાઓમાં, બોમ્બે મ્યુનિસિપલ કોર્પોરેશનનું રાજકીય જીવન શહેરના કોસ્મોપોલિટન પાત્રને પ્રતિબિંબિત કરતું હતું. ૧૯૬૦ના દાયકાના અંતમાં, જ્યારે ૧૯૬૬ના મહારાષ્ટ્ર અધિનિયમ દ્વારા રજૂ કરાયેલા સુધારેલા માળખા હેઠળ ૧૯૬૮માં પ્રથમ કોર્પોરેશનની ચૂંટણીઓ યોજાઈ હતી - ત્યારે તેણે વોર્ડ સીમાઓ ફરીથી બદલી અને ગૃહની શક્તિનું પુનર્ગઠન કર્યું જેથી આધુનિક ચૂંટણી નકશા માટે પાયો નાખ્યો જે હજુ પણ અસ્તિત્વમાં છે - ગુજરાતીઓ, પારસીઓ, મારવાડીઓ, મુસ્લિમો, ખ્રિસ્તીઓ અને દક્ષિણ ભારતીયો મ્યુનિસિપલ રાજકારણમાં ઊંડાણપૂર્વક જોડાયેલા હતા. ૬૦ના દાયકામાં આ બિન-મરાઠીઓ મુંબઈની વસ્તીના ૫૮ ટકા હતા, પરંતુ ૭૦ના દાયકાના મધ્યમાં તેઓ શહેરના કોર્પોરેટરોના લગભગ ૪૫ ટકા હતા.

### શિવસેના યુગ: જ્યારે મરાઠી ઓળખ એક નાગરિક શક્તિ બની

૬૦ના દાયકાના અંતમાં, શિવસેનાનો ઉદભવ, જે શહેરમાં મરાઠી ગૌરવને તેના ભૂમિપુત્રોથી દૂર સરકી રહ્યું હોવાનું માનવામાં આવતું હતું, તે બોમ્બેના શહેરી રાજકારણમાં પરિવર્તનની શરૂઆત હતી. શ્રમજીવી વિસ્તારોમાં તેની શાખાઓના નેટવર્કે એક ઉચ્ચ-સ્થાનિક રાજકીય સંગઠનનું એક સ્તર રજૂ કર્યું જે કોંગ્રેસે, તેના ભદ્ર ગુજરાતી-પારસી નેતૃત્વ સાથે, ક્યારેય બનાવ્યું ન હતું.

૧૯૮૦ના દાયકા સુધીમાં, સેનાના મરાઠી એકત્રીકરણનો અર્થ એ થયો કે તેણે બોમ્બેમાં એક વફાદાર મરાઠી વોટ-બેંક બનાવી હતી અને વધુ અગત્યનું, સ્થાનિક મરાઠી નેતાઓનું એક મજબૂત જૂથ બનાવ્યું હતું તે મજબૂત રીતે સ્થાપિત બિન-મરાઠી રાજકારણીઓના સ્થાન લેવા માટે તૈયાર હતા. શિવસેનાના ઉદયને કારણે બિન-મરાઠી કોર્પોરેટરોમાં ઘટાડો થયો. મુંબઈમાં સ્થળાંતર વધતાં બિન-મરાઠી વસ્તીમાં વધારો થયો હોવા છતાં આ થઈ રહ્યું હતું.

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ની સ્થાપના સાથે ભૂમિપુત્ર એજન્ડામાં વધારો થવાને કારણે, ૨૦૧૨ સુધીમાં બિન-મરાઠી કોર્પોરેટરોની સંખ્યા ફક્ત ૨૮ ટકાના સૌથી નીચા સ્તરે પહોંચી ગઈ હતી.

### બોમ્બેના પારસીઓનું અનિશ્ચિત ભવિષ્ય

દક્ષિણ મુંબઈમાં, ગુજરાતી અને પારસી કોર્પોરેટરોએ ફોર્ટ, કાલબાદેવી, ગિરગાંવ અને વાલકેશ્વરમાં મુખ્ય વોર્ડ પર નિયંત્રણ રાખ્યું હતું. તેમનો પ્રભાવ ટ્રેડ ગિલ્ડ્સ, પરોપકારી ટ્રસ્ટ્સ અને બિઝનેસ નેટવર્ક્સમાંથી ઉદભવ્યો હતો, અને તેનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે સ્વતંત્રતા પછી ૧૯૬૮ સુધી, જ્યારે તેમના વર્તમાન સ્વરૂપમાં પ્રથમ બીએમસી ચૂંટણીઓ યોજાઈ હતી, ત્યારે ૨૧ મેયરોમાંથી ૧૫ બિન-મરાઠી હતા.

### ૨૦૧૪ પછી: ભાજપનો ઉદય અને સ્થળાંતરિત સમુદાયોનો રાજકીય દાવો

૨૦૧૭ ની બીએમસી ચૂંટણીઓ મુંબઈની સૌથી ઉગ્ર સ્પર્ધાવાળી નાગરિક ચૂંટણીઓમાંની એક હતી, જે લાંબા સમયથી સાથી પક્ષો, શિવસેના અને ભાજપ વચ્ચેના ઉગ્ર ભંગાણ દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવી હતી. દાયકાઓમાં પહેલી વાર, તેઓએ અલગથી લડ્યા. શિવસેના ૮૪ બેઠકો સાથે એકમાત્ર સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી, જે ભાજપથી થોડી આગળ હતી, જેણે ૮૨ બેઠકો સુધી પહોંચવા માટે મોટો ફાયદો મેળવ્યો, જે શહેરમાં તેનું અત્યાર સુધીનું શ્રેષ્ઠ પ્રદર્શન છે.

આ બિન-મરાઠી ઉમેદવારોના સૌથી મજબૂત પ્રદર્શનમાંનું એક હતું, જેમાં ૭૬ જીત્યા હતા - બીએમસીમાં અત્યાર સુધીની સૌથી વધુ સંખ્યા. તેમાં તેમના પ્રમાણસર પ્રતિનિધિત્વમાં નોંધપાત્ર વધારો પણ થયો, જેમાં બિન-મરાઠી કોર્પોરેટરો કુલ ચૂંટાયેલા કોર્પોરેટરોના ૩૩ ટકા હતા, જે ૨૦૧૨ માં ૨૮ ટકા હતા.

ભાજપના ઉદયથી મુંબઈના બિન-મરાઠી સ્થળાંતરિત સમુદાયોને તેમની ઓળખ સ્થાપિત કરવા, પ્રતિનિધિત્વની માંગ કરવા અને શહેરમાં એક પ્રભાવશાળી ચૂંટણી જૂથ તરીકે ઉભરી આવવા માટે રાજકીય આત્મવિશ્વાસ અને સંગઠનાત્મક સમર્થન મળ્યું છે.

### ઔદ્યોગિક યુગના સ્થળાંતરથી હિન્દી-પટ્ટાનો ઘસારો

મુંબઈ, જે બંદર શહેર તરીકે શરૂ થયું હતું, તેને ૧૯૦૦ના દાયકામાં કાપડ એકમોના પ્રસાર દ્વારા ટકાઉપણું મળ્યું. શહેરનો વિકાસ સ્થળાંતર કરનારાઓ દ્વારા થયો હતો, જેમણે ૧૯૨૧માં શહેરની વસ્તીનો લગભગ ૮૪ ટકા હિસ્સો બનાવ્યો હતો. મોટાભાગના સ્થળાંતર કરનારાઓ ભૂતપૂર્વ બોમ્બે પ્રેસિડેન્સીમાંથી આવ્યા હતા અને કોંકણ, પશ્ચિમ મહારાષ્ટ્ર, ગુજરાતના ભાગો અને ગોવા જેવા પડોશી રાજ્યોમાંથી આવ્યા હતા. આ સ્થળાંતર કરનારાઓએ મુંબઈને એક નોંધપાત્ર વ્યાપારી અને ઔદ્યોગિક કેન્દ્ર બનવામાં મદદ કરી હતી. મહારાષ્ટ્રથી મુંબઈમાં સ્થળાંતર કરનારાઓનો હિસ્સો ૧૯૬૧માં ૪૧.૬ ટકાથી ઘટીને ૨૦૦૧માં ૩૭.૪ ટકા થયો હતો. તે જ સમયે, ઉત્તર પ્રદેશથી સ્થળાંતર કરનારાઓની સંખ્યા ૧૯૬૧માં ૧૨ ટકાથી વધીને ૨૦૦૧માં ૨૪ ટકા થઈ ગઈ હતી, જ્યારે બિહારથી વધારો વધુ તીવ્ર હતો, ૦.૨ ટકાથી ૩.૫ ટકા.

૧૯૭૧થી ૨૦૧૧ સુધી, જ્યારે છેલ્લી વસ્તી ગણતરી યોજાઈ હતી, ત્યારે મુંબઈની વસ્તી ૦.૬૦ કરોડથી વધીને ૧.૨૪ કરોડ થઈ, જે ૧૦૬ ટકાનો વધારો દર્શાવે છે.

મરાઠી બોલનારાઓ શહેરમાં સૌથી મોટો વંશીય ભાષાકીય જૂથ છે, અને તેમની સંખ્યા ૨૫.૦૭ લાખથી વધીને ૪૪.૦૪ લાખ થઈ છે, જે ૭૬ ટકાના સ્થિર દરે વધી છે. તેનાથી વિપરીત, હિન્દી બોલનારાઓ, જે આજે બીજા ક્રમનો સૌથી મોટો જૂથ છે, તે ૫૦૨ ટકાથી વધુના દરે વધ્યા છે, જે ૫.૯૬ લાખથી વધીને ૩૫.૯૮ લાખ થયા છે. એક સમયે મુંબઈમાં વ્યાપકપણે બોલાતા ગુજરાતી બોલનારાઓમાં ૩૫ ટકાનો વધારો જોવા મળ્યો છે, જે ૧૦.૫૩ લાખથી વધીને ૧૪.૨૮ લાખ થયો છે. ઉર્દૂ બોલનારાઓમાં પણ ૧૨૫ ટકાનો વધારો થયો છે, જે ૬.૪૭ લાખથી વધીને ૧૪.૫૯ લાખ થયો છે. ■

# ઘાટકોપર વેસ્ટ વિધાનસભા

ઘાટકોપર વેસ્ટમાં 'એન'માં કુલ છ બેઠકો છે જેમાં વોર્ડ નંબર:૧૨૩/૧૨૪/૧૨૬/૧૨૭/૧૨૮ અને ૧૨૯ નો સમાવેશ થાય છે. આ છ સીટમાં કુલ મતદાતા ૨,૬૧,૨૬૨ છે, જેમાં પુરુષ મતદાતા સંખ્યા ૧,૩૮,૪૭૬ છે અને મહિલા મતદાર ની સંખ્યા ૧,૨૨,૬૬૫ છે.

આ વખતે વર્ષ ૨૦૨૬ ની મુંબઈ મહાનગર પાલિકાની ચૂંટણીમાં છમાંથી પાંચ બેઠક મહિલા અનામત થઇ ગઈ છે જયારે ફક્ત એક બેઠક જનરલમાં ગઈ છે.

### વોર્ડ નંબર ૧૨૩ (જનરલ)

**વિસ્તાર: પાર્કસાઈટ**

**૨૦૧૭માં આ બેઠકની કેટેગરી**

જનરલ મહિલા

**૨૦૧૭ માં મળેલા વોટ :**

★ સ્નેહલ સુનિલ મોરે (અપક્ષ) -૯૩૨૨ હાલમાં યુટીબી (જીતેલા ઉમેદવાર)

★ ડો. ભારતી બાવદાન શિવસેના (અવિભાજિત) -૮૫૯૭

**ગુજરાતી મતદારોનો પ્રભાવ કેટલો?**

પાર્કસાઈટ વિસ્તારમાં મરાઠી, ઉત્તર ભારતીય અને મુસ્લિમોની વસ્તી વધારે છે પણ ગુજરાતી વસ્તીનું પ્રભુત્વ પાંચથી સાત ટકા હોવાને કારણે તેઓ નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.

**વિસ્તારની મૂળ સમસ્યા:**

અપૂરતું પાણી અને ખરાબ રસ્તાથી નાગરિકો કંટાળી ગયા છે

**ઇચ્છુક ઉમેદવારો:**

★ સુનિલ મોરે, અનિલ નરમલે (બીજેપી)

★ રામગોવિંદ યાદવ (કોંગ્રેસ)

### વોર્ડ નંબર ૧૨૪ (મહિલા)

**વિસ્તાર: વિક્રોલી સ્ટેશન-કલ્પતરુ**

**૨૦૧૭માં આ બેઠકની કેટેગરી**

જનરલ મહિલા

**૨૦૧૭ માં મળેલા વોટ :**

★ જ્યોતિ હરુન ખાન વોટ- ૬૬૮૬ (એનસીપી-શરદ પવાર-જીતેલા ઉમેદવાર) હાલ શિવસેના-શિંદ

★ નમિતા કિણી વોટ- ૩૯૦૬ બીજેપી

**ગુજરાતી મતદારોનો પ્રભાવ કેટલો?**

આ વિસ્તારમાં મરાઠી,ઉત્તર ભારતીય અને મુસ્લિમોની વસ્તી વધુ હોવા છતાં ગણતરીના ગુજરાતીઓ નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે.

**વિસ્તારની મૂળ સમસ્યા:**

અપૂરતું પાણી અને બીએમસી કોલોનીનું રિડેવલપમેન્ટ વર્ષોથી અટકી પડ્યું છે .

**ઇચ્છુક ઉમેદવારો:**

★ જ્યોતી હારુન ખાન (બીજેપી)

★ સકીના બનો શેખ (યુબીટી)

### વોર્ડ નંબર ૧૨૬ (મહિલા)

**વિસ્તાર: સંઘાણી એસ્ટેટ**

**૨૦૧૭માં આ બેઠકની કેટેગરી**

ઓબીસી મહિલા

**૨૦૧૭ માં મળેલા વોટ :**

★ ડો. અર્ચના ભાલેરાવ વોટ-૧૨૭૫૯ (એનસીપી-શરદ પવાર-વિજેતા ) હાલ બીજેપીમાં

★ પૂનમ બોરડે વોટ- ૬૦૮૯ બીજેપી

**ગુજરાતી મતદારોનો પ્રભાવ કેટલો?**

આ વિસ્તારમાં ૮૦ ટકાથી વધુ ગુજરાતી મતદારો છે. તેથી ઉમેદવારોનું રાજકીય ભવિષ્ય ગુજરાતી મતદારોના હાથમાં રહેશે.

**વિસ્તારની મૂળ સમસ્યા:**

ડિફેન્સ લેન્ડ (નેવલ પાર્ક હોવાને કારણે નવા ડિફેન્સ કાયદા પ્રમાણે કોઈ નવું રિ-ડેવપલપમેન્ટ નથી થઇ રહ્યું જેને કારણે નવા ડેવલપમેન્ટના કામ બંધ પડ્યા છે)

**ઇચ્છુક ઉમેદવારો:**

★ પૂનમ બોરડે નાયર, ડિમ્પલ પંડ્યા, અર્ચના ભાલેરાવ (બીજેપી)

★ અર્ચના ભાલેરાવ પેહેલા શિવસેના (અવિભાજિત)માં હતા હવે ભાજપમાં જોડાઈ જવાથી બીજો ઉમેદવાર હવે નક્કી કરવામાં આવશે.

### વોર્ડ નંબર ૧૨૭ (જનરલ મહિલા)

**વિસ્તાર: ભીમનગર**

**૨૦૧૭માં આ બેઠકની કેટેગરી**

જનરલ મહિલા

**૨૦૧૭ માં મળેલા વોટ :**

★ તુકારામ કૃષ્ણ (સુરેશ) પાટીલ વોટ-૮૫૯૬ (અવિભાજિત સેનાં, હવે યુટીબી-વિજેતા )

★ રીતુ તાવડે વોટ-૪૫૭૨ (બીજેપી)

**ગુજરાતી મતદારોનો પ્રભાવ કેટલો?**

આ વિસ્તારમાં દલિત મતદારોની સંખ્યા વધુ છે પણ સાથે ઉત્તર ભારતીય અને ગુજરાતી મતદારોની અવગણના કરવી પક્ષોને પરવડશે નહીં

**વિસ્તારની મૂળ સમસ્યા:**

વિસ્તારની મૂળ સમસ્યા: અપૂરતું પાણી અને ખરાબ રસ્તા

**ઇચ્છુક ઉમેદવારો:**

★ સુનીતા પંડિરકર, રાણેસ ભગત (બીજેપી) ***

★ સુરેશ પાટીલ (તુકારામ) (યુબીટી)

★ અનીસ પાટીલ (મનસે)

### વોર્ડ નંબર ૧૨૮ (ઓબીસી મહિલા)

**વિસ્તાર: ભટ્ટવાડી**

**૨૦૧૭માં આ બેઠકની કેટેગરી**

ઓબીસી મહિલા

**૨૦૧૭ માં મળેલા વોટ :**

★ **અશ્વિની દીપક હાંડે** વોટ-૧૨૯૮૦ (અવિભાજિત સેનાં, શિવસેના-શિંદે-વિજેતા)

★ **શુભાંગી શીરકે** વોટ- ૪૯૧૦ (અપક્ષ)

**ગુજરાતી મતદારોનો પ્રભાવ કેટલો?**

ઉમેદવારોનું ભવિષ્ય ગુજરાતી મતદારોના હાથમાં રહેશે કારણકે આ વિસ્તારમાં ૯૦ ટકાથી વધુ મતદારો ગુજરાતીઓ છે.

**વિસ્તારની મૂળ સમસ્યા:**

અપૂરતું પાણી અને બીએમસી કોલોનીનું રિડેવલપમેન્ટ વર્ષોથી અટકી પડ્યું છે .

**ઇચ્છુક ઉમેદવારો:**

★ અશ્વિની દીપક હાંડે (શિંદે)

★ કોમળ (મનસે)

### વોર્ડ નંબર ૧૨૯ (ઓબીસી મહિલા)

**વિસ્તાર: માણેકલાલ**

**૨૦૧૭માં આ બેઠકની કેટેગરી**

ઓબીસી મહિલા

**૨૦૧૭ માં મળેલા વોટ :**

★ સૂર્યકાન્ત ગવળી વોટ-૬૯૨૭ (બીજેપી-વિજેતા)

★ પ્રવીણ માંડવકર વોટ-૬૭૧૨ (અવિભાજિત સેના)

**ગુજરાતી મતદારોનો પ્રભાવ કેટલો?**

આ વિસ્તારમાં ૯૦ ટકાથી વધુ મતદારો ગુજરાતીઓ છે. માણેકલાલ ગુજરાતી વિસ્તાર ગણાય છે, જયારે પારસીવાડી, નારાયણ નગરમાં પણ મોટી સંખ્યામાં ગુજરાતીઓની સાથે મરાઠી અને ઉત્તર ભારતીયોની પણ વસ્તી છે. ચિરાગ નગરમાં મિક્સ વસ્તી છે. આ બેઠક પર ગુજરાતીઓ ના માટે નગરસેવક નક્કી કરશે.

**વિસ્તારની મૂળ સમસ્યા:**

ડિફેન્સ લેન્ડ (નેવલ પાર્ક હોવાને કારણે નવા ડિફેન્સ કાયદા પ્રમાણે કોઈ નવું રી-ડેવપલપમેન્ટ નથી થઇ રહ્યું જેને કારણે નવા ડેવલપમેન્ટના કામ બંધ પડ્યા છે)

**ઇચ્છુક ઉમેદવારો:**

★ સુરેખા સત્યાપન ગવળી, અશ્વિની ભગત માને (બીજેપી )

★ અલકા ઉલે (યુબીટી)

# અનામતનો ફટકો આ ગુજરાતી નગરસેવકોના રાજકીય ભવિષ્ય સામે મોટો પડકાર

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકામાં એક સમયે ગુજરાતી પ્રતિનિધીઓ સભાને ગજવતા હતા પણ સમય જતા ગુજરાતી નગરસેવકોનું પ્રભુત્વ ઘટતું ગયું અને ૨૦૧૭ની મહાનગરપાલિકામાં ૨૨૭ બેઠકમાંથી માંડ ૨૬ ગુજરાતી નગરસેવકો ચૂંટાયા હતા અને હવે ૨૦૨૬ની ચૂંટણીમાં કેટલા ગુજરાતીઓ નગરસેવકો મહાનગરપાલિકાને ગજવશે એ આગામી દિવસોમાં રાજકીય પાર્ટીઓ કેટલા ગુજરાતીઓને ટિકિટ આપે છે તેના પર આધાર રાખે છે. એ સાથે જ જોકે ૨૦૧૭ની ચૂંટણીમાં ચૂંટાયેલા અનેક નગરસેવકોનું ફરી નગરસેવક બનવાનું સપનું અનામતની લોટરીને કારણે તૂટી ગયું છે. આવા ગુજરાતી નગરસેવકોના રાજકીય ભવિષ્ય સામે મોટો પડકાર ઊભો થઈ ગયો છે.

મુંબઈ મહાનગરપાલિકાની ૨૦૨૬માં થનારી ચૂંટણીમાં દહિસર વોર્ડ નંબર બેના ભાજપના નગરસેવક જગદીશ ઓઝાનો વોર્ડ અગાઉ જનરલ હતો અને હવે જનરલ લેડીઝ થઈ ગયો હોવાથી તેમને ઘરે બેસવું પડવાનું છે. દહિસરમાં વોર્ડ આઠના ભાજપથી ચૂંટાયેલા હરિશ છેડાનો વોર્ડ અગાઉ જનરલ કેટેગરીમાં હતો પણ હવે તે જનલર લેડીઝ થઈ ગયો છે. બોરીવલીમાં વોર્ડ નંબર ૧૫નો વોર્ડ જનરલ શ્રેણીમાં હતો અને અહીંથી પ્રવીણ શાહ ભાજપમાંથી ચૂંટાયા હતા. જોકે હવે આ વોર્ડ જનરલ લેડીઝ થઈ ગયા છે પાછું તેમની વય મર્યાદા પણ નડી શકે છે. આ ત્રણે વોર્ડ ગુજરાતી બહુમતી ધરાવે છે અને સિનિયર નગરસેવકોને રહ્યા છે પણ અનામતને કારણે ત્રણે નગરસેવકોને ઘરે બેસવું પડવાનું છે.

ગોરેગામના વોર્ડ નંબર પંચાવનમાં અગાઉ ઓબીસી માટે અનામત હતો અને અહીંથી ભાજપના હર્ષ પટેલ નગરસેવક હતા. જોકે હવે આ વોર્ડ જનરલ થઈ ગયો છે. તેથી આ વોર્ડમાં પક્ષના જનરલ કેટેગરીમાં આવતા અનેક સિનિયર કાર્યકર્તાઓ ચૂંટણી લડવા ઉત્સુક હોવાનું માનવામાં આવે છે. જોકે ઓબીસી શ્રેણીમાં આવતા ઉમેદવાર જનરલ કેટેગરીમાંથી ચૂંટણી લડી શકે છે અને હર્ષ પટેલ પાંચ વર્ષના નગરસેવક અને ત્યારબાદના ચાર વર્ષના તેમણે કરેલા કામને કારણે તેમના પર્ફોમન્સને જોતા પક્ષ તેમને ઉમેદવારી આપશે કે તે આગામી દિવસોમાં ખબર પડી જશે. મલબાર હિલના વોર્ડ નંબર ૨૧૯માંથી ભાજપમાંથી ચૂંટાયેલા જ્યોત્સના મહેતાનો વોર્ડ ઓબીસીમાં અનામત થઈ ગયો છે અને તેઓ જનરલ શ્રેણીમાં આવતા હોઈ તેમનું પત્તુ ઓટોમેટિક કપાઈ ગયું છે. આ બેઠક માટે બહારથી ઓબીસી ઉમેદવાર બહારથી લાવવામાં આવશે એવું માનવામાં આવશે.

મુંબાદેવીના વોર્ડ નંબર ૨૨૦માંથી ભાજપમાંથી અતુલ શાહ જીત્યા હતા. તેમનો વોર્ડ અગાઉ જનરલ હતો અને હવે જનરલ કેટેગરીમાં મહિલા માટે અનામત થઈ ગયો છે. તેથી તેમને માટે પણ કોઈ અવકાશ રહ્યો નથી.

મુલુંડમાં ૧૦૮ નંબરની બેઠક પરથી ૨૦૧૭માં ભાજપના નીલ સોમૈયા નગરસેવક બન્યા હતા. આ વોર્ડ હવે ઓબીસી લેડીઝ માટે અનામત થઈ ગયો છે. તેથી તેમની માટે પણ ક્યાથી ઊભા રહેવું એ માથાનો દુખાવો બની ગયો છે. એમ તો નીલ સોમૈયાએ બે જનરલ વોર્ડમાથી લડવાની ઈચ્છા દર્શાવી હોવાનું કહેવાય છે પણ એ બંને વોર્ડમાં ભૂતપૂર્વ નગરસેવકો પ્રકાશ ગંગાધરે અને પ્રભાકર શિંદે સહિત અન્ય તેમના વોર્ડ માટે ટિકિટ માગી રહ્યા છે તો અન્ય એક જનરલ વોર્ડ છે તેમાં મહિલા નગરસેવિકા છે તે સીટ પરથી પણ તેઓ લડી શકે છે. જોકે પક્ષ તેમને ક્યાથી ટિકિટ આપે છે તેના પર તેમનું રાજકીય ભવિષ્ય ટકેલું છે.■

# વૈશ્વિક સોનું ૪૫૦૦ ડૉલર વટાવીને પાછું ફર્યું, ચાંદીમાં આગળ ધપતી તેજી, સ્થાનિક ચાંદીમાં ₹ ૭૯૮૩નો ઉછાળો, સોનામાં ₹ ૩૪૪નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગઈકાલે અમેરિકાના જીડીપીના ડેટા પ્રોત્સાહક આવવાની સાથે અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી વર્ષ ૨૦૨૬માં વ્યાજદરમાં વધુ વખત કાપ મૂકે અને હળવી નાણાનીતિ જાળવી રાખે તેવા આશાવાદ સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે સટ્ટાકીય આકર્ષણ વધતાં હાજરમાં સોનાના ભાવ એક તબક્કે ઔંસદીઠ ૪૫૨૫ ડૉલરની વિક્રમ સપાટીએથી પાછા ફર્યા હતા અને ચાંદીના ભાવ ઔંસદીઠ ૭૨.૭૦ ડૉલરની નવી ટોચ બતાવીને પાછા ફર્યાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં ખાસ કરીને ચાંદીમાં કિલોદીઠ રૂ. ૭૯૮૩નો ઉછાળો આવ્યો હતો, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૪૪નો સુધારો આવ્યો હતો.

એકંદરે વૈશ્વિક સ્તરે ચાંદીમાં પ્રવર્તી રહેલી પુરવઠાખેંચ વચ્ચે સટ્ટાકીય આકર્ષણ વધતાં ઝડપી તેજી આવતા આજે સ્થાનિકમાં પણ ૯૯૯ ટચ ચાંદીના વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૭૯૮૩ના ચમકારા સાથે રૂ. ૨,૧૮,૯૮૩ના મથાળે પહોંચ્યા હતા. જોકે, ઊંચી સપાટીએથી માત્ર ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી જોવા મળી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ સોનામાં પણ ભાવમાં સુધારો આગળ ધપતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૪૩ વધીને રૂ. ૧,૩૬,૦૮૦ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૪૪ વધીને રૂ. ૧,૩૬,૬૨૭ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ ઊંચા મથાળેથી સાર્વત્રિક સ્તરે માગ નિરસ રહી હોવાના અહેવાલ હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૫૨૫.૧૯ ડૉલર સુધી પહોંચ્યા બાદ આગલા બંધ સામે ૦.૧ ટકો વધીને ૪૪૯૩.૭૬ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ૪૫૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. વધુમાં આજે ચાંદીના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૭૨.૭૦ ડૉલરની સપાટીએથી પાછા ફરીને ગઈકાલના બંધ સામે ૦.૯ ટકા વધીને ઔંસદીઠ ૭૨.૦૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં વર્ષ ૧૯૭૯ પછીનો સૌથી મોટો ૭૦ ટકાનો અને ચાંદીના ભાવમાં ૧૫૦ ટકાનો ઉછાળો આવી ગયો છે.

એકંદરે આજે સોનામાં કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી, સલામતી માટેની માગ, સટ્ટાકીય આકર્ષણ જેવા પરિબળો સામે મંદીના કોઈ કારણોના અભાવ વચ્ચે તેજી આગળ ધપી હોવાનું સિટી ઈન્ડેક્સ અને ફોરેક્સ ડૉટ કૉમના વિશ્લેષક ફવાદ રફીકઝાદાએ જણાવતા ઉમેર્યું હતું કે આજે સોના, ચાંદી, પ્લેટિનમ અને પેલેડિયમ જેવી કિંમતી ધાતુઓ ઉપરાંત કોપર સહિતની ધાતુઓમાં પણ તેજીનો વક્કર જોવા મળ્યો હતો.

નોંધનીય બાબત એ છે કે ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે હાલમાં બજારની સ્થિતિ સારી હોવાથી હું ફેડરલ રિઝર્વના એવા નવા અધ્યક્ષને વધુ પસંદ કરીશ જે વ્યાજદર નીચી સપાટીએ રાખે. ટ્રમ્પના આ નિવેદનને કારણે પણ સોના-ચાંદીના સુધારાને ટેકો મળ્યો હતો. વધુમાં સોસિયેટ જનરલે એક નોટ્સમાં જણાવ્યું હતું કે જો સોનામાં ખાસ કરીને ઉભરતી બજારોની કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલી ધીમી પડે તો જ ભાવમાં વધારો અટકે તેમ જણાય છે. જોકે, હાલની રોકાણકારોની પોઝિશન જોતા વર્ષ ૨૦૨૬ના અંત સુધીમાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૫૦૦૦ ડૉલરની સપાટીએ પહોંચે તેવો અંદાજ નોટ્સમાં વ્યક્ત કર્યો છે.

# નાતાલની રજાના માહોલ વચ્ચે બજાર અફડાતફડીમાં અટવાઈને નેગેટિવ ઝોનમાં ગબડી પડ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિશ્વબજારના મિશ્ર વલણ, કોઇપણ મજબૂત ટ્રીગરના અભાવ અને નાતાલની રજાના નિરસ માહોલ વચ્ચે સ્થાનિક શેરબજાર બુધવારે અફડાતફડીમાં અટવાઇને નેગેટીવ ઝોનમાં ગબડી પડ્યું હતું. સેન્સેક્સ ૧૧૬.૧૪ પોઈન્ટ અથવા ૦.૧૪ ટકા ઘટીને ૮૫,૪૦૮.૭૦ પોઇન્ટ પર સ્થિર થયો. દિવસ દરમિયાન, તે ૮૫,૭૩૮.૧૮ પોઇન્ટની ઊંચી સપાટી અને ૮૫,૩૪૨.૧૯ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૩૫.૦૫ પોઈન્ટ અથવા ૦.૧૩ ટકા ઘટીને ૨૬,૧૪૨.૧૦ પોઇન્ટ પર બંધ થયો હતો.

ઇન્ટરગ્લોબ એવિએશન, સન ફાર્મા, એશિયન પેઇન્ટ્સ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, હિન્દુસ્તાન યુનિલિવર અને ટાટા સ્ટીલ સૌથી વધુ ઘટનારા શેરોમાં સામેલ હતા. જ્યારે ટ્રેન્ટ, અલ્ટ્રાટેક સિમેન્ટ, મારુતિ અને પાવર ગ્રીડ સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા. કેસ્ટ્રોલ ઇન્ડિયામાંથી પોતાનો ૬૫ ટકા સ્ટેક સ્ટોનપીકને ૧૦ અબજ ડોલરમાં વેચવાની બીપી પ્લેકની જાહેરાત બાદ કેસ્ટ્રોલના શેરમાં બુધવારે નવ ટકા જેવો ઉછાળો જોવા મળ્યો હતો. જોકે, પાછળથી મોટાભાગનો સુધારો ગુમાવીને આ શેર અંતે બે ટકાના સુધારે બંધ રહ્યો હતો.

જેકે ટાયર એન્ડ કંપનીએ કેવેન્ડીશ ઇન્ડસ્ટ્રીઝને પોતાનામાં ભેળવી દેવાની પ્રક્રિયા પૂર્ણ કરી છે. કેપીઆઇ ગ્રીન એનર્જીને એનટીપીસી તરફથી રૂ.૧૨૮ કરોડનો ઓર્ડર મળ્યો છે. પ્રવેગ લિમિટેડે ગુજરાતના પ્રતિષ્ઠિત સ્ટેપવેલ સ્થાપત્યથી પ્રેરિત, પ્રવેગ અડાલજ થીમ-આધારિત ડેસ્ટિનેશન પાર્ક અને હેરિટેજ સ્ટેપવેલ મ્યુઝિયમનું ગુજરાતના મુખ્ય પ્રધાને ઉદઘાટન કર્યું હોવાની જાહેરાત કરી છે. આ પ્રસંગે ભારત સરકારના પ્રવાસન મંત્રાલયના કેન્દ્રીય પ્રધાન અને ગુજરાતના નાયબ મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા હતા.

મારુતિ સુઝુકી ઇન્ડિયાએ વ્હીકલ ફાઈનાન્સ માટે ઉત્તર પ્રદેશ ગ્રામીણ બેન્ક સાથે જોડાણ કર્યું છે. અદાણી પાવરે નાણાકીય વર્ષ ૨૦૩૨ સુધીનો કેપેસિટી ટાર્ગેટ વધારીને ૪૧.૮૭ ગીગાવોટ સુધી વિસ્તાર્યો છે. કોઇલ અને શીટ બંને સ્વરૂપોમાં ગેલ્વેનાઈઝ્ડ અને પ્રી-પઇન્ટેડ સ્ટીલમાં વિશેષતા ધરાવતી અગ્રણી કોટેડ સ્ટીલ મેટલ ઉત્પાદક અને નિકાસકાર પૈકીની એક માનક્સિયા કોટેડ મેટલ્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝે તેની કન્ટીન્યુઅસ ગેલ્વેનાઇઝિંગ લાઇન માટે અપગ્રેડેશન અને ક્ષમતા વિસ્તરણ હાથ ધર્યું છે. ગેલ્વેનાઈઝ્ડ સ્ટીલમાંથી એલ્યુમિનિયમ, ઝિંક કોટેડ સ્ટીલમાં રૂપાંતર સાથે ટેકનોલોજી અપગ્રેડ લાગુ કરવા માટે, ક્ષમતા વિસ્તરણ હાથ ધરી રહી છે.

ગ્લોબલ ડિફેન્સ ઓઇએમ, ટોમ્બો ઇમેજિંગે આઇપીઓ માટે સેબી સમક્ષ ડીઆરએચપી જમા કરાવ્યું છે. માઇક્રો ઇરિગેશન સોલ્યુશન્સના અગ્રણી મેન્યુફેક્ચરર અને નિકાસકાર પૈકીની એક કેપ્ટન પોલીપ્લાસ્ટે એમએસઇડીસીએલ તરફથી પ્રધાનમંત્રી કુસુમ બી યોજના હેઠળ રૂ. ૨૭.૬૯ કરોડના ૧૦૦૦ સોલાર પંપ માટે એમ્પેનલમેન્ટ હાંસલ કરીને ઝડપથી વિકસતા સોલાર ઇપીસી સેગમેન્ટમાં પગપેસારો કર્યો છે.આ એમ્પેનલમેન્ટ, રિન્યુએબલ એનર્જી અને એગ્રી-ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેગમેન્ટમાં કંપનીની ઓર્ડર બુકને વધુ મજબૂત બનાવે છે. જૂનીપર ગ્રીને બિકાનેર પ્રોજેક્ટ કાર્યરત કર્યો છે. શંખ એરલાઇન્સ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરમાં ફ્લાઇટ શરૂ કરવા ધારે છે.

નિહાર ઇન્ફો ગ્લોબલ લિમિટેડે એમેઝોન ઇન્ટર-સ્ટેટ એક્સપ્રેસ ડિલિવરી પ્રોગ્રામને સફળતાપૂર્વક કાર્યરત કર્યો છે, જે કંપનીની લોજિસ્ટિક્સ અને સપ્લાય-ચેઇન વિસ્તરણ વ્યૂહરચનામાં એક મહત્વપૂર્ણ હિસ્સો છે અને તેની સમગ્ર ભારતમાં ઇ-કોમર્સ ક્ષમતાઓને વધુ મજબૂત બનાવે છે. કંપની ઇ-કોમર્સ અને બીટુબી કામગીરીમાં વ્યસ્ત છે અને એમેઝોન, ફ્લિપકાર્ટ જેવા અગ્રણી ઓનલાઈન માર્કેટપ્લેસ પર પસંદગીના વિક્રેતા છે. કંપની બિઝનેસ-ટુ-બિઝનેસ ટ્રેડિંગ પ્રવૃત્તિઓ પણ હાથ ધરે છે.

નાતાલની રજાને કારણે ટૂંકાયેલા સપ્તાહમાં ભારતીય શેરબજારો મોટાભાગે સાંકડી વધઘટે અથડાતાં રહ્યા હતા, વર્ષ પૂરું થતાં ટ્રેડિંગ વોલ્યુમ ધીમું રહ્યું હતું. આ વલણ વ્યાપક એશિયન બજારોમાં પ્રતિબિંબિત થાય છે. આરબીઆઇ દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલી લિક્વિડિટી પહેલ, જેમાં ઓપન માર્કેટ ઓપરેશન અને ડોલર સામે રૂપી બાય-સેલ સ્વેપનો સમાવેશ થાય છે, તે પ્રણાલીગત લિક્વિડિટીમાં સુધારો કરશે અને ચલણની અસ્થિરતાને સ્થિર કરવામાં મદદ કરશે તેવી અપેક્ષા છે, એમ જણાવતાં જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે કહ્યું હતું કે, વૈશ્વિક મોરચે, અપેક્ષા કરતાં વધુ મજબૂત યુએસ જીડીપી ડેટા આર્થિક સ્થિતિસ્થાપકતા તરફ નિર્દેશ કરે છે, જોકે વધતી બેરોજગારીએ આશાવાદને ઓછો કર્યો છે.

સોનાએ નરમ ડોલર અને ઊંચા ભૂરાજકીય જોખમો પર તેની તેજી લંબાવી, જેને ફેડરલ નીતિમાં સતત હળવાશની વધતી અપેક્ષાઓ દ્વારા ટેકો મળ્યા હતો. દરમિયાન, બ્રેન્ટ ક્રૂડ અનેક વર્ષોના નીચા સ્તરે પહોંચ્યું, જે સૌમ્ય ફુગાવાના દૃષ્ટિકોણને મજબૂત બનાવે છે. આગળ જોતાં, બજારની પ્રવૃત્તિ શાંત રહેવાની શક્યતા છે, જોકે રોકાણકારો વેપાર મોરચે વિકાસ પર નજીકથી નજર રાખશે, એમ ઉમેર્યું હતું.

વિશ્વબજારમાં મિશ્ર ચિત્ર રહ્યું હતું, જોકે અમેરિકાનો એપ્રિલ-જૂનનો વિકાસ દર વાર્ષિક ધોરણે ૪.૩૦ ટકા જેવો અનપેક્ષિત રીતે મજબૂત આવ્યો હોવાના અહેવાલે બેન્ચમાર્ક એસએન્ડપી-૫૦૦ ઇન્ડેક્સ નવી વિક્રમી સપાટીએ પહોચ્યા બાદ એશિયાના મોટાભાગના શેરબજારમાં બુધવારે સુધારો જોવા મળ્યો હતો.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી અને જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ નીચા સ્તરે બંધ થયો જ્યારે શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ હકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયો. યુરોપિયન બજારો નજીવા ઊંચા વેપાર કરી રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા હતા.

રિઝર્વ બેન્કે ત્રણ વર્ષના સમયગાળા માટે ભારત સરકારની સિક્યોરિટીઝની એક લાખ કરોડ રૂપિયાની ઓએમઓ પરચેઝ ઓકશન અને પાંચ અબજ ડોલરની ડોલર-રૂપી બાય-સેલ સ્વેપ ઓકશન કર્યાના થોડા દિવસો પછી ઉપરોક્ત તાજેતરની જાહેરાત કરવામાં આવી છે.

સ્ટોક એક્સચેન્જના ડેટા અનુસાર, મંગળવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૧,૭૯૪.૮૦ કરોડ રૂપિયાની ઇક્વિટી વેચવાલી નોંધાવી હતી. જોકે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ ૩,૮૧૨.૩૭ કરોડ રૂપિયાની ઇક્વિટી ખરીદીનોંધાવી હતી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૧૮ ટકા વધીને ૬૨.૪૯ ડોલરપ્રતિ બેરલ પર બંધ થયો હતો. બે દિવસની તેજીનો સિલસિલો તોડીને, મંગળવારે સેન્સેક્સ ૪૨.૬૪ પોઈન્ટ અથવા ૦.૦૫ ટકા ઘટીને ૮૫,૫૨૪.૮૪ પર બંધ થયો. નિફ્ટી ૪.૭૫ પોઈન્ટ અથવા ૦.૦૨ ટકાના નજીવા વધારા સાથે ૨૬,૧૭૭.૧૫ પર બંધ થયો હતો.

શેરબજારનું પાછલા કેટલાક મહિનાઓથી જાણે નૂર હણાઇ ગયું હોય એવું લાગે છે. સ્થાનિક ફંડોની લેવાલીના જોરદાર ટેકા છતાં એફઆઇઆઇની કધારી વેચવાલી અને તેમાં ડોલર સામે રૂપિયાના મૂલ્યનો ઘટાડો બજારને બમણો ફટકો મારી રહ્યાં છે. નિષ્ણાતો માને છે કે ભારતીય શેરબજારમાં કોન્સોલિડેશન ચાલુ રહેશે.

# ડૉલર સામે રૂપિયો ૧૧ પૈસા ગબડ્યો

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનો મૂડીગત્ બાહ્યપ્રવાહ અને સોના-ચાંદીનાં આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી નીકળતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં સત્રના દરમિયાન જોવા મળેલો ૧૧ પૈસાનો સુધારો ધોવાઈ ગયો હતો અને સત્રના અંતે ૧૧ પૈસા ગબડીને ૮૯.૭૪ની સપાટીએ બંધ રહ્યો હોવાનું ફોરેક્સટ્રેડરોએ જણાવ્યું હતું. જોકે, રિઝર્વ બૅન્કે અમેરિકી ડૉલર/ભારતીય રૂપિયાના સ્વેપની અને ઓપન માર્કેટ ઓપરેશનની જાહેરાત કરી હોવા છતાં રૂપિયા પર તેની કોઈ અસર નહોતી જોવા મળી, એમ તેમણે ઉમેર્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૯.૬૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૯.૫૬ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૮૯.૫૧ સુધી મજબૂત થયા બાદ નીચામાં ૮૯.૮૩ની સપાટી સુધી ગબડ્યા બાદ અંતે ૧૧ પૈસાના ઘટાડા સાથે ૮૯.૭૪ના મથાળે બંધ રહ્યો હતો.

આગામી ક્રિસમસની રજાઓના સમયગાળા પૂર્વે ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીનું દબાણ અને સોનાચાંદીના આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી રહેતાં આજે રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું એચડીએફસી સિક્યોરિટીઝના રિસર્ચ એનાલિસ્ટ દિલીપ પરમારે જણાવતાં ઉમેર્યું હતું કે આજે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ રૂ. બે લાખ કરોડની સરકારની સિક્યોરિટી ખરીદ કરવાનો અને પ્રવાહિતા માટે ૧૦ અબજ ડૉલરના મૂલ્યના બાય/સેલ ડૉલર રૂપી સ્વેપ ઑક્શનની જાહેરાત કરી હોવાની પણ બજાર પર કોઈ અસર નહોતી જોવા મળી.

## દેશ-વિદેશ

# યુક્રેન યુદ્ધના અંત માટે પ્રદેશના અંકુશ અંગે સંમતિ ન સધાઇ

### અમેરિકા સાથે થયેલી સમજૂતીની વિગત મોસ્કોને મોકલાઇ

કિવઃ યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે રશિયા અને યુક્રેન વચ્ચે અંદાજે છેલ્લાં ચાર વર્ષથી ચાલતા યુદ્ધનો અંત લાવવા માટે અનેક મુદ્દે અમેરિકા અને યુક્રેન વચ્ચે સમજૂતી થઇ હતી, પરંતુ પૂર્વ યુક્રેનના ઔદ્યોગિક વિસ્તાર અને તેની આસપાસની ભૂમિ પરના નિયંત્રણ તેમ જ ઝાપોરીઝઝિયા અણુઊર્જા મથકના સંચાલન (મેનેજમેન્ટ)ને લગતા મહત્ત્વના મુદ્દે કોઇ સંમતિ નહોતી સધાઇ.

તેમણે ૨૦૨૨ના ફેબ્રુઆરીથી ચાલતા રશિયા સાથેના યુદ્ધનો અંત લાવવા માટે અમેરિકાએ કરેલી ભલામણની વિગત જાહેર કરી હતી.

ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે કિવ અને વૉશિંગ્ટનના ઉચ્ચ પ્રતિનિધિમંડળ વચ્ચે થયેલી સમજૂતીની વિગત મોસ્કોને મોકલાઇ છે અને તેના પ્રતિસાદની રાહ જોઇએ છીએ.

ફ્લોરિડામાં થોડા સમય પહેલાં રશિયાના ઉચ્ચ અધિકારીઓ સાથે અમેરિકાએ યુદ્ધનો અંત લાવવા મંત્રણા કરી હતી. અમેરિકાએ આ મંત્રણામાં ૨૦ મુદ્દા રજૂ કર્યા હતા.

ડોનબાસ તરીકે ઓળખાતા ડોનેત્સ્ક અને લુહાન્સ્ક પ્રાંત પરના અંકુશ અંગે હજી કોઇએ બાંધછોડ નથી કરી.

રશિયાએ આ યુદ્ધ દરમિયાન લુહાન્સ્કનો મોટા ભાગનો વિસ્તાર કબજે કરી લીધો છે, જ્યારે ડોનેત્સ્કનો આશરે ૭૦ ટકા પ્રદેશ આંચકી લીધો છે.

ઝાપોરીઝઝિયા અણુઊર્જા મથક યુરોપનું સૌથી મોટું મથક ગણાય છે અને તે હાલમાં રશિયાના કબજામાં છે. તેનું સંચાલન પણ શાંતિ મંત્રણામાં વિઘ્નરૂપ બની રહ્યું છે. (એજન્સી)

# ઈન્ડિગો ફિયાસ્કોઃ સરકારે નવી ત્રણ ઍરલાઈન્સને મંજૂરી આપી

નવી દિલ્હીઃ નાગરિક ઉડ્ડયન મંત્રાલયે અલ હિંદ એર, ફ્લાયએક્સપ્રેસ અને શંખ ઍર નામની ત્રણ નવી એરલાઈન્સને મંજૂરી આપી હતી જે આગામી વર્ષે ઉડાણ ભરશે. પીટીઆઈ ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, ત્રણેય એરલાઈન્સને બુધવારે મંત્રાલય તરફથી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) મળ્યું હતું. આ બંન્ને કંપનીઓ સિવાય ઉત્તર પ્રદેશની શંખ એર પણ ૨૦૨૬માં ફ્લાઇટ ઓપરેશન શરૂ તેવી શક્યતા છે.

નાગરિક ઉડ્ડયન મંત્રી કે રામમોહન નાયડુએ ‘એક્સ’ પર એક પોસ્ટમાં લખ્યું હતું કે છેલ્લા એક અઠવાડિયામાં ભારતીય આકાશમાં ઉડાન ભરવાની ઇચ્છા રાખતી નવી એરલાઇન્સ શંખ એર, અલ હિંદ એર અને ફ્લાયએક્સપ્રેસની ટીમોને મળીને આનંદ થયો. જ્યારે શંખ એરને મંત્રાલય તરફથી એનઓસી અગાઉ મળી ચૂક્યું છે જ્યારે અલ હિંદ એર અને ફ્લાયએક્સપ્રેસને આ અઠવાડિયે જ એનઓસી આપવામાં આવ્યું છે.

# શેખ હસીનાના પક્ષ પર બંધી શું કામ?

### બાંગ્લાદેશની સરકારથી અમેરિકા નારાજ

વોશિંગ્ટનઃ બાંગ્લાદેશમાં સતત વધી રહેલી હિંસા વચ્ચે યુનુસ સરકારની મુશ્કેલીઓ વધી રહી છે. જેમાં એક તરફ બાંગ્લાદેશમાં અરાજકતાની સ્થિતિ છે. તો બીજી તરફ અમેરિકા પણ હવે યુનુસ સરકારથી નારાજ છે. જેમાં અમેરિકામાં સંસદની વિદેશ બાબતોની સમિતિએ યુનુસને પત્ર લખ્યો છે. તેમજ એક રાજકીય પક્ષ પર સંપૂર્ણ પ્રતિબંધને ખોટો ગણાવ્યો હતો. બાંગ્લાદેશમાં શેખ હસીના પાર્ટી અવામી લીગ પર સંપૂર્ણ રીતે પ્રતિબંધ લગાવ્યો છે.

રશિયાએ યુનુસ સરકારને ભારત સાથે સારા સંબંધ રાખવાની સલાહ આપી છે. તેની બાદ હવે અમેરિકામાં સંસદની વિદેશ બાબતોની સમિતિએ મુહમ્મદ યુનુસને લખેલા પત્રમાં બાંગ્લાદેશમાં માનવાધિકાર ઉલ્લંઘન પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમજ બાંગ્લાદેશની વચગાળાની સરકારે દેશના રાજકીય પક્ષો સાથે મળીને ન્યાયી, મુક્ત અને શાંતિપૂર્ણ ચૂંટણીઓ માટે વાતાવરણ બનાવવું જોઈએ. જોકે, અમને ડર છે કે આ શક્ય બનશે નહીં કારણ કે વચગાળાની સરકારે રાજકીય પક્ષોની પ્રવૃત્તિઓને સ્થગિત કરી દીધી છે અને આંતરરાષ્ટ્રીય ગુના ટ્રિબ્યુનલને પણ પુનઃસ્થાપિત કરી છે. અમેરિકાના સાંસદોએ લખ્યું છે કે, વર્ષ ૨૦૧૮માં અને વર્ષ ૨૦૨૪માં થયેલી ચૂંટણી નિષ્પક્ષ ન હતી. તેમજ યુએન રિપોર્ટમાં જણાવાયું છે કે, જુલાઈ અને ઓગસ્ટમાં થયેલી હિંસામાં બાંગ્લાદેશ થયેલી હિંસામાં ૧૪૦૦ લોકો માર્યા ગયા હતા. તેમજ બાંગ્લાદેશે આ ઘટનાઓને ધ્યાનમાં રાખીને લોકોતંત્રને મજબૂત કરવું જોઈએ. પરંતુ તેની સ્થાને બદલાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમજ અમે ચિંતિત છીએ કે એક રાજકીય પાર્ટીને સંપૂર્ણ રીતે પ્રતિબંધિત કરી દેવી ખોટી બાબત છે.

ઉલ્લેખનીય છે કે, થોડા મહિના પૂર્વે બાંગ્લાદેશની વચગાળાની સરકારે શેખ હસીનાના નેતૃત્વ હેઠળના અવામી લીગ પક્ષની તમામ પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ મૂક્યો હતો. આ પ્રતિબંધમાં તેના ઓનલાઈન પ્લેટફોર્મ પરની પ્રવૃત્તિઓનો પણ સમાવેશ થતો હતો. જ્યારે અનેક સંગઠનોએ અવામી લીગ પર પ્રતિબંધ મૂકવાની માગ કર્યા પછી આ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

# તૂર્કીમાં વિમાન તૂટી પડતાં લિબિયાના લશ્કરના વડા સહિત સાત જણનાં મોત

અંકારાઃ તૂર્કીની રાજધાની અંકારાથી ટેક-ઓફ કર્યા પછી લિબિયાના લશ્કરી વડા, ચાર અધિકારીઓ અને ત્રણ ક્રૂ સભ્યોને લઈ જતું એક ખાનગી જેટ ક્રેશ થયું હતું. વિમાનમાં સવાર તમામ લોકોનાં મોત થયા હતા. લિબિયન અધિકારીઓએ જણાવ્યું હતું કે આ દુર્ઘટના ટેકનિકલ ખામીને કારણે થઈ હતી. તુર્કીના અધિકારીઓએ જણાવ્યું હતું કે લિબિયન પ્રતિનિધિમંડળ બંને દેશો વચ્ચે લશ્કરી સહયોગ વધારવાના હેતુથી ઉચ્ચ સ્તરીય સંરક્ષણ વાટાઘાટો માટે અંકારામાં હતું.

લિબિયાના વડાપ્રધાન અબ્દુલ-હામિદ દબીબાએ જનરલ મોહંમદ અલી અહમદ અલ-હદ્દાદ અને અન્ય અધિકારીઓના મૃત્યુની પુષ્ટી કરી હતી. તેમણે એક નિવેદનમાં કહ્યું હતું કે પ્રતિનિધિમંડળ ઘરે પરત ફરી રહ્યું હતું ત્યારે આ દુઃખદ અકસ્માત થયો હતો. વડાપ્રધાને તેને લિબિયા માટે એક મોટું નુકસાન ગણાવ્યું હતું.

અલ-હદ્દાદ પશ્ચિમી લિબિયામાં ટોચના લશ્કરી કમાન્ડર હતા. તેમણે લિબિયન સૈન્યને એક કરવા માટે યુનોની મધ્યસ્થી હેઠળ ચાલી રહેલા પ્રયાસોમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. લિબિયન લશ્કર લિબિયાની સંસ્થાઓની જેમ વિભાજિત છે. દુર્ઘટનામાં માર્યા ગયેલા અન્ય ચાર અધિકારીઓમાં લિબિયન ગ્રાઉન્ડ ફોર્સિસનું નેતૃત્વ કરનાર જનરલ અલ-ફિતોરી ધ્રૈબિલ, બ્રિગેડિયર જનરલ મહમૂદ અલ-કતાવી, ચીફ ઓફ સ્ટાફના સલાહકાર મોહમ્મદ અલ-અસાવી દિયાબ અને ચીફ ઓફ સ્ટાફની ઓફિસમાં લશ્કરી ફોટોગ્રાફર મોહમ્મદ ઓમર અહેમદ મહજુબનો સમાવેશ થાય છે.

તૂર્કીના અધિકારીઓએ જણાવ્યું હતું કે ફાલ્કન ૫૦ ટાઈપનું બિઝનેસ જેટનો કાટમાળ અંકારાના દક્ષિણમાં લગભગ ૭૦ કિલોમીટર દૂર હયમાના જિલ્લાના કેસિકાવાક ગામ નજીક મળી આવ્યો હતો. તૂર્કીના એર ટ્રાફિક કંટ્રોલર્સે અંકારાના એસેનબોગા એરપોર્ટથી ઉડાન ભર્યા પછી લિબિયા પરત ફરતા વિમાન સાથે સંપર્ક તૂટી ગયો હોવાની જાણ કરી હતી. તુર્કીયેના ગૃહ પ્રધાન અલી યેરલિકાયાએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે વિમાન રાત્રે ૮:૩૦ વાગ્યે ઉડાન ભરી હતી અને ૪૦ મિનિટ પછી સંપર્ક તૂટી ગયો હતો. તમામ સંપર્ક તૂટી જાય તે પહેલાં વિમાને હેમાના નજીક કટોકટી લેન્ડિંગના સંકેત આપ્યા હતા.

# ઓડિશામાં બાળકી પર રેપ પછી હત્યાથી ભડકોઃ ટોળાએ આરોપીનું ઘર તોડ્યું, એક પકડાયો

ભુવનેશ્વર/ભદ્રકઃ ઓડિશાના ભદ્રક જિલ્લામાં ૧૦ વર્ષની બાળકી પર કથિત રીતે બળાત્કાર કરીને એની હત્યા કરવામાં આવી હતી, જેના કારણે ભારે રોષ ફેલાયો હતો અને સ્થાનિક લોકોએ આરોપીનું ઘર તોડી પાડ્યું હતું, એમ પોલીસે બુધવારે જણાવ્યું હતું.

ભદ્રકના એસપી મનોજ કુમાર રાઉતે જણાવ્યું હતું કે જગતસિંહપુર જિલ્લામાંથી એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

મુખ્ય પ્રધાન મોહન ચરણ માઝીએ પીડિતાના નજીકના સંબંધીને ૧૦ લાખ રૂપિયાની નાણાકીય સહાયની જાહેરાત કરી છે, અને અધિકારીઓને યોગ્ય તપાસ અને કાયદા અનુસાર આરોપીઓને ‘શક્ય તેટલી કડક સજા’ સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે.

ઘટનાના વિરોધમાં વિરોધ પક્ષો બીજેડી અને કોંગ્રેસે ગુરુવારે સવારે ૬ વાગ્યાથી ચાંદબાલી બ્લોક બંધનું અલગથી એલાન આપ્યું હતું.

પીડિતા મંગળવારે સવારે શાળાએ ગઈ હતી અને બપોરે જ્યારે તે પરત ન આવી ત્યારે તેના પરિવારે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ગુમ થયાનો કેસ દાખલ થયાના કલાકો પછી, સ્થાનિક લોકોને સાંજે બાલીગાંવમાં ઝાડી પાસે તેનો મૃતદેહ લોહીથી લથપથ મળી આવ્યો હતો.

ઘટનાના સમાચાર ફેલાતાં જ, મંગળવારે રાત્રે સ્થાનિકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. બુધવારે સવારે આંદોલન વધુ તીવ્ર બન્યું હતું. ચાંદબાલીમાં ઓછામાં ઓછા ત્રણ સ્થળોએ વિરોધ પ્રદર્શનકારોએ રસ્તાઓ બ્લોક કરી દીધા હતા. તેમણે સ્થાનિક પોલીસ સ્ટેશનનો ઘેરાવ પણ કર્યો હતો.

આરોપીની ઓળખ થતાં, ગુસ્સે ભરાયેલા સ્થાનિકોએ રામપલ્લી ગામમાં તેના ઘર પર હુમલો કર્યો હતો અને તેને તોડી પાડ્યું હતું.

એસપીએ ઉમેર્યું હતું કે પોલીસે ઘટનાના ૨૪ કલાકની અંદર મુખ્ય આરોપીની ધરપકડ કરી, તેઓ આ કેસ પર વ્યક્તિગત રીતે નજર રાખી રહ્યા છે.

આ વિસ્તારમાં ભારે સુરક્ષા દળો તહેનાત કરવામાં આવ્યા છે, એસપીએ લોકોને કાયદો હાથમાં ન લેવાની અપીલ કરી છે.

નાયબ મુખ્ય પ્રધાન પ્રવતી પરિદા, જે મહિલા અને બાળ વિકાસ વિભાગના પ્રભારી પણ છે, તેમણે કહ્યું કે કડક કાર્યવાહી કરવામાં આવશે. ચાંદબાલી કેસમાં સંડોવાયેલા આરોપીઓની ઝડપથી ધરપકડ કરવામાં આવી હતી. સરકાર આવા જઘન્ય ગુનાઓને રોકવા માટે કામ કરી રહી છે. સામાજિક જાગૃતિ પણ લાવવી જોઈએ કાયદા પ્રધાન પ્રીતિવિરાજ હરિચંદને કહ્યું કે પોલીસને મહિલાઓ વિરુદ્ધના ગુનાઓ અંગે કડક કાર્યવાહી કરવા માટે મુક્તિ આપવામાં આવી છે.

પૂર્વીય રેન્જના ડીઆઈજી પિનાક મિશ્રાએ જણાવ્યું હતું કે ડોક્ટરોની એક ટીમ પોસ્ટમોર્ટમ તપાસ કરી રહી છે અને એક વૈજ્ઞાનિક ટીમ પુરાવા એકત્રિત કરી રહી છે.

# ઉત્તર પ્રદેશની મઝારમાં તોડફોડઃ બજરંગ દળના નેતાની અટકાયત કરાઈ

ફતેહપુર (ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના ફતેહપુરમાં એક જૂની મઝારમાં તોડફોડ કરવાના આરોપમાં બજરંગ દળના એક નેતાની અટકાયત કરવામાં આવી હતી. છે, પોલીસે બુધવારે આ જાણકારી આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, નરેન્દ્ર હિન્દુના નેતૃત્વમાં બજરંગ દળના કાર્યકરોનું એક જૂથ મંગળવારે સાંજે હુસૈનાગંજ પોલીસ સ્ટેશન વિસ્તારના મવાઈ ગામમાં મઝાર પર કથિત રીતે એકઠા થઈને હથોડા અને લાકડીઓનો ઉપયોગ કરીને માળખાને નુકસાન પહોંચાડ્યું હતું. આ મઝાર ઘણા દાયકાઓ જૂનું હોવાનું માનવામાં આવે છે.

આ ઘટનાનો એક કથિત વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો, તેમાં કેટલાક લોકો કથિત રીતે મઝારમાં તોડફોડ કરતા ચેતવણીઓ આપી રહ્યા છે અને બાંગ્લાદેશનો ઉલ્લેખ કરતા જોવા મળ્યા હતા. વીડિયોમાં નરેન્દ્ર હિન્દુને એમ કહેતા સાંભળવામાં આવી રહ્યો છે કે દેશમાં રહેતા લોકોએ ભારતીય બંધારણ, રાષ્ટ્રગીત અને વંદે માતરમ પ્રત્યે વફાદારી દર્શાવવી જોઈએ અને તેના મતે ‘જેહાદી માનસિકતા’ વિરુદ્ધ આ પ્રકારની કાર્યવાહી ચાલુ રહેશે. પોલીસે જણાવ્યું હતું કે આ વીડિયો બાદમાં એ સોશ્યલ મીડિયા એકાઉન્ટમાંથી ડિલીટ કરવામાં આવ્યો હતો જેમાંથી તે અપલોડ કરવામાં આવ્યો હતો. આ વીડિયો વાયરલ થયા બાદ ગામમાં તણાવ ફાટી નીકળ્યો હતો, મુસ્લિમ સમુદાયના સભ્યોએ આ ઘટના પર ભારે રોષ વ્યક્ત કર્યો હતો.

હુસૈનાગંજના સ્ટેશન ઇન્ચાર્જ આલોક કુમાર પાંડેએ પત્રકારોને જણાવ્યું હતું કે ઘટનાની માહિતી મળતાં જ વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવામાં આવ્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે બજરંગ દળના ભિટૌરા બ્લોક કન્વીનર નરેન્દ્ર હિન્દુને પૂછપરછ માટે કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. એડિશનલ પોલીસ અધિક્ષક મહેન્દ્ર પાલ સિંહ અને પાંડેએ વહીવટી અધિકારીઓ સાથે મવાઈ ગામની મુલાકાત લીધી હતી અને જ્યાં મઝારને નુકસાન થયું હતું તે સ્થળનું નિરીક્ષણ કર્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મનરેગા યોજનાના નામ બદલવાના વિરુદ્ધમાં ભાવનગરમાં કૉંગ્રેસના ધરણાંઃ પોલીસે કોંગ્રેસના આગેવાન કાર્યકરોની અટકાયત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ તાજેતરમાં સત્તાધારી ભાજપની કેન્દ્ર સરકાર દ્વારા મનરેગા યોજનાનું નામ બદલાવી 'જી રામજી' યોજના કરીને આ યોજનામાંથી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું નામ દૂર કરવામાં આવ્યું છે. આ મામલે સમગ્ર દેશમાં તેનાં ઘેરા પડઘા પડ્યા છે. કોંગ્રેસ પક્ષ દ્વારા તેનો દેશભરમાં વિરોધ કરવામાં આવી રહ્યો છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ અમિતભાઈ ચાવડાની સૂચના અનુસાર આજ રોજ તા. ૨૪-૧૨-૨૦૨૫, બુધવાર સાંજે ૫ કલાકે ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા શહેરનાં ક્રેસન્ટ સર્કલ બગીચામાં આવેલ પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રતિમા પાસે વિરોધ વ્યકત કરવા ધરણા યોજાયા હતા. ત્યાર બાદ સૂત્રોચ્ચાર થતાં પોલીસે આગેવાન કાર્યકર ભાઈ-બહેનોની અટકાયત કરી હતી.

પોલીસ અને કોંગ્રેસનાં કાર્યકરો વચ્ચે ઝપાઝપી પણ થવા પામી હતી. કોંગ્રેસના કાર્યકરોની અટકાયત કરી. સ્થાનિક ઘોઘા રોડ પોલીસ મથકમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યાર બાદ મોડી સાંજે તમામને છોડી મુકવામાં આવ્યા હતા.

મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના (મનરેગા)માંથી મહાત્મા ગાંધીનું નામ દૂર કરવાની કેન્દ્ર સરકારની કાર્યવાહી સામે કોંગ્રેસે ભારે વિરોધ વ્યકત કર્યો હતો. અને ભાવનગર ખાતે દેખાવો યોજાયા હતા. કોંગ્રેસનાં આગેવાને જણાવ્યુ હતું કે, ભાજપ મનરેગા કાયદાને નબળો પાડવાનો પ્રયાસ કરી રહ્યો છે. તે કોંગ્રેસ પક્ષ કોઈ પણ સંજોગોમાં સાંખી લેશે નહિં. દેશભરમાં તેનો વિરોધ નોંધાશે. આજે યોજેલા કાર્યક્રમમાં ભાવનગર શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મનોહરસિંહ (લાલભા ગોહિલ), ભાવનગર મહાનગરપાલિકા વિરોધ પક્ષના નેતા જીતુભાઈ સોલંકી, કોંગ્રેસનાં પૂર્વ પ્રમુખ પ્રકાશ વાઘાણી, પૂર્વ પ્રમુખ રાજેશ જોષી, મહિલા કોંગ્રેસનાં પ્રમુખ દર્શનાબેન જોષી સહિતનાં કોંગ્રેસનાં પદાધિકારીઓ. હોદ્દેદારો, કોંગ્રેસનાં જુદા-જુદા સેલનાં ચેરમેનશ્રીઓ, નગરસેવકો, તમામ વોર્ડનાં પ્રમુખશ્રીઓ, આગેવાન કાર્યકર ભાઈઓ-બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા અને ભારે વિરોધ વ્યકત કર્યો હતો. ■



સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એલએલબી સેમેસ્ટર-૧નું પરિણામ એક વર્ષથી જાહેર થયું નથી, આ મામલે એનએસયુઆઈએ કુલપતિ ઉત્પલ જોષી સમક્ષ વિરોધ નોંધાવ્યો હતો... (તસ્વીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# કચ્છના ભચાઉ નજીક ૩.૦ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો

## આંચકાને પગલે મકાનોના બારી-બારણા ખખડી ઉઠતાં લોકો ભયભીત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ધરતીકંપ માટે અતિ સંવેદનશીલ વિસ્તારમાં સમાવાયેલા કચ્છ જિલ્લાની અઢી દાયકાથી અશાંત બનેલી ધરા આજે બુધવારે ફરી ધણધણી ઉઠી હતી અને ભચાઉથી ૧૦ કિલોમીટર દૂર, કરમરીયા ગામ પાસે કેન્દ્રબિંદુ ધરાવતો, જમીનમાંથી માત્ર ૨૩.૫ કિલોમીટરની ઉંડાઇએથી ઉદ્દભવેલો ૩.ની તીવ્રતાનો ધરતીકંપનો વધુ એક આંચકો આવતાં ગભરાટ ફેલાયો હતો.

નાતાલ પર્વની પૂર્વ સંધ્યાએ સવારે ૧૦ અને ૪૯ કલાકે કચ્છની ધરતીને ધ્રુજાવનાર આ ભૂકંપના આંચકાની કેન્દ્રબિંદુ આસપાસના ગામોમાં વિશેષ અસર જોવા મળી હતી જેમાં કાચા-પાકાં મકાનોના બારી તથા બારણા ખખડવાની સાથે ભયના માર્યા લોકોએ પણ ઘરની બહાર દોટ મૂકી દીધી હતી. આ આંચકાની અનુભૂતિ છેક ભુજ, અંજાર, ગાંધીધામ સહિતના શહેરોમાં વિશેષ કરીને ખખડેલી બહુમાળી ઇમારતોમાં રહેતા પરિવારોએ પણ કરી હતી.

નોંધનીય છે કે, કચ્છને તબાહ કરનારા ભયાનક ધરતીકંપને અઢી દાયકા જેટલો સમય વીતી ચુક્યો છે ત્યારે સતત વધી રહેલી ભૂ-હલચલથી કચ્છીઓના માનસપટ પર અંકિત થઇ ગયેલી એ ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના વિનાશક ભૂકંપની વરવી યાદો ફરી જીવંત થઇ ઉઠી છે. ■

# ભાવનગરમાં જમાઈને જમવા બોલાવી સાસરિયાએ માર માર્યોઃ પુત્રીનું અપહરણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં ઇસ્કોન મેગાસિટીમાં રહેતા પરિવારે પ્રેમલગ્ન કરનાર દીકરી જમાઈ અને પરિવારને ઘરે જમવા બોલાવી જમાઈ સહિત તેના માતા-પિતાને માર મારી પોતાની દીકરીનું અપહરણ કરી લઈ જઈ ધમકી આપ્યાની સસરા સહિત સાત શખ્સો સામે ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે.

ભાવનગરમાં ચકચાર મચાવનાર આ બનાવ ની વિગત એવી છે કે ગઢડા તાલુકાના રસનાળ ગામે રહેતા અને પ્રાઇવેટ કંપનીમાં નોકરી કરતા યશ હિતેશભાઈ ઉપાધ્યાય ઉં. વ. ૨૪ નામના યુવાનએ ભાવનગરના નીલમબાગ પોલીસ સ્ટેશનમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે ભાવનગર શહેરના ઇસ્કોન મેગાસિટીમાં રહેતા તેના સસરા પર્વતભાઈ ખોડાભાઈ મોરડીયા તથા તેના ઘરના સભ્યોએ તેમની દીકરી સાથે કરેલ પ્રેમ લગ્નની દાઝ રાખી તેમને તેમના ઘરે જમવા બોલાવી તેના ઘરે જ મને તથા મારા માતા-પિતાને માર મારી પોતાની દીકરી( મારી પત્ની) પ્રિયાનું બળજબરીથી લઈ જઈ અપહરણ કરેલ આ અંગે નીલમબાગ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ

યશ ઉપાધ્યાયએ ફરિયાદમાં જણાવ્યું હતું કે ઈસ્કોન મેગાસિટીમાં રહેતા પર્વતભાઈ ખોડાભાઈ મોરડિયાની દીકરી પ્રિયા સાથે ઇન્સ્ટાગ્રામ સોશિયલ મીડિયા મારફત પરિચય થયા બાદ પ્રેમ થયેલ અને એક મહિના પહેલા તેઓએ લગ્ન કર્યા હતા અને સુરત ગયાં હતાં અને ત્યાં હોટલમાં રહેતાં હતાં જે પર્વતભાઈ તથા તેના પરના સભ્યોને પસંદ ના હોય તેઓ તથા તેમના મળતીયાઓ દ્વારા ફોન કરીને તેમને બોલાવતાં હતાં.

દરમિયાન ૧૫ દિવસ પહેલા તેના સસરા પર્વતભાઈ તેમજ તેના સબંધીઓ રસનાળ તેમના ઘરે ગયા હતા અને તેના પિતા સાથે સમાધાનની વાત કરીને ઘરે જમ્યા પણ હતા. બાદ તેમના ઘરે જમવા આવવાનું આમંત્રણ આપેલ ત્યારબાદ તેના પિતાએ પણ તેને કહેતા ગઈકાલે તા. ૨૩ના રોજ યસ, તેના પત્ની પ્રિયા તથા તેના માતા-પિતા સાથે તેના સાસરે પર્વતભાઈના ઇસ્કોન મેગાસિટીના ઘરે જમવા ગયા હતા. તેના ઘરે જતા થોડી વારમાં બારણા બંધ કરી પર્વતભાઈ ઉપરાંત હિતેશ મોરડીયા તેમજ મારી પત્નીના મામા, ફુવા તથા ત્રણ અજાણ્યા શખ્સોએ મને ઢીકાપાટુનો માર મારેલ અને મારા માતા-પિતાને પાઈપ વડે મારમારી ઇજા કરેલ અને કહેલ કે આજ તમારો જમણવાર હતો. દરમ્યાન મારી પત્ની પ્રિયાને બળજબરીથી અપહરણ કરી લઇ ગયા હતા. પોલીસે બનાવ અંગે વધુ તપાસ ધરી છે. ■

# જિલ્લા ટાસ્ક ફોર્સ અને એલસીબીનો ખનિજ ચોરી પર સપાટોઃ ભુજ-ભચાઉ ધોરીમાર્ગ પર સિલિકા સેન્ડ અને ચાઈના ક્લેનું ગેરકાયેદે વહન કરતી ચાર ટ્રક પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ નાનું-મોટું રણ, દરિયો અને ખડકોની અનેરી ત્રિવિધ સૌંદર્યતા ધરાવતા ભાતીગળ પ્રદેશ કચ્છના પેટાળમાં ધરબાયેલી વિવિધ ખનિજ સંપદાઓની મોટા પ્રમાણમાં ખનિજ માફિયાઓ દ્વારા કરવામાં આવી રહેલી તસ્કરી પર રોક લગાવવા માટે જિલ્લા સમાહર્તાના સીધા માર્ગદર્શન હેઠળ રચવામાં આવેલી ટાસ્ક ફોર્સ દ્વારા ભુજની સ્થાનિક ગુન્હાશોધક શાખા સાથે મળીને ભુજ-ભચાઉ ધોરીમાર્ગ પરથી ખનિજનું ગેરકાયદેસર વહન કરતી કુલ ચાર ટ્રકોને ઝડપી પાડવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન ટ્રકમાંથી રોયલ્ટી પાસ વગરની આશરે ૪૦ મેટ્રિક ટન સિલિકા સેન્ડ મળી આવી હતી. તપાસ દરમિયાન આ ટ્રકોના ડ્રાઈવર પપ્પુ રમેશ કોલી અને જુસબ ગગડા હોવાનું તેમજ ગાડીના માલિક મામદ હુશેન રમજાન જત અને ત્રીકમ ગોપાલ કેરાસીયા હોવાનું ખુલ્યું હતું. તંત્ર દ્વારા અંદાજે ૨૪ લાખની કિંમતના મુદ્દામાલ સાથે સિલિકા સેન્ડ ભરેલી આ બંને ટ્રકો કબજે કરી પધ્ધર પોલીસ મથક ખાતે સોંપવામાં આવી છે અને આગળની કાયદેસરની કાર્યવાહી તેજ કરવામાં આવી છે. આ ઉપરાંત આ ધોરીમાર્ગ પર નાડાપા ગામના પાટિયાં પાસેથી પસાર થતી, ચાઈના ક્લે ભરેલી અન્ય બે ટ્રકો પણ ટાસ્ક ફોર્સ અને એલસીબીએ સંયુક્ત ઓપરેશન પાર પાડીને ઝડપી લીધી હોવાનું જાણવા મળી રહ્યું છે. અંદાજે ૬ મેટ્રિક ટન જેટલો ચાઈના ક્લેનો ઓવરલોડ જથ્થો ભરેલો હતો. આ ટ્રકોના ડ્રાઈવર ભરત કાગી અને પાંચા ભીમા કોલીની પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે આ વાહનો સચીન વાણીયા અને મોહન ગાગલની માલિકીના છે. ઓવરલોડ માલ ભરેલી આ બંને ટ્રકો પાસેથી સ્થળ પર જ દંડની વસૂલાત કરવામાં આવી હતી. કલેકટર દ્વારા બનાવાયેલી ટાસ્ક ફોર્સની આ કાર્યવાહીથી ખનિજોનું ગેરકાયદેસર ખનન અને વહન કરતા ખનિજ માફિયાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ■

# ઉનાના ભાજપના ધારાસભ્ય પર દારૂના ધંધાના આક્ષેપ કરનારા આરોપીનું જેલમાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દારૂના ધંધાનો ઉનાના વિધાનસભ્ય પર આક્ષેપ કરનારા જેલમાં બંધ વ્યક્તિનું મોત થયું હતું. જોકે તેનું મોત હાર્ટ એટેકથી થયુ હોવાનું જાણવા મળ્યું હતું. ગુજસીટોકના ગુનામાં બુટલેટર ભગા ઉકા જાદવ જેલી સજા કાપી રહ્યો હતો. આરોપીએ થોડા દિવસો પહેલા એક પત્ર લખી રાજકીય માહોલ ગરમ કરી દીધો હતો. તેણે ઉનાના ભાજપના ધારાસભ્ય કાળુ ચનાભાઈ રાઠોડને પત્ર લખ્યો હતો અને તેમાં દારૂના ધંધામાં વિધાનસભ્ય પણ બરાબરના ભાગીદાર હોવાનો આક્ષેપ કર્યો હતો. પત્રમાં એવો દાવો પણ કરાયો હતો કે ધારાસભ્યના કહેવાથી જ તેણે દારૂનો ધંધો કર્યો હતો. ત્યારબાદ જેલતંત્રએ તપાસ પણ કરી હતી. તેણે ધંધામાં ધારાસભ્ય સાથે અન્ય લોકો પણ સંડોવાયેલા હોવાનો દાવો કર્યો હતો અને જેલમાંથી છૂટીને તે બાકીનો નાણાનો હિસાબ કરી દેશે તેમ પણ કહ્યું હતું.

ભગા ઉકા જાદવ મૂળ ગીર ગઢડાનો રહેવાસી હતો. તે ઘણા ગંભીર ગુનામાં આરોપી હતો. તેના મોતથી જેલ પ્રસાશન સતર્ક થઈ ગયું હતું. જેલમાં તેનું મોત થયું હોવાથી કાયદાકીય રીતે તેનું પોસ્ટમોર્ટમ થશે. હાલમાં જેલ પ્રશાસન હાર્ટ એટેકથી મોત થયું હોવાનું જણાવી રહ્યું છે. ■

# જામનગરમાં ભાજપના અગ્રણીના બે દીકરા પર સરાજાહેર હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગરમાં ભાજપના નેતા સ્વર્ગીય મહિપતસિંહ પરમારના બે પુત્રો અનિરુદ્ધસિંહ અને અમરદીપસિંહ પરમાર પર જાહેરમાં હુમલો થતાં કાયદો અને વ્યવસ્થાનો સવાલ ઊભો થયો હતો. આ બન્ને ભાઈ શાકમાર્કેટમાં ગયા હતા ત્યારે ત્યાં તેમના પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરવામાં આવ્યો હતો. જેનો વીડિયો પણ વાયરલ થયો હતો.

મળતી માહિતી અનુસાર વાહન ખસેડવા મામલે થયેલી નાનીઅમથી બોલાચાલીમાં તીક્ષ્ણ હથિયાર વડે બન્ને ભાઈઓને ઘાયલ કરવામા આવ્યો હતો. હાલમાં બન્નેને જીજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતા પોલીસ જીજી હોસ્પિટલ દોડી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ■

# 'મચ્છી કેન્દ્ર'માં રોકાણ કરવાના બહાને મુંદરા નગરપાલિકાના વિપક્ષી યુવા નેતા સાથે અમદાવાદી શખ્સે ૩૧ લાખ રૂપિયાની ઠગાઈ આચરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ મચ્છી ઉછેરના વ્યવસાયમાં બમણી કમાણીના બહાને કચ્છની મુંદરા નગરપાલિકાના વિપક્ષી યુવા નેતા સાથે અમદાવાદી દ્વારા રૂ. ૩૧ લાખ રૂપિયાની ઠગાઇ આચર્યાની ફરિયાદ નોંધાતાં ચકચાર પ્રસરી જવા પામી છે.

મુંદરા પોલીસ મથકમાં ઇમરાન સલીમ જતે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર, ગત વર્ષ ૨૦૧૯ના નવેમ્બર માસમાં ઉમરાહ અર્થે સાઉદી અરેબિયાના પવિત્ર સ્થળ મક્કા-મદીના ગયા હતા. અહીં અલ્તાફ હબીબ સીદાણી (રહે. કાયલા જિ. અમદાવાદ) સાથે મિત્રતા થઇ હતી. અલ્તાફે મચ્છી ઉછેરના વ્યવસાયમાં સારું એવું વળતર મળવા અંગે લલચામણી વાતોમાં ફરિયાદીને ફસાવ્યા હતા.

ભાગીદારીમાં માછલી ઉછેર કેન્દ્રની એક પેઢી (કંપની) બનાવા સહિતના વાયદા આપ્યા હતા. આ માછલીના ધંધાર્થે ઇમરાન પાસેથી આરોપી અલ્તાફે જાન્યુ. ૨૦૨૩થી જૂન-૨૦૨૩ દરમ્યાન ટુકડે-ટુકડે બેંક ટ્રાન્સફર મારફતે કુલ મળીને ૩૧ લાખ મેળવી લીધા બાદ લાંબા સમય સુધી અલ્તાફે ફરિયાદી ઈમરાન સાથે વાતચીત બંધ કરી દીધી હતી.

ગત વર્ષ ૨૦૨૪ના અંતિમ દિવસોમાં પોતાના રૂપિયા પરત માગતાં આરોપીએ ત્રણ મહિનાનો સમય માગ્યો હતો.

આ બાદ રૂપિયા માટે ફોન કરતાં આરોપીએ ઉશ્કેરાઇને કહ્યું કે, 'મારી પાસે કોઈ રૂપિયા નથી, હવે ક્યારે પણ પરત માગતો નહીં, તારાથી થાય તે કરી લેજે અને આ બાજુ આવ્યો તો જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી ફોન કાપી, ફરિયાદીના મોબાઈલ નંબરને બ્લેક-લિસ્ટ કરી દીધા હતા.

આરોપી અલ્તાફે આવી રીતે મચ્છી કેન્દ્રના નામે અન્યો સાથે પણ વિશ્વાસઘાત-છેતરપિંડી કર્યાનું જાણવા મળ્યું હોવાનું ઇમરાને પોલીસ સમક્ષ જણાવ્યું હતું. મુંદરા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી, આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# કચ્છમાં અકાળ મોતના જારી રહેલા સિલસિલામાં ત્રણ લોકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના માંડવી તાલુકાના દેવપર-ગઢના, ત્રણેક દિવસ અગાઉ લાપતા બનેલા ૬૦ વર્ષીય ખીમઈબેન રામજી રોશિયાનો મંજલ ગામના તળાવમાંથી મૃતદેહ મળી આવતાં પંથકમાં ચકચાર પ્રસરી હતી. બીજી તરફ, મુંદરા તાલુકાના બરાયા ગામના નિર્જન સીમાડેથી ૩૦થી ૪૦ વર્ષના અપંગ યુવકની કોહવાયેલી લાશ મળી આવી હતી, આ ઉપરાંત ગાંધીધામના કાર્ગો પી.એસ.એલ. વિસ્તારમાં પગપાળા જઈ રહેલા ૫૭ વર્ષીય મેવાભાઇ ધનજી દેવીપૂજકનું ટ્રેઇલરે હડફેટે મોત થયું હતું.

પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, દેવપર ગઢના નાનજી રામજી રોશિયાના માતા ખીમઈબેન ગત તા. ૨૧-૧૨થી ૨૩-૧૨ દરમ્યાન મંજલ ગામેથી લાપતા થઇ ગયાં હતાં. બે દિવસ સુધી તેમની શોધખોળ કરતાં ગામ મધ્યે આવેલા લધારા તળાવના કિનારે તેમના ચપ્પલ અને લાકડી જોવા મળ્યાં હતા.

તંત્રને જાણકારી આપતાં મંજલ દોડી આવેલી ભુજની ફાયર બ્રિગેડના તરવૈયાઓને કલાકોની શોધખોળના અંતે આ તળાવમાંથી વૃદ્ધાનો મૃતદેહ મળી આવ્યો હતો. હાલ ગઢશીશા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી, ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

બીજી તરફ, ગઈકાલે ઢળતી બપોરના ૪.૩૦ વાગ્યાના અરસામાં બરાયા ગામની સીમમાંથી આશરે ૩૦થી ૪૦ વર્ષના અજાણ્યા યુવકનો ડી-કમ્પોઝ થઇ ગયેલો મૃતદેહ એક માલધારીને મળી આવ્યો હતો. પ્રાગપર પોલીસે મૃતકની ઓળખ અને તેના મૃત્યુનું કારણ જાણવા ફોરેન્સિક પોસ્ટમોર્ટમ અર્થે મૃતદેહને જામનગર ખાતે મોકલી આપ્યો હતો.

દરમ્યાન, ગાંધીધામ શહેરના જી.આઇ.ડી.સી. વિસ્તારમાં ઝૂંપડપટ્ટીમાં રહેનાર મેવાભાઇ કંડલા સ્પેશિયલ ઇકોનોમિક ઝોન નજીક ફળ-શાકભાજીની લારી રાખતા હતા. ગત ૨૦-૧૨ના રોજ વેપાર કરીને રાત્રે તેમની લારી લઇને કાર્ગો-પીએસએલ પાસે સર્વિસ રોડ પર જઇ રહ્યા હતા, તેવામાં ધસમસતા આવતા ટ્રેઇલરએ તેમને લારી સમેત હડફેટમાં લેતાં ગંભીર ઇજાઓને પગલે તેમનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મૃત્યુ થયું હતું. યમદૂત બનેલા ટ્રેઇલર ચાલક વિરુદ્ધ દેવા ધનજી દેવીપૂજકે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ■

# બોર્ડની પરીક્ષા પહેલા જ ભેંસાણની વિદ્યાર્થિનીએ કરી આત્મહત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢના ભેંસાણ તાલુકાના મેંદપરા ગામમાં એક કરૂણાંતિકા સર્જાઈ હતી.અહીં ૧૨મા ધોરણની બોર્ડની તૈયારી કરી રહેલી એક વિદ્યાર્થિનીએ શિક્ષણના દબાણને કારણે આત્મહત્યા કરી લીધી હતી. મૃતક અભ્યાસમાં નબળી હોવાથી સતત તાણ અનુભવતી હોવાનું પરિવારના સભ્યએ જણાવાવ્યું હતું.

દીકરીએ ભરેલા પગલાથી પરિવાર સહિત આખું ગામ શોકમાં છે. મૃતકનાં પિતાએ પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસ તપાસ માટે આવી હતી. મૃતકના પિતાએ આપેલી માહિતી અનુસાર વિદ્યાર્થિની બારમાં ધોરણમાં અભ્યાસ કરતી હતી અને માર્ચ મહિનામા આવનારી પરીક્ષાની તૈયારી કરતી હતી, પરંતુ પોતે અભ્યાસમાં નબળી હોવાથી નાપાસ થવાનો ડર તેને સતાવતો હતો અને તે તાણમાં રહેતી હતી. ભેંસાણ પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે. ■

# ગીર-સોમનાથમાં રખડતા શ્વાનનો ત્રાસ, ૧૨૦૦ જેટલા નાગરિક બન્યા શિકાર

અમદાવાદઃ ગુજરાતના મોટા શહેરો જ નહીં નાના ગામ અને તાલુકાઓમા પણ રખડતાં શ્વાનનો ત્રાસ જોવા મળે છે. વેરાવળ અને સોમનાથમાં માત્ર ચાર મહિનામાં ૧૨૦૦ કરતા વધારે નાગરિક શ્વાનના શિકાર બન્યા છે. વેરાવળની સિવિલ હોસ્પિટલમાં શ્વાન કરડવાના કેસ રોજ વધતા જાય છે. વેરાવળ સરકારી હોસ્પિટલનાં સૂત્રોનું માનીએ તો છેલ્લા બે માસમાં ડોગ બાઈટના કેસમાં વધારો થયો છે. આંકડાની વાત કરીએ તો સપ્ટેમ્બર મહિનામાં અહીં ૨૦૪ કેસ, ઓક્ટોબર માસમાં ૨૭૮ કેસ, નવેમ્બર માસમાં ૪૨૧ કેસ અને ડિસેમ્બર માસમાં અત્યાર સુધીમાં ૩૦૪ કેસ નોંધાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સ્થાનિક તંત્રના જણાવ્યા અનુસાર કાયદાનુસાર કૂતરાને પકડી, તેનું ખસીકરણ કરી અને ફરી તેને એ જ સ્થળે મુક્ત કરવાના હોય છે. જોકે શ્વાનની સંખ્યા વધી ગઈ હોવાનું સ્થાનિકો જણાવી રહ્યા છે. થોડા સમય પહેલા સુપ્રીમ કોર્ટે પણ રખડતા શ્વાન મામલે તમામ રાજ્યોને સૂચનાઓ આપી હતી. ■

# સુરેન્દ્રનગરમાં ચાર પોલીસ સ્ટેશન દ્વારા પકડાયેલા એક કરોડના દારૂની બોટલનો નાશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં લગભગ રોજ દારૂનો જથ્થો પકડાતો રહે છે. સુરેન્દ્રનગરમાં ચાર પોલીસ સ્ટેશન પર અગાઉના મહિનાઓમાં મળી આવેલા લગભગ રૂ. એક કરોડ કરતા વધારે કિંમતનો દારૂનો નાશ કર્યો હતો.

જિલ્લાના પાટડી અને દસાડા તાલુકાના ચાર પોલીસ સ્ટેશનો દ્વારા રૂ. ૧.૧૨ કરોડથી વધુના વિદેશી દારૂના જથ્થાનો જાહેરમાં નાશ કરવામાં આવ્યો હતો.

પાટડી, બજાણા, ઝીંઝુવાડા અને દસાડા આ ચાર પોલીસ સ્ટેશનની હદમાં ગેરકાયદે દારૂનો મોટો જથ્થો ઝડપાયો હતો. લગભગ ૨૪,૦૦૦ જેટલી દારૂની બોટલ પર રોલર ફેરલી દેવાતા એક કરોડની કિંમતનો દારૂ નષ્ટ થયો હતો.

એક અધિકારીએ જણાવ્યું હતું કે જિલ્લાની પોલીસ સતર્ક રહે છે અને નશાબંધીના કાયદાનો અમલ કરે છે. ■

# રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ નિમિત્તે પાલિતાણામાં મહારેલી ચેક વિતરણ સહિતના કાર્યક્રમો યોજાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ૨૪મી ડિસેમ્બર રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિવસ તરીકે પાલિતાણાની ઉચ્ચતર માધ્યમિક સ્કૂલમાં પ્રાંત અધિકારીને હાજરીમાં સ્કૂલના ટ્રસ્ટીઓ,પ્રિન્સિપાલ અને શિક્ષણગણો હાજર રહેલા હતા. વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષા કાયદો ઓનલાઈન ખરીદી અને ઓનલાઇન કેસ દાખલ કરવા એ અંગેની પૂરેપૂરી માહિતી અધિકારીએ અંકિતભાઈ પટેલે તેમજ ટ્રસ્ટીએ તેમજ ગ્રાહક સુરક્ષા કમિશનના ઇન્ચાર્જ પ્રમુખ ડો. પ્રતીક્ષાબેન ત્રિવેદીએ ખૂબ સરસ અને વિશાળ માહિતી આપેલ હતી. વિદ્યાર્થીઓ પણ ગ્રાહક સુરક્ષાના અધિકારો ફરજો વિશે ખૂબ જ સરસ બોલ્યા હતા. આ સ્કૂલ દ્વારા મહારેલીનું આયોજન કરવામાં આવેલ હતું અને પાલિતાણા શહેરમાં ફરીને વિદ્યાર્થીઓ દ્વારા ગ્રાહક સુરક્ષા જાગૃતિનો સંદેશ ખૂબ સરસ રીતે પત્રિકાઓ દ્વારા અને નારાઓ લગાવીને સૂત્રો બોલીને રેલી પૂરી કરી હતી. આ મહારેલી ને ડો. પ્રતીક્ષાબેન ત્રિવેદી દ્વારા ઝંડી ફરકાવીને આ મહારેલીનું પ્રસ્થાન કરાયું હતું. ■